બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા
ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ
અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**ઓકટોબર-૨૦૨૨**

સફરુલ મુઝફ્ફર-રબિઉલ્ અવ્વલ
હિજરી સન : ૧૪૪૪

વર્ષ : ૧૯, અંક : ૧૦, સળંગ અંક : ૨૨૫

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા


**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયુઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)

## ● અનુક્રમણિકા ●

| | | |
|---|---|---|
| 01 | શાને ઈમામુલ અંબિયા ﷺ બ ઝબાને અંબિયા عَلَيْهِمُ السَّلَام | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 12 |
| 04 | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | 15 |
| 05 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 19 |
| 06 | ક઼ાનૂને શરીઅત (ભાગ : ૨) | 23 |
| 07 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 25 |
| 08 | ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ | 27 |
| 09 | ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ | 33 |
| 10 | મખ્દૂમ સિમ્નાની رحمۃ اللہ علیہના ક઼લામ થકી રાફઝીની રદ | 36 |
| 11 | અલ્લાહ પાક માટે જૂઠ બોલવુ અશકય : કિતાબ તથા હદીષની રોશનીમાં | 40 |
| 12 | "ઈદે ગ઼દીર" હક઼ીક઼તની રોશનીમાં | 47 |
| 13 | બરકાતે ખ્વાજાની ટપાલ | 49 |

## બહારે જાં ફિઝા તુમ હો...

ગઝલ : હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝા ખાં رحمۃ اللہ علیہ

બહારે જાં ફિઝા તુમ હો નસીમે ગુલસિતાં તુમ હો
બહારે બાગે રિઝવાં તુમ સે હે ઝૈબે જિનાં તુમ હો

હ઼બીબે રબ્બે રહ઼માં તુમ, મકીને લામકાં તુમ હો
સરે હર દો જહાં તુમ હો સરે શહનશહાં તુમ હો

હક઼ીક઼તસે તુમ્હારી જુઝ ખુદા ઔર કૌન વાકિફ હૈ
કહે તો કયા કહે કોઈ ચુનીં તુમ હો ચુનાં તુમ હો

ખુદાકી સલ્તનતકા દો જહાંમેં કૌન દુલ્હા હૈ
તુમ હી તુમ હો, તુમ હી તુમ હો, યહાં તુમ હો વહાં તુમ હો

ઝમીનો આસ્માં કી સબ બહારેં આપકા સદક઼ા
બહારે બે ખિઝાં તુમ હો, બહારે જાવિદાં તુમ હો

કુજા હમ ખાક ઉફતાદા, કુજા હમ અય શહે બાલા
અગર મિષ્લે ઝમીં હમ હૈં તો મિષ્લે આસ્માં તુમ હો

યહ કયા મૈંને કહા મિષ્લે સમા તુમ હો મઅ઼ાઝલ્લાહ !
મુનઝ્ઝા મિષ્લસે બરતર ઝ હર વહમો ગુમાં તુમ હો

મૈં ભૂલા આપકી રિફઅતસે નિસ્બત હી હમેં કયા હૈ !
વો કહને ભરકી નિસ્બત થી, કહાં હમ હૈં કહાં તુમ હો !

હમેં ઉમ્મીદ હૈ રોઝે ક઼યામત ઉન્કી રહમતસે
કે ફર્માએં ઈધર આઓ ન માયૂસ અઝ જિનાં તુમ હો

સિતમકારો ! ખતાકારો ! સિયહકારો ! જફા કારો !
હમારે દામને રહમતમેં આ જાઓ ! કહાં તુમ હો !

રિયાઝત કે યહી દિન હૈં બુઢાપેમેં કહાં હિમ્મત
જો કુછ કરના હો અબ કર લો અભી નૂરી જવાં તુમ હો

ફક઼ત નિસ્બતકા જૈસા હૂં હક઼ીક઼ી નૂરી હો જાઉં
મુઝે જો દેખે કહ ઉઠે મિયાં નૂરી મિયાં તુમ હો

# શાને ઈમામુલ અંબિયા ﷺ

## બ ઝબાને અંબિયા علیہم الصلوٰۃ والسلام

અલ્લાહકી સર તા બકદમ શાન હૈં યહ
ઈન્સા નહીં ઈન્સાં વો ઈન્સાન હૈં યહ
કુર્આન તો ઈમાન બતાતા હૈ ઈન્હેં
ઈમાન યહ કહતા હૈ મેરી જાન હૈં યહ
(આ'લા હઝરત رضی اللہ عنہ)

તંત્રી લેખ

દરેક ઈમાનવાળાનું એ વાત પર ઈમાન છે કે પોતે દુનિયાના પ્રથમ માનવી હઝરત આદમ علیہ السلام ની ઔલાદમાંથી છે. આદમ علیہ السلام રબ તઆલાના નબી હતા. તેમના બાદ દુનિયામાં અનેક નબીઓ રસૂલો દુનિયામાં માનવ જાતની હિદાયત માટે તશરીફ લાવતા રહ્યા. છેવટમાં આખરી નબી, સૌમાં શ્રેષ્ઠ શાનવાળા નબી દુનિયામાં ગુમરાહોની હિદાયત માટે, રબની મખ્લૂકને જાલિમોના જુલ્મથી મુક્તિ અપાવવા, મઝલૂમોનો સહારો બનીને, સ્ત્રીઓને તેણીઓના અધિકારો અપાવવા, યતીમો, બેવાઓ, ગુલામોની બેસહારા જિંદગીઓનો સહારો બનીને તેમના મુરઝાયેલા ચહેરાઓને ખીલવવા, જેહાલતમાં ડૂબેલી માનવ જાતને ઈલ્મની રોશનીથી માલામાલ કરવા, ખૂના મરકીમાં ખોવાયેલી કૌમને માનવ જાતનો રક્ષક બનાવવા, દુનિયામાં અમ્નો અમાન તથા ખુશીઓની બહાર ફેલાવવા....આપણા પ્યારા નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ૧૨ રબીઉલ અવ્વલના રોજ સુબ્હ સાદિકના સમયે દુનિયામાં તશરીફ લાવે છે. હઝરત આમિના رضی اللہ عنہا ની ગોદમાં નબુવ્વતનો નૂરાની સૂરજ દુનિયાને નૂરથી જગમગાવવા જલ્વાગર થાય છે. રસૂલે ખુદા ﷺ ની શાનમાં આપણી ગુનાહથી ખરડાયેલી ઝબાનની શું હૈષિયત કે તેમની પ્રશંસા ખૂબીઓ જે તેમને તેમના રબે અર્પણ કરી તેના વિશે કાંઈ વાતચીત કરે, આવો ! આજે આપણે અલ્લાહના ચહીતા નબીઓ રસૂલોની ઝબાની જ હબીબે ખુદા ﷺ ની શાનને સમજવા પ્રયત્ન કરીએ.

### ★ હઝરત આદમ علیہ السلام ની ઝબાની શાને મુસ્તફા ﷺ ની ગવાહી ★

હઝરત આદમ علیہ السلام એ દુનિયાથી પર્દો કરતાં પહેલાં પોતાના પુત્ર અલ્લાહના નબી હઝરતે શીશ علیہ السلام ને વસિય્યત ફર્માવી હતી કે જયારે તમારી ઉપર કોઈ પ્રકારની મુસીબત આવે તો જનાબ અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺ ના વસીલાથી દુઆ કરશો, ઈન્શાઅલ્લાહ ! બહુ જલ્દી તમને મુકિત પ્રાપ્ત થશે. આપે અરજ કરી, વાલિદ સાહબ ! જનાબ મુહમ્મદ મુસ્તફા ﷺ કોણ છે ? ફર્માવ્યું, મારી ઔલાદમાંથી થશે. ત્યાર બાદ આપની ખૂબીઓ ગણાવી અને આપની પેદાઈશની જગાની ખબર આપી. હઝરત શીશ علیہ السلام એ અરજ કરી કે આપને શી રીતે જાણ થઈ કે તેમનુ નામ મુસીબતો ટાળવામાં અકસીર છે ? આપે ફર્માવ્યું, મને તેનો અનુભવ થયો છે કે જયારે મેં ઘઉં ખાઈ લીધો અને મને જમીન પર ઉતારવામાં આવ્યો, તો મેં તેની માફી માટે અને તૌબા કબૂલ થવા માટે ૩૦૦ વર્ષ સુધી રૂદન કર્યુ, પરંતુ અલ્લાહ તબારક વ તઆલા તરફથી કોઈ જવાબ ન મળ્યો. અંતે મારા દિમાગમાં એ ખયાલ આવ્યો કે મેં આંખ ખોલવાની સાથે અર્શે આ'ઝમ પર રબના નામની સાથે એક બીજુ નામ પણ જોયુ હતું : لَا إِلٰهَ إِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُولُ اللّٰهِ

મેં અરજ કરી હતી કે અય અલ્લાહ ! તારા મુક઼દ્દસ નામની સાથે આ કોનુ નામ છે જેને તારા અર્શ પર જગા આપવામાં આવી છે ? ફર્માવવામાં આવ્યું, અય આદમ ! આ તેનુ નામ છે કે જો તે ન હોત તો તમે પણ વજૂદમાં ન આવત.

હઝરત આદમ علیہ السلام ફર્માવે છે કે મેં વિચાર્યુ, હું તે બરકતવાળા નામના વસીલાથી તૌબા કરીશ. ત્યાર બાદ મેં આપના મુબારક નામના વસીલાથી દુઆ કરી તો મારી દુઆ ક઼બૂલ કરી લેવામાં આવી, અને મને માફી આપવામાં આવી. બેટા ! ત્યારથી મારો એ તરીકો બની ગયો છે કે જે જરૂરત રબથી હોય છે તેમાં આપના નામના વસીલાથી દુઆ કરું છું તો તે મને આપવામાં આવે છે. તો તમે પણ તે નામના વસીલાથી દુઆ કરશો તો તમારી દુઆ કબૂલ કરવામાં આવશે અને તમારી જરૂરત પૂરી થશે. *(મવાઈઝે નઈમિયા, ભાગ–૩)*

હઝરત આદમ علیہ السلامએ આંખ ખોલતાં જ અર્શે આ'ઝમ પર રબના નામની સાથે મુહમ્મદ ﷺનું નામ જોયું અને તેમના વસીલાથી દુઆ કરી તો આપની તૌબા ક઼બૂલ થઈ. તો **હે આદમ علیہ السلامની ઔલાદ ! તું કયા મોંઢે રસૂલુલ્લાહ ﷺની બરાબરીનો દાવો કરી શકે છે ?!** અલ્લાહે તેમને આટલો મહાન મર્તબો આપ્યો છતાં **પોતાને નબી પાક ﷺના ઉમ્મતી કહેનાર વહાબી દેવબંદી** પોતાની કિતાબમાં નબી પાક ﷺની શાનને ઉતારી પાડવા માટે લખે છે કે : "જેનું નામ મુહમ્મદ (સલ.) કે અલી (રદિ.) છે તે કોઈ ચીજના માલિક અને મુખ્તાર નથી." *(તકવિયતુલ ઈમાન, લેખક : ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, ગુજરાતી, પેજ–૧૦૯, પ્રકાશન–૯૬, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા–ભરૂચ, એડિશન, ૧૯૮૯)*

એક ઠેકાણે લખે છે : **"સઘળા અંબિયા તથા અવલિયા** એની (અલ્લાહની) આગળ (સમક્ષ) **એક તુચ્છ રજકણ કરતાંય વધુ તુચ્છ** છે." *(પેજ–૧૪૦)*

બીજે ઠેકાણે એ જ કિતાબમાં લખે છે : "સઘળા માનવીઓ આપસમાં ભાઈ ભાઈ છે. જે મોટો બુઝુર્ગ હોય એ મોટો ભાઈ છે. એ કારણે **મોટા ભાઈ જેવું એનું માન સન્માન કરવું જોઈએ.... અવલિયા, અંબિયા, ઈમામો, ઈમામપુત્રો, પીરો, શહીદો વગેરે** જેટલાય અલ્લાહના મુકર્રબ બંદાઓ છે તે સઘળાં ઈન્સાનો જ છે અને **અલ્લાહના વિવશ (લાચાર) બંદાઓ** તથા **આપણા ભાઈઓ** છે, પણ અલ્લાહે તેમને મોટાઈ અર્પણ કરેલી છે એટલે **તેઓ આપણા મોટાભાઈ ઠર્યા.** *(તકવિયતુલ ઈમાન, લેખક : ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, ગુજરાતી, પેજ–૧૫૦, ૧૫૧, પ્રકાશન–૯૬, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા–ભરૂચ, એડિશન, ૧૯૮૯)*

અલ્લાહના નબી હઝરત આદમ علیہ السلامનો અક઼ીદો જુઓ અને આ વહાબી દેવબંદીઓનો અક઼ીદો જુઓ ! કેટલી બેશરમીની સાથે અલ્લાહના રસૂલને પોતાના ભાઈ કહે છે, બલ્કે મોટા ભાઈ જેટલી જ તેમની તાઝીમ કરવા કહે છે ! શું નબીપાક ﷺથી મહોબ્બત જેના દિલમાં હોય તેની આ બોલી હોઈ શકે છે ?! જેથી હે સુન્નીઓ ! સમજો અને વહાબી દેવબંદીઓથી દોસ્તી, સગાઈ, ઉઠક બેઠક છોડો ! જો ખરેખર તમે રસૂલુલ્લાહના ચાહનારા હોવ તો ! આવો ! અલ્લાહના મહાન પયગંબરો રસૂલો રબના આખરી નબી પાક મુહમ્મદ મુસ્તફા ﷺની કેવી તાઝીમ કરતા હતા તે જુઓ ! જો તમે ખરેખર રસૂલે ખુદા ﷺના આશિક઼ છો તો નબીના ગુસ્તાખોથી નફરત કરો, તેમનાથી દૂર રહો અને તમારા ઈમાનને બચાવો.

## ★ હઝરત સુલૈમાન علیہ السلام અને તાઝીમે નબી ﷺ ★

*તફસીરે રૂહુલ બયાનમાં છે :* એક વખત હઝરત સુલૈમાન علیہ السلام દુનિયાના પ્રવાસે નીકળ્યા, અલ્લાહ તઆલા તરફથી આપને એ અધિકાર આપવામાં આવ્યો હતો કે આપનું તખ્ત (સિંહાસન) હવામાં ઉડતુ હતું અને આપના આદેશ હેઠળ ચઢતું ઉતરતું હતું. આપના તખ્તના એક કિનારે જિન્નાતો બેસેલા હતા અને બીજા કિનારે માણસો બેસતા હતા. પ્રવાસ દરમ્યાન આપ જયારે મકકા અને મદીનાની સરહદ અને સીમાથી નિકટ થયા તો આપે તખ્તને નીચે ઉતાર્યુ અને અનુયાયીઓએ હુકમનું પાલન કર્યુ અને તે જંગલ પાર કર્યા બાદ ફરી તખ્ત પર બેસી પ્રવાસનો આરંભ કર્યો. અનુયાયીઓએ અરજ કરી, અય અલ્લાહના નબી ! આપણે દુનિયાનો પ્રવાસ કરી રહ્યા છીએ અને તખ્ત પર બેસીને જ કરી રહ્યા છીએ, પરંતુ આ જંગલને આપે પગપાળા પાર કરવાનો આદેશ ફર્માવ્યો, એવું કેમ ? તો આપે રહસ્ય જાહેર કરતાં ઈર્શાદ ફર્માવ્યો, **અય મારા અનુયાયીઓ ! આ જમીનના અદબને લઈને મેં તમને આ હુકમ આપ્યો હતો.** અરજ કરી, હુઝૂર ! જંગલનો અદબ શા કારણથી ? આપે ફર્માવ્યું, હાલ તો આ જંગલ છે પરંતુ એક જમાનો આવશે જયારે અહિંયા વસ્તી થશે. તેનુ નામ મદીના મુનવ્વરા હશે. **તેમાં અલ્લાહના અંતિમ નબી હિજરત કરીને આવશે અને પછી ત્યાં જ રહેશે અને ત્યાં જ વફાત પામશે અને તેમને ત્યાં જ દફન કરવામાં આવશે.** અને દુનિયાના લોકો ત્યાં આપના મઝારની ઝિયારત માટે પધરામણી કરશે. લોકોએ અરજ કરી કે તેમનું નામ શું હશે ? અને તેમના ગુણો કેવા હશે ? તો આપે ફર્માવ્યું, તેમનું નામ અહમદ અને મુહમ્મદ હશે, અને ત્યારબાદ વિગતવાર આપના ગુણો (ખૂબીઓ) બયાન ફર્માવ્યા. કોઈએ અરજ કરી કે આપની પેદાઈશ કયારે થશે ? આપે ફર્માવ્યું, એક હજાર વર્ષો બાદ.

આપના અનુયાયીઓમાંથી એક વ્યકિતનું નામ તબઅ હતું તે આપ ﷺનો વગર દેખે આશિક઼ થઈ ગયો અને તે જ જંગલમાં આવી વસી ગયો એ ઉમ્મીદ પર કે બની શકે કે મને લાંબી ઉમર આપવામાં આવે અને મારી તેમની સાથે મુલાકાત થઈ શકે, કારણ કે તે જમાનામાં લોકોની ઉમર ઘણી લાંબી થતી હતી.

મક્કા શરીફ કૌમે જુરહુમથી આબાદ થયું હતું. તેમણે પ્રવાસ દરમિયાન જયારે ઝમઝમનું પાણી જોયું તો ત્યાં વસી ગયા. અને મદીના શરીફ કૌમે તબઅથી આબાદ થયું જેનો ઉલ્લેખ તમારી ખિદમતમાં રજૂ કરવામાં આવ્યો.

જે નબીપાક ﷺના ગુણગાન નબીઓ ગાય છે તેમના વિશે આ બદ અક઼ીદા વહાબી દેવબંદીઓ લખે છે કે : આ વાત ખાત્રીપૂર્વક જાણી લેવી જોઈએ કે દરેક માણસ ચાહે તે **મહાનથી મહાન ઈન્સાન** (એટલે રસૂલુલ્લાહ) હોય કે નિકટવર્તી ફરિશ્તો, અલ્લાહ તઆલાની ઉચ્ચ શાનની સામે તો એની હેસિયત એક **"ચમારથી પણ ઉતરતી"** કક્ષાની છે.

*(તકવિયતુલ ઈમાન ગુજરાતી, પેજ–૪૪, દારુલ ઉલૂમ, કંથારીયા–ભરૂચ, એડિશન–૧૯૮૯)*

શું કોઈ સહાબીનો, કોઈ વલીનો આવો અક઼ીદો હતો ?! અલ્લાહના રસૂલ ﷺની શાન આ રીતે કોઈ નબી, સહાબી, વલીએ વર્ણવી છે ખરી ?! શું સિદ્દીકે઼ અકબર તેમજ હઝરત ઉમર, હઝરત ઉષ્માન, હઝરત અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો આવો અક઼ીદો હતો કે અલ્લાહની શાન સામે નબીની હેસિયત **ચમારથી**

પણ ઉતરતી ! છે ?! નહીં ! અને હરગિઝ નહીં ! તો તમારામાં ઈમાની ગૈરત હોય તો આવા બદબખ્ત ગુસ્તાખોથી દૂરી અપનાવો.

## ★ હઝરત ઈસા તથા મૂસા علیہما السلام થકી નબીઓના સરદાર વિશે બશારત ★

ઈન્જીલમાં છે : એક વખતે હઝરત ઈસા علیہ السلامએ વાઈઝ કરી. આપના સુંદર બયાનથી લોકોની આંખોથી અશ્રુવર્ષા થવા લાગી. દિલમાં ઉમ્મીદ અને ખૌફનો દરિયો મોજાં મારવા લાગ્યો. એક ઔરતે ઉભા થઈને અરજ કરી, અય મસીહ (ઈસા) ! علیہ السلام મુબારક છે તે માતા જેની છાતીથી તમે દૂધ પીધું, બરકતવાળો છે તે ખોળો હે મસીહ ! જેમાં તમે રમ્યા.

ઔરતની વાત સાંભળીને આપે ફર્માવ્યું કે મારી માતા જરૂરથી બરકતવાળાં છે, પરંતુ દુનિયામાં એક મારી માતાથી વધીને બરકતવાળી ઔરત આવવાની છે જેના ખોળામાં નબીઓના સરદાર અંતિમ નબી રમશે. તે ઔરતે અરજ કરી કે તેઓ કોણ હશે અને તેમના ગુણો કેવા હશે ? તો આપે નામ અને ગુણો (ખૂબીઓ) બયાન ફર્માવ્યાં.

ઈન્જીલમાં બીજી જગાએ છે કે હઝરત ઈસા علیہ السلام એ હિકમતોથી ભરપૂર બયાન ફર્માવ્યું તો હાજરજનોમાંથી કોઈએ અરજ કરી અય મસીહ ! તમે તે જ છો જેની બશારત અને ખુશખબરી હઝરત મૂસા علیہ السلامએ સંભળાવી હતી અને જેમની ચર્ચા સમગ્ર જગતમાં થઈ રહી છે ? આપે ફર્માવ્યુ, હું તે નથી અને મારામાં તેમનું કોઈ નથી, તેઓ તો મારા પછી આવવાના છે. ત્યારે કોઈએ અરજ કરી કે તેમનું નામ શું હશે ? તો આપે ફર્માવ્યું, તેમનું નામ અહમદ અને મુહમ્મદ હશે અને પછી તેમના ગુણ (ખૂબીઓ) બયાન કર્યા. આપની વાત સાંભળીને લોકો કહેવા લાગ્યા કે, હે અહમદ ! આવો ! હે મુહમ્મદ ! આવો !

## ★ આલમે અરવાહ (રૂહોની દુનિયા)માં શાને રિસાલત કોન્ફ્રન્સ ! ★

કુર્આને પાકમાં છે : ''અને હે મહબૂબ ! યાદ કરો જ્યારે તમારા પરવરદિગારે આદમની ઔલાદની પીઠોમાંથી તેમનો વંશ કાઢયો અને તેમને પોતાને એના પર સાક્ષી બનાવ્યા, શું હું તમારો રબ નથી ? બધા બોલ્યા, કેમ નહી ? અમે સાક્ષી બન્યા, કે ક્યાંક કિયામતના દિવસે કહો કે અમને એની ખબર નથી.''

*(સૂ. અઅ્રાફ, ૭/૧૭૨)*

આ આયતે કરીમાથી જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાએ રૂહોને આ દુનિયામાં મોકલતા પહેલાં આલમે અરવાહમાં રાખી હતી. અને ત્યાં તેમનાથી અહદ અને વચન લીધુ હતું.

આલમે અરવાહમાં એક બીજુ પણ વચન લેવામાં આવ્યું હતું પરંતુ તે બધી જ રૂહોથી નહીં માત્ર અંબિયાએ કિરામથી કે અંતિમ નબી પર ઈમાન રાખશો અને તેમની મદદ માટે તત્પર રહેશો. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

''અને યાદ કરો જ્યારે પૈગમ્બરો પાસેથી એમનુ વચન લીધું, જો હું તમને કિતાબ અને હિકમત આપું પછી તમારી પાસેથી તે રસૂલ પધારે જે તમારી (ઉપર ઉતરેલી) કિતાબોની સત્યતા જાહેર કરે તો તમે જરૂર જરૂર તેના પર ઈમાન લાવશો અને જરૂર જરૂર તેની મદદ કરશો. ફર્માવ્યું, શું તમે સ્વીકાર કર્યો ? અને

એના પર મારી ભારે જવાબદારી લીધી ? બધાએ વિનંતી કરી, અમે સ્વીકાર કર્યો. ફર્માવ્યું, તો એક બીજા પર સાક્ષી બની જાવ અને હું પોતે તમારી સાથે સાક્ષીઓમાં છું." *(સૂ. આલે ઈમરાન, ૩/૮૧)*

હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ હઝરત આદમ علیہ السلام અને તેમના પછી જેમને નબુવ્વત અતા કરી તે બધા પાસેથી હુઝૂર صلی اللہ علیہ وسلم વિશે વચન લીધું. અને તે નબીઓએ પોતાની ઉમ્મત પાસેથી વચન લીધાં કે તેમની હયાતમાં હુઝૂર صلی اللہ علیہ وسلمની નબુવ્વત જાહેર થાય તો આપના ઉપર ઈમાન લાવશો અને આપની મદદ કરશો. આનાથી સાબિત થયું **હુઝૂર صلی اللہ علیہ وسلم બધા અંબિયામાં સહુથી સર્વ શ્રેષ્ઠ છે** કારણ કે તેમનાથી અલ્લાહ તઆલાએ વચન લીધું. અલ્લાહ તઆલાએ આલમે અરવાહમાં એક વચન પોતાના માટે લીધું અને એક વચન મહબૂબ પ્યારા صلی اللہ علیہ وسلم માટે લીધું જેથી અલ્લાહને રબ માને અને મુહમ્મદ صلی اللہ علیہ وسلمને અલ્લાહના મહબૂબ માને. તો આ વચન પ્રમાણે તમામ નબીઓએ નબી આખેરૂઝ્ઝમાંની પધરામણી કરવાની બશારત સંભળાવી, અને તેમનાથી પણ વચન લીધુ કે તેમના પર ઈમાન ઈમાન લાવશે અને મદદ માટે તત્પર રહેશે.

## નબી કરીમ صلی اللہ علیہ وسلمના મર્તબાને રબ સિવાય કોઈ નથી જાણતું ! ★

પ્યારા દીની ભાઈઓ ! હુઝૂર નબી કરીમ صلی اللہ علیہ وسلمના મર્તબાને આપણે શું જાણી શકીએ જ્યારે કે ખુદ નબી કરીમ صلی اللہ علیہ وسلمએ પોતાની હક઼ીક઼ત વિશે ઉલ્લેખ કરતાં નબીઓ બાદ સૌથી અફઝલ હસ્તી હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہને કહ્યું :–

يَااَبَابَكْرٍ وَالَّذِىْ بَعَثَنِىْ بِالْحَقِّ لَمْ يَعْلَمْنِىْ حَقِيْقَةً غَيْرُرَبِّىْ "હે અબૂ બક્ર ! ક઼સમ તે જાતની જેણે મને હક્ક઼ની સાથે મોકલ્યો ! **મારી હક઼ીક઼ત મારા રબ સિવાય કોઈ નથી જાણતુ.**" એટલા માટે હઝરત શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ આપની પ્રશંસા કરતાં કરતાં છેવટે કહી આપ્યું કે, "બઅદ અઝ ખુદા બુઝુર્ગ તૂઈ ક઼િસ્સા મુખ્તર" રબના પછી સૌથી મહાન કોઈ હોય તો તો તે રસૂલે ખુદા صلی اللہ علیہ وسلمની જાત છે. આ'લા હઝરત મુજદ્દિદે મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ જિબ્રઈએ અમીનનું મંતવ્ય આ શબ્દોમાં રજૂ કર્યું :–

*યહી બોલે સિદરાવાલે ચમને જહાં કે થાલે*
*સભી મૈંને છાન ડાલે તેરે પાયેકા ન પાયા*
*તુઝે યકને યક બનાયા – તુઝે યકને યક બનાયા*

સાબિત થયું કે જેમને રસૂલે પાક صلی اللہ علیہ وسلمથી મહોબ્બત છે તેઓ સૌ, રબ તઆલા ખુદ તથા તેના ફરિશ્તા, અંબિયા તથા સહાબા, અવલિયા.... સૌ આપની આ'લા શાન દર્શાવી રહ્યા છે, જ્યારે જેમના દિલમાં રસૂલે ખુદા صلی اللہ علیہ وسلمથી મઆઝલ્લાહ ! કીનો છે, દુશ્મની છે તેઓ નબીયલ્લાહ صلی اللہ علیہ وسلم માટે હલકા શબ્દો વાપરી રહ્યા છે. તો એવા ગુસ્તાખે નબી વહાબી, દેવબંદી વગેરેથી પોતે પણ દૂર રહો અને ઔલાદને પણ સાવચેત કરો એમાં જ આપણી ભલાઈ છે, કેમ કે :–

*ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈરસે કામ*
*લિલ્લાહિલ હ઼મ્દ મૈં દુન્યા મુસલમાન ગયા*

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ માઈદાની તફસીર

આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.

تમારા દોસ્ત નથી પણ અલ્લાહ અને તેના રસૂલ અને ઈમાનવાળા[૨૦૭] કે નમાઝ કાયમ કરે છે અને ઝકાત આપે છે, અને અલ્લાહ સમક્ષ નમેલા છે[૨૦૮] (૫૫) અને જે અલ્લાહ અને તેના રસૂલ અને મુસ્લિમોને મિત્ર બનાવશે તો બેશક ! અલ્લાહનું જુથ ગાલિબ છે (૫૬) હે ઈમાનવાળાઓ ! જેમણે તમારા ધર્મને ગમ્મત અને ખેલ બનાવી લીધો છે[૨૦૯] તેઓ જેઓને તમારાથી પહેલાં કિતાબ આપવામાં આવી, અને કાફિર[૨૧૦], એમાંથી કોઈને પોતાના મિત્ર ન બનાવો. અને અલ્લાહથી ડરતા રહો જો ઈમાન ધરાવતા હોવ[૨૧૧] (૫૭) અને જ્યારે તમે નમાઝ માટે અઝાન આપો ત્યારે તેને ઠઠ્ઠો અને રમત બનાવે છે[૨૧૨]. આ એટલા માટે કે તેઓ નર્યા બુદ્ધિ વગરના લોકો છે[૨૧૩] (૫૮) તમે કહો, હે કિતાબવાળાઓ ! તમને અમારું શું માઠુ લાગ્યું ? એ જ ને કે અમે અલ્લાહ પર ઈમાન લાવ્યા ? અને તેના પર જે અમારી તરફ ઉતર્યું ? અને જે પહેલાં ઉતર્યુ[૨૧૪] અને એ કે તમારામાં વધારે અનાજ્ઞાંકિત છે. (૫૯) તમે ફર્માવો શું હું કહી આપું જેઓ અલ્લાહને ત્યાં એનાથી બદતર દરજ્જામાં છે તે ?[૨૧૫] તે જેમના પર અલ્લાહે

إِنَّمَا وَلِيُّكُمُ اللّٰهُ وَرَسُولُهُ وَالَّذِينَ آمَنُوا الَّذِينَ يُقِيمُونَ
الصَّلٰوةَ وَيُؤْتُونَ الزَّكٰوةَ وَهُمْ رَاكِعُونَ ﴿٥٥﴾ وَمَنْ يَتَوَلَّ اللّٰهَ
وَرَسُولَهُ وَالَّذِينَ آمَنُوا فَإِنَّ حِزْبَ اللّٰهِ هُمُ الْغٰلِبُونَ ﴿٥٦﴾
يٰۤاَيُّهَا الَّذِينَ آمَنُوا لَا تَتَّخِذُوا الَّذِينَ اتَّخَذُوا دِينَكُمْ
هُزُوًا وَّلَعِبًا مِّنَ الَّذِينَ أُوتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ وَ
الْكُفَّارَ أَوْلِيَآءَ ۚ وَاتَّقُوا اللّٰهَ إِنْ كُنْتُمْ مُّؤْمِنِينَ ﴿٥٧﴾ وَإِذَا
نَادَيْتُمْ إِلَى الصَّلٰوةِ اتَّخَذُوهَا هُزُوًا وَّلَعِبًا ۚ ذٰلِكَ بِأَنَّهُمْ
قَوْمٌ لَّا يَعْقِلُونَ ﴿٥٨﴾ قُلْ يٰۤاَهْلَ الْكِتٰبِ هَلْ تَنْقِمُونَ مِنَّآ إِلَّآ
أَنْ آمَنَّا بِاللّٰهِ وَمَآ أُنْزِلَ إِلَيْنَا وَمَآ أُنْزِلَ مِنْ قَبْلُ ۙ وَأَنَّ
أَكْثَرَكُمْ فٰسِقُونَ ﴿٥٩﴾ قُلْ هَلْ أُنَبِّئُكُمْ بِشَرٍّ مِّنْ ذٰلِكَ
مَثُوبَةً عِنْدَ اللّٰهِ ۚ مَنْ لَّعَنَهُ اللّٰهُ وَغَضِبَ عَلَيْهِ وَجَعَلَ
مِنْهُمُ الْقِرَدَةَ وَالْخَنَازِيرَ وَعَبَدَ الطَّاغُوتَ ۚ أُولٰٓئِكَ شَرٌّ
مَّكَانًا وَّأَضَلُّ عَنْ سَوَآءِ السَّبِيلِ ﴿٦٠﴾ وَإِذَا جَآءُوكُمْ قَالُوٓا
آمَنَّا وَقَدْ دَّخَلُوا بِالْكُفْرِ وَهُمْ قَدْ خَرَجُوا بِهٖ ۚ وَاللّٰهُ
أَعْلَمُ بِمَا كَانُوا يَكْتُمُونَ ﴿٦١﴾

*લઅનત કરી અને તેમના પર ક્રોધ ઠાલવ્યો, અને તમનામાંથી વાંદરા અને સુવ્વર બનાવી દીધા.[૨૧૬] અને શયતાનના પૂજારી. એમનું ઠેકાણું વધારે ખરાબ છે[૨૧૭] અને એ સીધા માર્ગથી વધારે ભટકેલા છે (૬૦) અને જ્યારે તમારી પાસે આવે[૨૧૮] ત્યારે કહે છે, અમે મુસલમાન છીએ અને તેઓ આવતાં પણ કાફિર હતા અને જતા પણ કાફિર. અને જે છુપાવી રહ્યા છે તે ખુદા ખૂબ જાણે છે (૬૧)*

## :: સમજૂતી ::

**૨૦૭ :** જેમની સાથે સંબંધો હરામ છે તેમનું વર્ણન કર્યા પછી તેમનુ બયાન (શરૂ થાય) છે જેમની સાથે સંબંધો રાખવા વાજિબ છે.

**શાને નુઝૂલ :** હઝરત જાબિર رضی اللہ عنہએ કહ્યું કે, આ આયત હઝરત અબ્દુલ્લાહ બિન સલામ رضی اللہ عنہ બાબત ઉતરી. તેમણે સૈયદે આલમ ﷺની સેવામાં હાજર થઈને કહ્યું, યા રસૂલલ્લાહ ! અમારી કોમ કુરેઝા અને નૂદેરે અમને પડતા મૂકી દીધા, અને (તેમણે) સોગંદ ખાઈ લીધી કે તેઓ અમારી સાથે બેઠક ઉઠક નહીં રાખે, આ આયત ઉતરી ત્યારે અબ્દુલ્લાહ બિન સલામે કહ્યું કે, અમે અલ્લાહના રબ હોવાથી તેના રસૂલના નબી હોવાથી અને મો'મિનના મિત્રો હોવાથી રાજી છીએ, અને આયતનો હુકમ તમામ મા'મિનોને લાગુ પડે છે. બધા જ એકબીજાના મિત્ર અને મહોબ્બત રાખનાર છે.

**૨૦૮ :** "وَهُمْ رٰكِعُوْنَ"નું વાક્ય (વ્યાકરણની દ્રષ્ટિએ) બે હાલતો ધરાવે છે. પ્રથમ એ કે પહેલાના વાક્યો પર આધારિત હોય (મઅતૂફ હોય), બીજી એ કે હાલ (સંબંધિત વસ્તુની હાલત બયાન કરતું વાક્ય) હોય. પ્રથમ હાલત વધુ જાહેર અને વધારે વજનદાર છે. અને હઝરત અનુવાદકનો તર્જુમો પણ એ જ તરફ જાય છે. *(જુમલ)*

બીજી હાલત પર બે શક્યતાઓ છે. એક એ કે "يُقِيْمُوْنَ" અને "وَيُؤْتُوْنَ" બન્ને ક્રિયાઓનો હાલ હોય, એ રીતે અર્થ એ થશે કે તેઓ ખરા દિલથી નમાઝ કાયમ કરે છે, અને ઝકાત આપે છે. (તફસીરે અબૂસ્સઉદ) બીજી એ કે ફક્ત "وَيُؤْتُوْنَ" કાર્યની કર્તાની હાલત દર્શક માનવામાં આવે. આ રીતે અર્થ એ થશે કે નમાઝ કાયમ કરે છે, અને હૃદયપૂર્વક ઝકાત આપે છે. *(જુમલ)*

અમુકનું કથન એ છે કે આ આયત હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہની શાનમાં છે કે આપે નમાઝમાં એક સવાલ કરનારને વીંટી કાઢી આપી દીધી હતી, તે વીંટી ઢીલી હતી, અમલે કસીર વગર નીકળી ગઈ હતી. પણ ઈમામ ફખરૂદ્દીન રાઝીએ તફસીરે કબીરમાં ખૂબ જ સખ્તીથી એને રદીયો આપ્યો છે, અને એના ખોટા હોવા બાબત ઘણા કારણો બતાવ્યાં છે.

**૨૦૯. શાને નુઝૂલ :** રૂફાઆ બિન ઝૈદ અને સુવૈદ બિન હારીસ બન્ને ઈસ્લામ જાહેર કર્યા પછી મુનાફિક્ બની ગયા. અમુક મુસલમાનો તેમની સાથે મહોબ્બત રાખતા હતા, ત્યારે અલ્લાહે આ આયત ઉતારી, અને બતાવ્યું કે જબાનથી ઈસ્લામ જાહેર કરવું અને દિલમાં કુફ્ર સંતાડી ફરવું એ દીનને હંસી ખેલ બનાવવા સમાન છે.

**૨૧૦ :** અર્થાત મૂર્તિ પૂજક મુશ્રિકો જેઓ અહલે કિતાબ કરતાં પણ બદતર છે. *(ખાઝિન)*

**૨૧૧ :** કારણ કે ખુદાના દુશ્મનો સાથે દોસ્તી રાખવી ઈમાનદારનું કામ નથી.

**૨૧૨. શાને નુઝૂલ :** કલબીનું કહેવું છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺનો મુઅઝ્ઝિન નમાઝ માટે અઝાન પોકારતો અને મુસલમાન નમાઝ માટે ઉભા થઈ જતા ત્યારે યહૂદીઓ હસતા અને ઠઠ્ઠો કરતા હતા. તે બાબત આ આયત ઉતરી.

સદીનું કથન છે કે મદીના શરીફમાં જ્યારે અઝાનમાં અશહદુ અલ્લાઈલાહ ઈલ્લલ્લાહ અને અશહદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ પોકારવામાં આવતું ત્યારે એક નસરાની કહ્યા કરતો કે, 'બળી મરે જૂઠો' એક રાત્રે તેનો નોકર આગ લઈને આવ્યો, ઘરના બધાં ઊંઘી રહ્યાં હતાં. આગમાંથી એક ભડકો ઉઠયો અને તે તથા નસરાની અને તેના ઘરનાં બધાં બળી મર્યાં.

**૨૧૩ :** જેઓ આવા મૂર્ખાઈ અને અજ્ઞાનતા ભરેલાં કામો કરે છે. આ આયતથી સાબિત થયું કે અઝાન કુર્આનની સચોટ આયતથી સાબિત છે.

**૨૧૪. શાને નુઝૂલ :** યહૂદીઓના એક ટોળાએ હુઝૂર ﷺને પૂછયું કે, તમે નબીઓમાંથી કોને કોને માનો છો ? આ પ્રશ્નનો હેતુ એ હતો કે જો ઈસા علیہ السلامને માનતા ન હોય તો આપના પર ઈમાન લઈ આવીએ, પણ હુઝૂરે તેમને જવાબ આપ્યો કે, હું અલ્લાહને માનું છું, અને તેને જે મારા પર ઉતાર્યું, અને જે ઈબ્રાહીમ, ઈસ્માઈલ, ઈસ્હાક, યઅકૂબ અને અસ્બાત પર ઉતાર્યું, અને જે હઝરત ઈસા અને હઝરત મૂસાને આપ્યું, એટલે કે તવરાત અને ઈન્જીલ. અને જે બીજા નબીઓને તેમના રબ તરફથી આપવામાં આવ્યું તે બધાંને માનું છું, અમે નબીઓ વચ્ચે તફાવત નથી રાખતા કે અમુકને માનીએ અને અમુકને ન માનીએ.

જ્યારે તેમને લાગ્યું કે આપ તો હઝરત ઈસાને માને છે, ત્યારે તેમણે આપની નબુવ્વત ન સ્વીકારી, અને કહ્યું કે, જે ઈસાને માને અમે તેને ન માનીએ. ત્યારે આ આયત ઉતરી.

**૨૧૫ :** કે આ સત્ય ધર્મવાળાઓને તમે માત્ર પોતાની અદેખાઈ અને અદાવતના કારણે જ બુરા કહો છો. અને અલ્લાહ તઆલાએ તમારા પર લા'નત કરી અને ગઝબ કર્યો. અને આયતમાં જે વર્ણવાયું છે એ તમારી હાલત છે. તો બદતર દરજ્જામાં તમે પોતે છો, જરા વિચારો.

**૨૧૬ :** શિકલ બગાડીને.

**૨૧૭ :** અને તે જહન્નમ છે.

**૨૧૮. શાને નુઝૂલ :** આ આયત યહૂદીઓના એક જૂઠ વિશે ઉતરી. જેમણે સૈયદે આલમ ﷺની સેવામાં હાજર થઈને પોતાનું ઈમાન અને નિખાલસતા જાહેર કરી અને કુફ્ર તેમજ ગુમરાહી સંતાડી રાખી. અલ્લાહ તઆલાએ આ આયત ઉતારીને પોતાના હબીબને તેમની હાલતની જાણ કરી.

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : **રૂા. ૫૦૦/–** *(ટપાલ/કુરીયર ખર્ચ રૂા.૧૦૦ અલગ)*

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, ગુજરાત,
**મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૬૬૪૫ ૨૧૪૭૭**

| બેંકની વિગત | બેંક ઓફ બરોડા દયાદરા બ્રાન્ચ | A/c. No. 34620100000303, Razvi Kitab Ghar | IFSC Code : BARB0DAYADR | PhonePe Paytm/GPay Mo. 94274 64411 |
|---|---|---|---|---|

# દર્સે હદીષે પાક એટલે
## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે નમાઝ પઢે તેમાં اَلْحَمْدُ ન પઢે તો તે નમાઝ અપૂર્ણ છે. (ત્રણ વાર) સંપૂર્ણ નથી.[૧] હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ને કહેવામાં આવ્યું કે અમે ઈમામની પાછળ હોઈએ છીએ. ફર્માવ્યું, તમારા દિલમાં પઢી લો.[૨] કેમ કે મેં નબી ﷺ ને ફર્માવતાં સાંભળ્યું, અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે મેં નમાઝને મારા તથા મારા બંદાની દરમિયાન અડધો અડધ વહેંચી નાખી છે.[૩] અને મારા બંદાના માટે તે જ છે જે માગે.[૪] બંદો કહે છે : اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ તો અલ્લાહ તઆલા ફર્માવે છે કે મારા બંદાએ મારી હમ્દ કરી.[૫] જ્યારે બંદો કહે છે : الرَّحْمٰنِ الرَّحِيْمِ તો અલ્લાહ તઆલા ફર્માવે છે, મારા બંદાએ મારી ષના કરી.[૬] જ્યારે કહે છે : مٰلِكِ يَوْمِ الدِّيْنِ તો રબ ફર્માવે છે, મારા બંદાએ મારી બંદગી વર્ણન કરી.[૭] અને જ્યારે કહે છે : اِيَّاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُ તો રબ ફર્માવે છે કે આ મારા અને મારા બંદાની વચ્ચે છે.[૮] અને મારા બંદાના માટે તે છે જે માગે.[૯] પછી જ્યારે કહે છે : اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۙ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ ۧ તો ફર્માવે છે, આ મારા બંદાના માટે છે અને મારા બંદાના માટે તે છે જે માગે[૧૦] (મુસ્લિમ)*

**૧.** આ હદીષ અગાઉ વર્ણવેલ હદીષની શરહ છે. એણે સ્પષ્ટપણે દર્શાવી આપ્યું કે સૂરએ ફાતિહા વિના નમાઝ ફાસિદ થતી નથી બલ્કે નાકિસ (અપૂર્ણ) રહે છે. એટલે કે સૂરએ ફાતિહા નમાઝમાં **ફર્ઝ નથી** બલ્કે **વાજિબ** છે. જેથી આ હદીષ હનફીઓની મજબૂત દલીલ છે.

**૨.** આ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની પોતાની રાય છે એટલા માટે આપ એના પર કોઈ મરફૂઅ હદીષ રજૂ નથી કરતા, બલ્કે એક હદીષથી આ મસ્અલાનો ઈસ્તંબાત કરે (કાઢે) છે. એમની રાય પર દરેક જગાએ અમલ નથી થઈ શકતો. કેટલીક જગાએ ઘણી જ મુશ્કેલીઓ ઉપસ્થિત થઈ. દા.ત. મુક્તદી ઈમામ પાછળ ફાતિહા પઢી રહ્યો હતો એ હજી વચ્ચે હતો એવામાં ઈમામે કહ્યું : وَلَا الضَّآلِّيْنَ હવે એ બીચારો આમીન કહે કે નહીં. અથવા મુક્તદી ફાતિહાની વચમાં હતો ને ઈમામે રુકૂઅ કરી દીધો, તો આ મુક્તદી રુકૂઅમાં જાય કે નહીં ?! વગેરે. યાદ રાખશો કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નો આ ઈર્શાદ પહેલાંનો છે, બાદમાં ખુદ તેમણે હુઝૂર ﷺ થી રિવાયત કરી કે **જ્યારે ઈમામ ક઼િરાઅત કરે તો ખામોશ રહો.** જેવું કે મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહમાં છે. અને મિશ્કાત શરીફમાં આ પ્રકરણમાં આવી રહ્યું છે. જેથી એ ક઼ૌલ ખુદ એમના પોતાના નજીક મતરુક (છોડેલો) છે. અથવા એનો અર્થ એ છે કે સૂરએ ફાતિહાના અર્થો તથા મતલબો દિલમાં વિચારો, એના પર વિચારણા કરો. કેમ કે પઢવું ઝબાનથી હોય શકે છે, દિલમાં વિચારવાનું હોય છે ન કે પઢવું. (અઝ : મિર્કાત) આ સ્થિતિમાં આ હદીષ તદ્દન જાહેર છે, કોઈ સ્પષ્ટતાની જરૂર નથી.

**૩.** અહીં નમાઝથી મુરાદ સૂરએ ફાતિહા છે. એટલે કે જ્યારે સૂરએ ફાતિહા આટલી મહત્વની છે કે તેને હુઝૂર ﷺએ અયન નમાઝ ફર્માવી, તો એનું પઢવું, એમાં વિચારણા કરવી ખૂબ જ જરૂરી છે. યાદ રાખશો اَلْحَمْدُની સાત આયતો છે. પ્રથમ ત્રણ આયતો مٰلِكِ يَوْمِ الدِّيْنِ સુધી અલ્લાહની હમ્દ છે. અને આખરી ત્રણ આયતો اِهْدِنَاથી وَلَا الضَّآلِّيْنَ સુધી દુઆ છે, મધ્યની આયત اِيَّاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُ અડધી ષના છે અને અડધી દુઆ. જેથી એ ફર્માન તદ્દન દુરુસ્ત છે કે اَلْحَمْدُ અડધી અડધી વહેંચાયેલી છે.

**૪.** એટલે કે સૂરએ ફાતિહા અડધી દુઆ છે, તો જે બંદો એને પઢે તેની દુઆ હું જરૂર કૂબૂલ કરીશ. ક્યાં તો જેવો કર્યો એવો જ એનો સવાલ પૂરો કરીશ અથવા એના જેવી અન્ય નેઅમતો આપીશ અથવા તેના પરથી કોઈ આફત ટાળી દઈશ. જેવો કે દુઆની કૂબૂલિયતનો કાનૂન છે.

**૫.** એટલે કે આ બાજુ બંદો અલ્હમ્દુ પઢીને રબની હમ્દ કરે છે તો બીજી બાજુ રબ તઆલા ફરિશ્તાઓને આવું ફર્માવે છે. આ બંદાની ખુશનસીબી છે કે એની થોડી સરખી જીભની હરકતથી એનું નામ રબની બારગાહમાં એ ઈજ્જત સાથે આવી જાય ! આ હદીષથી જાણવા મળ્યું કે બિસ્મિલ્લાહ સૂરએ ફાતિહાનો ભાગ નથી, કે અહીં અલ્હમ્દુથી વર્ણન શરૂ થયું, બિસ્મિલ્લાહનો ઉલ્લેખ ન થયો. જેથી આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہની મજબૂત દલીલ છે.

**૬.** આ સંબોધન પણ બારગાહમાં હાજર રહેલા ફરિશ્તાઓને છે જે રબ તઆલા ફખ્ર રૂપે તથા ખુશીને પ્રદર્શિત કરવા માટે કરે છે. ષના તથા હમ્દ લગભગ એક જ છે. શક્ય છે કે હમ્દથી જાહેરી કમાલો વર્ણન થાય અને ષનાથી મુરાદ છુપા કમાલોનું પ્રદર્શન. અથવા હમ્દથી મુરાદ શુક્ર, અને ષનાથી મુરાદ મુત્લક઼ન પ્રશંસા.

**૭.** એટલે કે મારી એવી બડાઈ વર્ણવી જે મારા સિવાય કોઈને હાંસલ નથી, કેમ કે કૂયામતના દિવસની બાદશાહી કેવળ રબ તઆલાની સિફત છે.

**૮.** કેમ કે ઈબાદત અલ્લાહના માટે છે અને ઈસ્તિઆનત એટલે મદદ બંદાના માટે છે, જેથી આ આયત રબ તથા બંદાના દરમિયાન છે.

**૯.** એટલે કે બંદો પોતાના દરેક કામમાં, ખાસ કરીને ઈબાદતોમાં મારાથી મદદ માગી રહ્યો છે એની જરૂર મદદ કરીશ. એના પછી પણ જે દુઆઓ માગશે તે કૂબૂલ કરીશ.

**૧૦.** એટલે હે ખુદા ! મને એ રસ્તાની હિદાયત આપ જે તારા ઈનામવાળા બંદાઓનો રસ્તો છે. અવલિયા, સાલેહીન, શહીદ તથા સિદ્દીકોનો. **જાણવા મળ્યું કે તે દીને હક્ક છે જેમાં અવલિયા અલ્લાહ હોય, અને તે કેવળ અહલે સુન્નત વ જમાઅતનો દીન છે, કેમ કે એના સિવાય કોઈ ફિર્કામાં અવલિયા અલ્લાહ નથી.** આ હદીષથી જાણવા મળ્યું કે اَنْعَمْتَ عَلَيْهِمْ પર વક્ફ છે, નહીં તો ફાતિહાની આયતો સાત ન થશે, કેમ કે અહીં બિસ્મિલ્લાહને અલ્હ઼મ્દમાં સામેલ કરવામાં આવેલ નથી. જેથી આ હદીષ અહનાફની દલીલ છે.

**૧૧.** એટલે કે જે કાંઈ આ સૂરતમાં માગે અને જે એના પછી માગે તે સૌ તેને આપીશ. અમુક મશાઈખનો તરીકો છે કે તેઓ દુઆ કરતી વખતે અલ્હ઼મ્દ શરીફ પઢયા કરે છે. તેમનો માખઝ આ હદીષ છે.

*"હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી ﷺ અને અબૂ બક્ર તથા ઉમર رضی اللہ عنہما اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَથી શરૂ કરતા.[૧]" (મુસ્લિમ)*

**૧.** એટલે કે એ હઝરાત જેવી રીતે અઊઝુબિલ્લાહ આહિસ્તાથી કહેતા હતા, એવી જ રીતે બિસ્મિલ્લાહ પણ. જહર (જોરથી) અલ્હમ્દુથી શરૂ કરતા હતા. જેથી આ હદીષ અહનાફની મજબૂત દલીલ છે કે બિસ્મિલ્લાહ દરેક સૂરતનો ભાગ નથી એને ધીમેથી પઢવામાં આવે. હુઝૂર ﷺ પર પહેલી વહી اِقْرَاْ بِاسْمِ رَبِّكَ આવી ત્યાં બિસ્મિલ્લાહ ન આવી.

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે ઈમામ આમીન કહે તો તમે પણ આમીન કહો, જેની આમીન ફરિશ્તાઓની આમીનના માફક (જેમ) હશે તો તેના પાછલા ગુનાહ બખ્શી દેવામાં આવશે[1] (મુસ્લિમ, બુખારી) અને એક રિવાયતમાં છે કે ફર્માવ્યું, ઈમામ કહે : غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ તો તમે કહો, આમીન.[2] જેનું કલામ ફરિશ્તાઓના કલામની મુવાફિક હોય તેના પાછલા ગુનાહ બખ્શી દેવામાં આવશે.[3] આ બુખારીના શબ્દો છે અને મુસ્લિમની નજીક એના જેમ છે. અને બુખારીની બીજી રિવાયતમાં છે કે ફર્માવ્યું, જ્યારે કારી આમીન કહે તો તમે પણ આમીન કહો, કેમ કે ફરિશ્તા પણ આમીન કહે છે, જેની આમીન ફરિશ્તાઓની આમીનની માફક થઈ ગઈ તેના પાછલા ગુનાહ બખ્શી દેવામાં આવશે.[4]"*

**૧.** આ પરથી અમુક મસ્અલા જાણવા મળ્યા. એક એ કે નમાઝમાં અલ્હમ્દના ખત્મ પર ઈમામ પણ આમીન કહે છે. બીજુ એ કે આપણી હિફાઝત કરવાવાળા અને નામાએ આમાલ લખનાર ફરિશ્તા નમાઝોમાં આપણી સાથે શરીક થાય છે. وَلَا الضَّآلِّيْنَ પર આમીન કહે છે. ત્રીજુ એ કે આમીન તદ્દન આહિસ્તા કહેવી જોઈએ, કેમ કે ફરિશ્તા ધીમેથી જ આમીન કહે છે જેને આપણે નથી સાંભળતા. જો આપણે આમીન ચીસ પાડીને કહીએ તો આપણી આમીન ફરિશ્તાઓની આમીનની વિરૂધ્ધ જશે, પછી આપણી બખ્શિશ કેવી રીતે થાય ? ચોથુ એ કે રબની બારગાહમાં એ જ નેકી કબૂલ થાય છે જે નેક બંદાઓની જેમ હોય. તેમની નકલ પ્યારી છે. જુઓ ફર્માવવામાં આવ્યું કે જેમની આમીન ફરિશ્તાઓના જેમ હશે તેની મગફેરત થશે.

**૨.** આ પરથી જાણવા મળ્યું કે મુકતદી અલ્હમ્દુ ન પઢે, કેમ કે ફર્માવવામાં આવ્યું કે જ્યારે ઈમામ وَلَا الضَّآلِّيْنَ કહે તો તમે આમીન કહો. એવું નથી ફર્માવ્યું કે જ્યારે તમે وَلَا الضَّآلِّيْنَ કહો તો આમીન કહો. જેથી આ હદીષ અહનાફની દલીલ છે.

**૩.** ફકીરને આહિસ્તા આમીનની છવ્વીસ હદીષો અને બે આયતો મળી, પણ નમાઝમાં જોરથી આમીનની કોઈ સ્પષ્ટ હદીષ ન મળી જેમાં નમાઝનો ઉલ્લેખ હોય અને શબ્દ જહર (જોરથી) હોય. એની સંપૂર્ણ ચર્ચા ફકીરની કિતાબ જાઅલ હક્ક ભાગ–૨માં જુઓ. આમીન દુઆ છે. (કુર્આને કરીમ) અને દુઆ આહિસ્તા માગવી જોઈએ. (કુર્આને કરીમ) હદીષોમાં જ્યાં આમીનથી મસ્જિદો ગુંજવાનો ઉલ્લેખ છે ત્યાં નમાઝનો ઉલ્લેખ નથી. અને જ્યાં નમાઝનો ઉલ્લેખ છે ત્યાં જહર નથી, બલ્કે مدبہا صوتہ છે અથવા رفع بہا صوتہ જેનો અર્થ છે આમીન અવાજ ખેંચીને કહી.

**૪.** યાદ રાખશો કે એના જેવી સર્વ હદીષોમાં મુવાફિકતથી મુરાદ કૈફિયતની મુવાફિકત છે ન કે સમયમાં. કેમ કે ફરિશ્તાઓની આમીન કહેવાનો તો એ જ સમય છે. જ્યારે وَلَا الضَّآلِّيْنَ કહે છે. મતલબ એ છે કે જેની આમીન ફરિશ્તાઓની આમીન જેવી હશે તેની બખ્શિશ થશે. એટલે કે જેવી રીતે ફરિશ્તા ધીમેથી આમીન કહે છે એવી જ રીતે એ પણ કહે.

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

અસરારુલ અવલિયા

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### ★ ઝિક્રથી મહોબ્બત અને દુનિયાથી અદાવત ★

પાબોસીની સઆદત નસીબ થઈ. મજલિસમાં મૌલાના બહાઉદ્દીન બુખારી, મૌલાના શહાબુદ્દીન ગઝનવી, શયખ બુરહાનુદ્દીન હાંસવી અને અમુક અન્ય સૂફીઓ رحمۃ اللہ علیہم اجمعین બેઠેલા હતા. વાત મહોબ્બત તથા અદાવતના બાબતે થઈ રહી હતી. હઝરતે ફર્માવ્યું, હે દુરવેશ ! મખ્લૂક઼ ત્રણ પ્રકારની છે : **પ્રથમ** તે લોકો જેઓ દુનિયાથી મહોબ્બત કરે છે અને સતત તેની યાદમાં ડૂબેલા છે અને તેની પ્રાપ્તિમાં મશ્ગૂલ તથા વ્યસ્ત છે. **બીજો** પ્રકાર તે લોકોનો છે જેઓ દુનિયાને દુશ્મન સમજે છે, તેનો ઉલ્લેખ મહ઼ોબ્બત સાથે નથી કરતા, બલ્કે એકદમ અદાવતભર્યો વર્તાવ કરે છે. **ત્રીજો** પ્રકાર એવા લોકોનો છે કે તેઓ દુનિયાને ન દોસ્ત રાખે છે ન અદાવત કરે છે, તેનો ઉલ્લેખ ન મહોબ્બતથી કરે છે ન અદાવતથી. આ ત્રીજો પ્રકાર પ્રથમ બે પ્રકારોથી બેહતર છે.

### ★ માણસ પોતાના મેહબૂબની ચર્ચા સૌથી વધુ કરે છે ★

રાબિયા બસરી رحمۃ اللہ علیہاની પાસે એક માણસ આવ્યો. આદાબ બજાવી લાવીને બેસી ગયો, અને દુનિયાની બુરાઈ શરૂ કરી આપી, જ્યારે બુરાઈ કરી ચૂક્યો તો રાબિઆએ ફર્માવ્યું, તમે ચાલ્યા જાવ અને મારી પાસે ફરી કદી ન આવશો, કેમ કે આપ દુનિયાને મહોબ્બત કરનારા જણાવ છો, એટલા માટે કે આપ દુનિયાનો ખૂબ જ ઉલ્લેખ કરો છો.

પછી વર્ણવ્યું, કોહરામના ઈલાકામાં શયખ બદની એક દુરવેશ હતા, મહાન તારિકુદુન્યા (દુનિયાને તર્ક કરનારા) હતા. જ્યાં સુધી હયાત રહ્યા ત્યાં સુધી નવો લિબાસ શરીર પર નથી પહેર્યો. જો કોઈ શખ્સ દુનિયા તથા દુનિયાવાળાઓની વાત તેમની સામે કરતા તો ઉઠાડી મૂકતા અને પછી કદી મજલિસમાં આવવા ન દેતા. અને ફર્માવતા કે આ શખ્સ દુનિયાનો આશિક઼ છે, કેમ કે જે શખ્સ પોતાના માશૂક઼ને બીજાની પાસે જુએ છે તો જરૂરતના કારણે તેનો ઉલ્લેખ અધિક કરે છે. મૌસૂફ ખૂબ જ અધિક પ્રમાણમાં નમાઝ પઢયા કરતા હતા અને ફર્માવતા કે જન્નત કેવી જગા છે કે જ્યાં નમાઝ નથી ! તેમના એક મુરીદે અર્ઝ કરી કે પીર દુનિયાદાર માણસ હોવો જોઈએ કે જે મુરીદને દુનિયાના નુકસાનો બતાવીને તેનાથી દૂર રહેવાની શીખામણ આપે. આપે ફર્માવ્યું, જો મના પણ કરે તો મુરીદોને દુનિયા ત્યાગ કરવાની દૌલત મયસ્સર ન આવી શકશે, કેમ કે કહેવું સહેલુ છે અને કરવું મુશ્કેલ છે. વઅઝ તથા નસીહત ઝબાને ક઼ાલથી (જીભની વાણીથી) અસર નથી કરતી.

એક વાર હઝરત ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہને લોકોએ પૂછયું કે અમુક લોકો દુનિયાવાળાઓની ચર્ચા ખૂબ જ અધિક પ્રમાણમાં કરે છે, તેમનો શું હાલ છે ? ફર્માવ્યું, તેઓ દુનિયાથી મહોબ્બત રાખનારા લોકો છે. જયારે પોતાના મહબૂબને ગૈરની પાસે જુએ છે તો એ દુઃખમાં પુષ્કળ પ્રમાણમાં તેમની ચર્ચા કરે છે, બલ્કે રાત દિવસ એ જ યાદમાં ગુમ તથા વ્યસ્ત રહે છે.

હઝરત રાબિઆ બસરી رحمۃ اللہ علیہاને પૂછવામાં આવ્યું કે દુનિયા શું છે અને કયા લોકોની જગા છે ? ફર્માવ્યું, દુનિયા મુરદાર છે અને એને ચાહવાવાળા કૂતરા છે, અને દુનિયાનો તલબગાર મુનાફિક઼ હોય છે. આ દુનિયા મુનાફિક઼ોની જગા છે. ફર્માવ્યું, **જ્યારે દુર્વેશને દુનિયાની મહોબ્બત, હોદ્દાઓની તલબ, મંઝિલત ખ્વાહીની કોશિશમાં જુઓ તો જાણી લો કે હજી ગુમરાહીના જંગલમાં ભટકી રહ્યો છે.**

**★ દુનિયા ખુદા તથા બંદા વચ્ચે આડ છે ★**

હઝરત ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે આપે આ મક઼ામ તથા મર્તબો ક્યાંથી પ્રાપ્ત કર્યો ? તો આપે ફર્માવ્યું, મેં દુનિયાને ત્રણ તલાક઼ આપી દીધી. **જેટલો માણસ દુનિયાથી મહોબ્બત કરે છે એટલો આખેરતની ફિકરથી દૂર થતો જાય છે, જેથી બંદા તથા મૌલાની વચ્ચે પર્દો આ દુનિયા જ બને છે. એટલા માટે ફર્માવે છે :**

الدنیا اصل کل فتنتہ و حجاب بین اللہ تعلٰی وبین عبدہ کمال قال علیہ اسلام طالب الدنیا لا یکون لنا

**"દુનિયા સર્વ ફિત્નાઓનું મૂળ છે.** અલ્લાહ તથા બંદા વચ્ચે આડ છે. જેવું કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, દુનિયાનો તલબગાર અમારા માટે નથી."

હે દુરવેશ ! જે ચીજને અલ્લાહ કરીમે દુશ્મન જાણી, તમારે પણ તેનાથી દુશ્મની કરવી જરૂરી છે અને તેની પાસે પણ ન ફરકો અને તેની અદાવત તથા મહોબ્બતની ચર્ચા કોઈની પાસે ન કરો. અલ્લાહ તઆલા عزوجلએ જયારથી દુનિયાનું સર્જન કર્યું ચેતવણીના રૂપે તેના પર નજર ઉઠાવીને નથી જોયું. તો એ ઈન્સાન ઘણો નાદાન છે જે અલ્લાહના એતાબ કરેલા પ્રતિ દોસ્તીની નજરથી જુએ છે !

જે શખ્સ ખુદા તઆલાની ઈતાઅત (આજ્ઞાપાલન) અપનાવે છે દુનિયા તેની ખિદમતગુઝાર બની જાય છે, અને જે શખ્સ દુનિયાની ખિદમતમાં મગ્ન થઈ જાય છે તે મુસીબતો તથા તકલીફોમાં ગિરફતાર રહે છે. જેટલો કોઈ ખુદાવંદે કરીમથી ગાફિલ થાય છે એટલો જ તે દુનિયામાં મશગૂલ રહે છે. મેં ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર અવશી رحمۃ اللہ علیہથી સાંભળ્યું, દુનિયામાં સર્વ કામોમાં બેહતર આ કામ છે : **પ્રથમ** દુનિયાની ઓળખ અને પછી પોતે પોતાને તેનાથી રોકી રાખવી. **બીજુ** હક્ક઼ તઆલાની ખિદમત (ઈબાદત, ફર્માંબરદારી)માં તૈયાર રહેવુ અને અદબ જાળવી રાખવી. **ત્રીજુ** આખેરતની આરઝૂમંદી તથા તેની તલબ. તસવ્વુફના માર્ગમાં જવાંહિંમત ઈન્સાન તે જ છે જે આ ત્રણ શર્તો પર અમલ કરે છે : **૧.** દુનિયાથી હાથ રોકી લે છે. **૨.** ક઼બરની તૈયારી કરે છે, એમાં જતાં પહેલાં. **૩.** અલ્લાહની રઝાનો તાલિબ બને છે રબના દીદારથી પહેલાં.

**★ એક દુરવેશના રૂદન આજીજીનો બનાવ ★**

ખ્વાજા ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہ ફર્માવે છે, ક઼યામતના દિવસે દુનિયાને દોઝખમાં નાખશે, એ સબબથી નહીં કે તેને અઝાબ થાય. કેમ કે તેનો તો કોઈ ગુનોહ નથી પણ એટલા માટે આગમાં

ફેંકવામાં આવશે જેથી કરીને દુનિયાવાળા તેની બેઈજ્જતી તથા ખુવારીને પોતાની આંખો વડે જોઈ લે અને અફસોસ કરે.

ફર્માવ્યું, એકવાર મેં ગઝની શહેરમાં એક બુઝુર્ગથી મુલાકાત કરી. ઘણા જ શાગિલ તથા ઝાકિર હતા. છ મહીના તેમની સોહબતમાં રહ્યો એ દરમ્યાન તેમની જીભ મુબારકથી દુનિયાના બારામાં એક શબ્દ પણ ન સાંભળ્યો. સવાર સાંજ ગિર્યાઓ ઝારીમાં વ્યસ્ત જોતાં. મેં તેમની ગિર્યાઓ ઝારી (રૂદન આજીજી)ના બારામાં સવાલ કર્યો તો ફર્માવ્યું, આજે લગભગ ત્રણ વરસ થવા આવ્યાં કે એક દિવસે એક દુરવેશ મારી પાસે આવ્યો. દુનિયાની વાતો તેણે મારી સાથે કરવાની શરૂ કરી દીધી. હું પણ તેની સાથે હામાં હા મિલાવવા લાગ્યો. તો ગયબથી અવાજ આવ્યો, હે ફકીર ! ક્યાં તો દુનિયાની વાત ચાલશે ક્યાં તો અમારી ! એ દિવસથી એ જ શર્મિંદગીના કારણે રડી રહ્યો છું કે કયામતના દિવસે એ કરીમને શું મોઢું બતાવીશ !

## ★ મૌતની ચર્ચા ખૂબ જ અધિક પ્રમાણમાં કરો ★

અહલે સુલૂક (તસવ્વુફના માર્ગના મુસાફરો)ને ત્યાં પ્રખ્યાત છે કે اکثروالذکر ھادم النفس و ھادم اللذات "લિજ્જતોને ખત્મ કરનારી મૌતનું વર્ણન ખૂબ જ અતિ પ્રમાણમાં કરો." જે મૌતને હમેશાં નજરો સમક્ષ રાખે છે અને અતિ અધિક પ્રમાણમાં યાદ કરે છે તે હમેશાં ખુદાએ કરીમની રઝામાં હોય છે. જેટલો કોઈ શખ્સ મૌતથી ગાફેલ થાય છે તેટલી દુનિયાની દોસ્તી અને તેની ચર્ચા તેના દિલમાં મજબૂત થતી જાય છે. અલ્લાહની ફર્માંબરદારી તેને એટલી જ અઘરી લાગે છે અને નાફર્માની એટલી જ વધારે આસાન થઈ જાય છે.

હઝરત ખ્વાજા મૌદૂદ ચિશ્તી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, જો સર્વ બુરાઈઓને એક ઘરમાં જમા કરી દેવામાં આવે તો એ ઘર દુનિયા છે. કુદરતે દુનિયાની ચાદર જેના પર બિછાવી દીધી એટલી દુનિયાની મહોબ્બત તેના દિલમાં જમાવી દીધી અને પોતાનાથી દૂર કરી દીધો. જે માણસના માટે ખુદાએ કરીમે દુનિયાનું વર્તુળ સાંકડુ કરી આપ્યું તે તેની (રબની) નજીક થઈ ગયો. દુનિયાને દરરોજ પાંચ વાર નિદા (ગયબી પોકાર) થાય છે, હે દુનિયા ! અમારા દોસ્તો માટે કડવી બની જા કે જેથી તેઓ તારી તરફ સારી દૃષ્ટિ ન નાખી શકે. અને તારા ચાહકો માટે મીઠી બની જા કે જેથી તારો ઝિક્ર (ચર્ચા) ખૂબ જ અધિક પ્રમાણમાં કરે. તેમને મીઠાશ આપ કે જેથી ફિત્ના તથા બલામાં સપડાય જાય.

ખ્વાજા અબ્દુલ્લાહ મુબારક આલમે તજરીદમાં જિંદગી પસાર કરતા હતા. જે તેમની પાસે આવતો તે મેહરૂમ પરત ન જતો. તેમનો નિયમ હતો કે મગરિબની નમાઝ બાદ ખાદિમોના રૂમોમાં ચક્કર મારતા. જો તેમની પાસે ખાવા પીવાની ચીજોનો ઝખીરો હોતો તો કહેતા કે, આ મોહતાજોને આપી દો, પાણી પણ ફેંકાવી દેતા, કેમ કે કાલના માટે ચીજોનો સંગ્રહ કરવો દુરવેશી નથી. મુરીદોમાં કોઈને દુનિયાના ઝિક્રમાં વ્યસ્ત પામતા તો ખાનકાહે મુઅલ્લાથી કઢાવી મૂકતા, કદાપિ રોકાવા ન દેતા.

એકવાર સુલ્તાન શમ્સુદ્દીને શયખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર અવશી رحمۃ اللہ علیہની બારગાહમાં ખિદમતના રૂપે સોનાની અશરફીઓની કેટલીક થેલીઓ મોકલી. આપે કહ્યું, તરત જ કહ્યું, એને પાછી લઈ જાવ ! અને તમારા બાદશાહને કહો કે અમે તમને અમારો દોસ્ત સમજતા હતા પણ તમે તો દુશ્મન નીકળ્યા ! કેમ કે હક્ક તઆલાએ જે

ચીજથી દુશ્મની જાઈઝ રાખી તેને તમે ખુદાના દોસ્તોની પાસે મોકલો છો ?! આ તમારી કેવી દોસ્તી છે ?! આ દુનિયાના તલબગાર ઘણા બધા છે, તેમની પાસે લઈ જાવ અને તેમને આપી દો.

ખ્વાજા શરીફ ઝંદાની رحمۃ اللہ علیہ કે જે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہના પીરો મુર્શિદ હતા. ચાલીસ વરસો સુધી દુનિયાના લોકોથી અલિપ્ત થઈને ખુરસાનમાં ઘરમાં રહ્યા. તેમનો ખોરાક આ ચાલીસ વરસ ઘાસ રહ્યો. કદી કોઈ શખ્સ મુલાકાત તથા ઝિયારત માટે હાજર થતો તો ખાદિમ તેને ચેતવી દેતો કે હઝરતની સામે કદાપિ દુનિયાની ચર્ચા ન કરશો, નહીં તો ઝિયારતથી વંચિત રહી જશો. સારાંશ કે એ દેશનો વાલી હાજર થયો. આદાબ બજાવી લાવ્યો. પોતાની ખિદમતને પ્રદર્શિત કરી. હઝરત ખ્વાજા મુસ્કુરાયા અને ફર્માવ્યું, હે ખુદાના દુશ્મન ! તને મારી સાથે શું દુશ્મની હતી કે ખુદાની દુશ્મન દુનિયાને મારી પાસે લાવ્યો ?! આ તુ દોસ્તીની રાહે નથી લાવ્યો એને પાછી લઈ જા ! અને એના ચાહકોને આપ. આવું ફર્માવ્યું અને જે ચટાઈ પર બેઠેલા હતા તેને ઉઠાવી અને કહ્યું, જુઓ ! દેશના વાલી તથા તેના માણસોએ જોયું કે શુધ્ધ સોનાના દીનારોની એક નહેર વહી રહી છે. સૌ ઉઠયા અને હઝરતના પગો પર પડી ગયા, ખૂબ જ માફી માગી. ખ્વાજાએ ફર્માવ્યું, કેટલો અફસોસ તે કમ હિંમત સૂફીઓ પર છે કે દોસ્તના આટલા અઢળક ખજાનાઓ તેમના કદમોમાં હોય તેમ છતાં પણ તેઓ દુનિયાના મુરદાર માલની તરફ ધ્યાન કરે. (આજકાલના જૂઠા બનાવટી સૂફીસંતો કહેવાતા મશાઈખ જેઓ દુનિયા કમાવા તથા વાહ વાહ કમાવા દીન વેચી રહ્યા છે, શરીઅત વિરૂધ્ધ ચાલી રહ્યા છે, તેમણે આના પરથી બોધ લઈ તૌબા કરી લેવી જોઈએ. –અનુવાદક)

પેજ નં. ૩૫ નું ચાલુ... અને મને માફ કર એ ડરના કારણે જે મારા માટે તારા દિલમાં સમાયેલો હોય. શફીકે કહ્યું, મેં જાણી લીધુ કે હકીકતમાં આ ઝાહિદ (દુનિયા તર્ક કરનાર) છે.

## ★ તર્કે દુનિયા તથા પરહેઝગારી ★

ઈબ્ને મુબારકે કહ્યું કે કૂફા પહોંચ્યો અને પૂછયું, અહીં સૌથી મોટો ઝાહિદ (દુનિયાની લાલચ ન રાખનાર) કોણ છે ? બધાએ કહ્યું, ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ. મક્કી ઈબ્રાહીમે કહ્યું, હું કૂફાવાળાઓની પાસે બેઠો તો તેઓમાંથી કોઈ વ્યક્તિને ઈમામ સાહબથી વધુ પરહેઝગાર નથી જોયો. હસન ઈબ્ને સાલેહ ફર્માવે છે કે ઈમામ સાહબ ખૂબ જ મોટા પરહેઝગાર હતા, હરામથી એટલા ડરતા કે શંકાના કારણે ઘણા હલાલને પણ છોડી દેતા હતા ! મેં કોઈ ફકીહને આપથી વધુ ઈલ્મવાળો તથા પોતાની જાતને બચાવવાવાળો નથી જોયો અને છેલ્લા શ્વાસ સુધી તે જ પરહેઝગારી અને તે જ કોશિશો સાથે જિંદગી પસાર કરી.

ઈબ્ને ઝિયાદહ્ કહે છે કે ખુદાની કસમ ! ઈમામ સાહબે કદી પણ કોઈ ખલીફાનો કોઈ હદીયો કે તોહફો કબૂલ નથી કર્યો. આપે આપના ભાગીદારની પાસે વેપારનો માલ મોકલ્યો જેમાં એક કપડુ નુકસાનીવાળું હતું. એને ફર્માવ્યું કે તેને વેચો તો અયબ જણાવીને વેચજો. તેમણે વેચી દીધુ પણ ભૂલથી અયબ જણાવવાનુ રહી ગયું અને એ પણ ન યાદ રહ્યું કે કઈ વ્યક્તિએ ખરીદયું છે. જ્યારે ઈમામ સાહબને આ વાતની જાણ થઈ તો બધી કિંમત સદકો કરી દીધી જે ત્રીસ હજાર દિરહમ હતી અને પોતાના ભાગીદારથી અલગ થઈ ગયા.

એકવાર કૂફાની બકરીઓમાં કોઈકની જબરદસ્તી છીનવી લેવાયેલી બકરી ભેગી થઈ ગઈ અને તે ઓળખાઈ પણ નહીં કે કઈ બકરી તે છે. તો આપે લોકોથી પૂછયું, બકરી કેટલા દિવસો સુધી જીવંત રહે છે ? લોકોએ કહ્યું કે સાત વરસ સુધી, તો ઈમામ સાહેબે સાત વરસ સુધી બકરીનો ગોશ્ત ખાધો નથી. *(ક્રમશઃ)*

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન કાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**યહ સુનકે બેખૂદ પુકાર ઉઠા, નિષાર જાઉં કહાં હૈ આકા**
**ફિર ઉનકે તલ્વોંકા પાઉં બોસા, યહ મેરી આંખોંકે દિન ફિરે થે**

**અર્થાત :** અર્શે આ'ઝમ વજૂદમાં આવીને પોકારી ઉઠયો, હે મારા આકા ! ﷺ હું આપના કદમો પર કુર્બાન થઈ જાઉં ! આપ ક્યાં છો ? ક્યારે મારા સીના પર આપની નાલૈન રાખી રહ્યા છો ? જલ્દી તશરીફ લાવો જેથી કરીને હું તમારા પગોને ચૂમવાની સદ્‌નસીબી હાંસલ કરું અને મારા નસીબાને જગાડુ. મવાહિબે લદુન્નિયામાં (૨/૨૨)માં છે : لما انتھی الی العرش تمسک العرش باذیالہ "જ્યારે આપ ﷺ અર્શે મુઅલ્લા પર પહોંચ્યા તો અર્શે મુઅલ્લા આપના રહમતના દામન સાથે બાઝી પડયો."

આપણે હુઝૂરના નામ પર અંગૂઠા ચૂમીએ તો લોકોને દૌરા પડે છે ! જરા અર્શને પૂછો કે આજે એને શું થઈ ગયું છે ?!

**ઈમામ યૂસુફ નબહાની رحمۃ اللہ علیہની મશહૂર રૂબાઈ છે :-**

عَلٰی رَأْسِ هٰذا الكَوْنِ نَعْلُ مُحَمَّدٍ    عَلَتْ فجمِيْعُ الخَلْقِ تَحْتَ ظِلَالِهٖ

لدی الطُّوْرُ مُوْسیٰ نُوْدِی اِخْلَعْ و اَحْمَدَ    عَلَی الْعَرْشِ لَمْ یُؤْذَنْ بِخَلِع نَعَالِهٖ

**(અર્થ) :** હઝરત રસૂલે કરીમ ﷺની નાલૈન મુબારકની શાન એ છે કે જ્યારે આપ મેઅરાજ પર ગયા તો નાલૈન મુબારક સર્વ કાઈનાતની ઉપર હતી અને સર્વ મખ્લૂક એ નાલૈન મુબારકના સાયાની નીચે હતી. અને કોહે તૂર પર હઝરત મૂસા علیہ السلامને નિદા (પુકાર) થઈ કે આપ નાલૈન પાક ઉતારી દો, અને હઝરત અહમદે મુજતબા ﷺને અર્શ નાલૈન પાક ઉતારવાનો હુકમ નથી મળ્યો.

**ઝુકા થા મુજરેકો અર્શે આ'લા, ગિરે થે સજદેમેં બઝ્મે બાલા**
**યહ આંખે કદમોંસે મલ રહા થા વો ગિર્દ કુર્બાન હો રહે થે**

**અર્થાત :** અર્શે મુઅલ્લા ઝુકીને સલામી આપી રહ્યો હતો અને મલાએ આ'લાના ફરિશ્તા શુક્રનો સજદો અદા કરી રહ્યા હતા (કે યા અલ્લાહ ! તારો શુક્ર છે કે તેં અમને ઘરે બેઠાં જ તારા મહબૂબનો દીદાર કરાવી દીધો છે.) અને જેવા હુઝૂર ﷺ અર્શે મુઅલ્લા પર જલ્વાગર તો અર્શ આપનાં મુબારક તલ્વાંને આંખોથી ઘસવા લાગ્યા અને મલાએ આ'લાના ફરિશ્તાઓ આપની આસપાસ નિષાર થવા લાગ્યા અને ઝબાને હાલથી કહેવા લાગ્યા :

*ઉન્હીંકી મેહફિલ સજા રહે હૈં, ચિરાગ હમારા હૈ રાત ઉન્કી–ઉન્હીં કે મતલબકી કેહ રહે હૈં ઝબાં હમારી હૈ બાત ઉન્કી*

**ઝિયાંએં કુછ અર્શ પર યહ આઈં કે સારી કંદીલેં ઝિલ મિલાઈં**
**હુઝૂરે ખુરશિદ ક્યા ચમકતે ચિરાગ મુંહ અપના દેખતે થે**

**અર્થાત :** અર્શે મુઅલ્લાથી કાંઈક એવાં રંગબેરંગી નૂરાની કિરણો ફૂટયાં કે તમામ ફાનસોની રોશની મંદ પડી ગઈ અને સિરાજે મુનીર, આફતાબે નબુવ્વત, માહતાબે રિસાલતના નૂરની સામે પોતાના જેવું મોં લઈને રહી ગયા ! ભલા સૂરજની સામે ચિરાગની શું મજાલ છે કે તે ચમકવાનું નામ પણ લે ?! કહેવત મશહૂર છે કે, "સૂરજને ચિરાગ દેખાડવા જેવી વાત છે." આ તે વખતે બોલાય છે જ્યારે કોઈ મોટાના મહાન કામની સામે નાનો શખ્સ મામૂલી કામ કરે, અથવા આજીજીના રૂપે બોલે છે. અને આકાનો દરબાર તો તે છે કે :

*દરે રસૂલપે કુદ્સી સલામ કરતે હૈં–યહ કામ વો હૈ જો વો સુબ્હો શામ કરતે હૈં*
*ષનાએ ખ્વાજાસે અખ્તર તુઝે મિલા યહ મકામ–કે અહ્લે ઈશ્ક તેરા એહતેરામ કરતે હૈં*

**યહી સમાં થા કે પયકે રહમત ખબર યહ લાયા કે ચલીયે હઝરત**
**તુમ્હારી ખાતિર કુશાદા હૈં જો કલીમ પર બંદ રાસ્તે થે**

**અર્થાત :** એ જ મુબારક ઘડીઓમાં રહમતનો ફરિશ્તો પયગામ લઈને આવ્યો કે હુઝૂર ! તશરીફ લઈ ચાલો ! (દીદારના માટે) જે માર્ગો મૂસા علیہ السلام માટે બંધ હતા, તે સર્વે આપના માટે ખોલી દેવામાં આવ્યા છે. તેમને તૂર પર બોલાવ્યા તો નાલૈન ઉતારવાનો હુકમ આપ્યો, આપ ﷺ અર્શે મુઅલ્લા પર નાલૈન સાથે તશરીફ લાવ્યા, અને દીદારે ખુદાવંદીની લિજ્જત પામ્યા.

નાલૈન સહિત અર્શ પર જવાનું વર્ણન કસસુલ અંબિયા, જવાહિરુલ બિહાર, રૂહુલ બયાન તથા સીરતે અરબીમાં છે. આ'લા હઝરત رضی اللہ عنہએ નાલૈન સહિત જવાવાળી રિવાયતને જો કે બેસનદ ઠરાવી છે પણ મૂળ પ્રસંગનો ઈન્કાર આપના થકી ક્યાંય પણ સાબિત નથી. સઅદી ફર્માવે છે : અર્શ અસ્ત કમીં પાયહ ઝ અયવાને મુહમ્મદ ﷺ

**બળ્હ અય મુહમ્મદ કરીં હો અહમદ, કરીબ આ સરવરે મુમજ્જદ**
**નિષાર જાઉં યહ ક્યા નિદા થી, યહ ક્યા સમાં થા યહ ક્યા મઝે થે**

**અર્થાત :** (જેવું કે મવાહિબે લુદુન્નિયહ પેજ–૨૯ પર રિવાયત છે કે જ્યારે જિબ્રઈલ, બુર્રાક તથા રફ રફ નીચે રહી ગયાં, અને હુઝૂર એકલા રહી ગયા તો એ આલમે નૂરમાં) અબૂ બક્ર સિદીક رضی اللہ عنہના અવાજમાં નિદા આવી : اُدن یا خیر البریۃ ادن یا محمد، ادن یا احمد لید نوا الحبیب۔ (એનો તર્જુમો આ'લા હઝરતે આ શેઅરમાં કર્યો) હે મારા પ્યારા ! આગળ વધો ! હે અહમદે મુખ્તાર ! હજી નજીક આવો ! હે સર્વ મખ્લૂકના સરદાર ! હજી આગળ આવો ! (અને હવે રોકાઈ જાવ : فدنی الجبار رب العزۃ (બુખારી શરીફ) ثم دنٰی فتدلّٰی فکان قاب قوسین او ادنٰی (અલ્કુર્આન) હે મુસ્તફાના આશિકો ! હવે આપ પણ સમજી જાવ. હું કુર્બાન જાઉં એ શું અવાજ હતો, એ શું સમાં હતો અને એમાં શું મજા તથા લત્ફ હશે !

*ઈબ્ને યઅકૂબકો અલ્લાહને સૂરત બખ્શી–ઈબ્ને મરયમકો મસીહાઈકી નેઅમત બખ્શી*
*હઝરત મૂસાકો યદે બયદાકી દૌલત બખ્શી–મેરે આકાકો બેપર્દા ઝિયારત બખ્શી*

**તબારકલ્લાહુ શાન તેરી તુઝહી કો ઝૈબા હૈ બેનિયાઝી**
**કહીં તો વો જોશે લન્તરાની, કહીં તકાઝે વિસાલ કે થે**

**અર્થાત :** હે અલ્લાહ ! તું ઘણો જ બરકતવાળો છે અને તારી શું શાન છે ? ખરેખર બેનિયાઝી તથા સમદિયત કેવળ તારી જ શાનને લાયક છે. અને તારાં કામો પણ કેવાં નિરાળાં તથા વજ્દ આફરિન છે કે મૂસા علیہ السلامને દીદાર તલબ કરવા છતાં ફર્માવી રહ્યો છે, "હે મૂસા ! તું મને હરગિઝ નથી જોઈ શકતો !" અને હબીબે એવી કોઈ માગણી પણ નથી કરી છતાં તેની દરેક માગણી (ઉમ્મતની બખ્શિશ, કયામતના દિવસે સવારીઓની વ્યવસ્થા વગેરે) પણ પૂર્ણ થઈ રહેલ છે, અને મુલાકાતના તકાઝા પણ ان اللہ قد اشتاق الی لقائک یا رسول اللہ۔ બલ્કે હબીબ બિસ્તર પર આરામ કરી રહ્યા છે, તો સૈયદુલ મલાઈકાથી પગોને બોસા અપાવીને ઉઠાડવામાં આવી રહ્યા છે, બુર્રાક પર સવાર કરવામાં આવી રહ્યા છે, મસ્જિદે અકસામાં નબીઓના ઈમામ બનાવવામાં આવી રહ્યા છે, અર્શ પર બોલાવવામાં આવી રહ્યા છે અને દીદાર કરાવવામાં આવી રહ્યો છે.

**હઝરત મૂસા علیہ السلام તથા ઈમામ ગિઝાલીનો દિલચસ્પ વાર્તાલાપ :** હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી رحمۃ اللہ علیہ શમાઈમે ઈમ્દાદિયહમાં ફર્માવે છે, નકલ થયેલ છે કે શબે મેઅરાજના જ્યારે આં હઝરત صلی اللہ علیہ وسلم મૂસા علیہ السلامથી મળ્યા, તો હઝરત મૂસા علیہ السلامએ પૂછયું કે عُلَمَاءُ اُمَّتِیْ کَاَنْبِیَاءِ بَنِیْ اِسْرَائِیْل જે આપે ફર્માવ્યું છે એ કેવી રીતે સહીહ થઈ શકે છે ? હઝરત હુજ્જતુલ ઈસ્લામ ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ હાજર થયા અને સલામ કાયદેસર રીતે બરકાતુહૂ વ મગફિરતુહ વગેરે અર્ઝ કરી. હઝરત મૂસા علیہ السلامએ ફર્માવ્યું કે, આ લંબાણ બુઝુર્ગોની સામે કરો છો ?! આપે (ઈમામ ગિઝાલીએ) અર્ઝ કરી, આપને હક્ક તઆલાએ કેવળ આટલુ જ પૂછયું હતું : وَمَا تِلْکَ بِیَمِیْنِکَ یَا مُوْسٰی તો શા માટે આટલો લાંબો જવાબ આપ્યો કે : هِیَ عَصَایَ اَتَوَکَّؤُا عَلَیْهَا وَاَهُشُّ بِهَا عَلٰی غَنَمِیْ وَلِیَ فِیْهَا مَاٰرِبُ اُخْرٰی۔الاٰیہ

આં હઝરત صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : ادب یا غزالی "અદબ કરો હે ગિઝાલી !" (શમાઈમે ઈમ્દાદિયહ, પેજ–૧૩૪, કૌમી પ્રેસ લખનૌ)

નબરાસના લેખક શારેહે અકાઈદે નસ્ફિયા رحمۃ اللہ علیہ પોતાની વિશ્વ વિખ્યાત કિતાબ નબરાસ શરહે અકાઈદે નસ્ફિયામાં ફર્માવે છે : ઈમામ કુત્બે ઝમાં અબુલ હસન શાઝલી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે મેં ખ્વાબમાં જોયું કે હુઝૂર صلی اللہ علیہ وسلم હઝરત મૂસા علیہ السلام તથા હઝરત ઈસા علیہ السلامની સામે ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہની સાથે ફખ્ર ફર્માવી રહ્યા છે કે શું તમારી ઉમ્મતોમાં ગિઝાલી જેવો કોઈ આલિમ છે ?! અમુક લોકો ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہનો ઈન્કાર કરી રહ્યા હતા તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ખ્વાબમાં તેમને કોરડા લગાડયા. જ્યારે તેઓ જાગૃત થયા તો કોરડાઓનાં નિશાન તેમના શરીર પર હતાં. *(નબરાસ, પેજ–૩૮૮)*

ઈમામ ગિઝાલીના વિશે એ જ બનાવને ઈમામ રાગિબ رحمۃ اللہ علیہએ મુહાદિરાતમાં સૈયદના ઈમામ શાઝલી સાહબ હિઝબુલ બહર رضی اللہ عنہથી આ પ્રમાણે નકલ ફર્માવ્યું કે : "હું એકવાર મસ્જિદ અકસામાં સૂઈ ગયો. ખ્વાબમાં જોઉં છું કે મસ્જિદે અકસાની બહાર હરમની વચ્ચે એક તખ્ત બિછાવવામાં આવ્યો અને ટોળે ને ટોળે લોકોની ભીડ થવાની શરૂ થઈ. મેં પૂછયું કે આ શાની ભીડ છે ? જાણવા મળ્યું કે તમામ રસૂલો તથા અંબિયા علیہم السلام હુઝૂર સૈયદે આલમ હઝરત મુહમ્મદ રસૂલ صلی اللہ علیہ وسلمની ખિદમતે અકદસમાં મન્સૂર હલ્લાજની સિફારિશના

બારામાં શફાઅતના માટે હાજર થઈ રહ્યા છે. મેં જો તખ્ત જોયો તો તેના પર કેવળ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ રોનક અફરોઝ છે અને સર્વ અંબિયા علیہم السلام બેઠેલા છે. હું ત્યાં રોકાય ગયો અને એ મુકદ્દસ હઝરાતે હઝરત મુહમ્મદ ﷺને અર્ઝ કરી, હુઝૂર ! આપે ફર્માવ્યું કે عُلَمَاءُ اُمَّتِیْ کَانْبِیَاءِ بَنِیْ اِسْرَائِیْل "મારી ઉમ્મતના ઉલમા બની ઈસ્રાઈલના અંબિયાની જેમ છે." તો એઓમાંથી કોઈ આલિમ દેખાડો. હુઝૂર ﷺએ ઈમામ ગિઝાલીને બોલાવીને તેમને એક સવાલ કર્યો. ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ એના દસ જવાબો આપ્યા. મૂસા علیہ السلامએ ફર્માવ્યું, જવાબ સવાલના પ્રમાણે હોવો જોઈએ ! એક સવાલનો એક જવાબ આપવાનો હતો, આપે દસ જવાબ શા માટે આપ્યા ?" ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ અર્ઝ કરી, હુઝૂર ! (માફ કરજો) અલ્લાહ તઆલાએ આપને પણ એક જ સવાલ કર્યો હતો : وَمَا تِلْكَ بِيَمِيْنِكَ يٰمُوْسٰى "હે મૂસા ! તમારા ડાબા હાથમાં શું છે ?" આપે એના કેટલાયે જવાબો આપ્યા કે આ મારી લાકડી છે, હું એના પર ટેકો લગાડુ છું. અને એના વડે મારી બકરીઓના માટે પાંદડાં ઝાળુ છું. અને એના ઉપરાંત મારાં અન્ય કામો પણ એના થકી થાય છે. જ્યારે કે અલ્લાહ તઆલાના સવાલનો એક જવાબ પૂરતો હતો કે આ મારી લાકડી છે. ઈમામ શાઝલી رحمۃ اللہ علیہ ફર્માવે છે, આ મન્ઝર જોઈને હુઝૂર નબી કરીમ ﷺ એકલા તખ્ત પર જલ્વા અફરોઝ થાય છે અને સર્વ રસૂલો તથા નબીઓ ખાસ કરીને હઝરત ઈબ્રાહીમ علیہ السلام, મૂસા કલીમુલ્લાહ علیہ السلام, નૂહ નજીબુલ્લાહ علیہ السلام, ઈસા રૂહુલ્લાહ علیہ السلام જેવા ઉલૂલ અઝ્મ અંબિયા علیہم السلام સૌ હુઝૂર ﷺની સામે જમીન પર બેઠેલા છે. કેટલી મહાન અઝમત તથા જલાલતે મુહમ્મદીનું પ્રદર્શન થઈ રહ્યું છે ! હું સોચ વિચારમાં હતો અને મારા દિલમાં (ખ્વાબની હાલતમાં) હુઝૂર ﷺની કદર તથા મંઝિલત પર આશ્ચર્યમય હતો એવામાં અચાનક કોઈએ મને પગ વડે ઠોકર મારી જેના ઝટકાથી હું જાગી ગયો. મેં તેને જોયો તો તે મસ્જિદે અક્સાનો વ્યવસ્થાપક હતો અને એ વખતે મસ્જિદની કન્દીલો રોશન કરી રહ્યો હતો. તેણે મને કહ્યું, શું આશ્ચર્ય કરે છે ? આ સૌ હુઝૂર ﷺના નૂરથી જ પેદા થયેલ છે. આ સાંભળીને મારા પર બેહોશી છવાઈ ગઈ. નમાઝ માટે જમાઅત ઉભી થઈ ત્યારે મને રાહત થઈ. મેં તે મસ્જિદના વ્યવસ્થાપકને શોધ્યો પણ આજ સુધી તે નથી મળ્યો. *(રૂહુલ બયાન, ૫/૭૫)*

**સવાલ** : એનો મતલબ એ થયો કે ઈમામ ગિઝાલીએ મૂસા علیہ السلامને (મઆઝલ્લાહ !) લાજવાબ કરી દીધા ?!

**જવાબ** : આ ઈમ્તેહાનની વાત થઈ રહી છે. અને પરીક્ષામાં પરીક્ષકના સવાલોના જવાબોથી પરીક્ષકનું લાજવાબ થવું સાબિત નથી થતુ, બલ્કે વિદ્યાર્થીની કાબેલિયતની દલીલ હોય છે. અને જવાબનું અધિક હોવું અને વાતને લંબાવવું કેટલાક કારણોસર હોય છે. એમાંથી એક એ પણ છે કે જેથી વાતચીતનો શરફ વધુ વાર સુધી રહે અને કલામની લિજ્જતથી સુકૂન મળતુ રહે. જેમ કે ખુદ મૂસા علیہ السلامએ પણ અલ્લાહ તઆલાથી અસાના બારામાં વાતચીત (કલામ)ને લાંબી કરી. મુફસ્સિરોએ આનુ પણ એ જ કારણ દર્શાવ્યું છે.

**ખિરદસે કહ દો કે સર ઝુકા લે, ગુમાનસે ગુઝરે ગુઝરનેવાલે**
**પળે હૈ યાં ખુદ જેહતકો લાલે કિસે બતાએં કિધર ગયે થે**

**અર્થાત** : બુધ્ધિને કહી દો કે ક્યા વિચારોમાં ડૂબેલી છે ?! નઝારો તારી સમજમાં નથી આવી શકતો, સ્વીકારનું માથુ નમાવી લે. પસાર થનારા પસાર થઈ ગયા અને તારી હવાને પણ ખબર ન પડી શકી અને તેને શું ખબર પડવાની ?! અહીં છએ દિશાઓ માયૂસી તથા પરેશાનીના આલમમાં છે, તેઓ કોને બતાવે કે હુઝૂર કઈ બાજુ ગયા, કેમ કે તેઓ તો એ બાજુ ગયા છે જે બાજુ ન દિશા છે ન તરફ, ન મકાન ન મકાનિયત ન જિસ્મ છે ન જિસ્માનિયત. *(ક્રમશઃ)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## ઈકાલાનું બયાન
### (સોદાને રદ કરવા વિશે)

**મસ્અલા** : બે માણસો વચ્ચે જે સોદો થયો હોય તેને ઉઠાવી લેવાને (રદ કરવાને) ઈકાલા કહે છે. મેં ઈકાલો કર્યો, છોડી દીધો, રદ કર્યો અથવા તો બીજાના કહેવાથી માલ કે તેની કિંમત પાછી ફેરવવી અને બીજાનો માલ લઈ લેવો એને ઈકાલો કહેવાય છે. નિકાહ, તલાક, અતાક, ઈબરાનો ઈકાલો થઈ શકતો નથી. બંનેમાંથી એક ઈકાલો (સોદો ઉઠાવી લેવા ચાહતો હોય તો) બીજાએ મંઝૂર કરી લેવો, છૂટા કરી દેવું મુસ્તહબ છે અને તે સવાબનો મુસ્તહિક (હકદાર) છે.

**મસ્અલા** : ઈકાલામાં બીજાએ કબૂલ કરી લેવું જરૂરી છે. એટલે કે એક માણસ એકલો ઈકાલો કરી શકતો નથી અને એ જ બેઠકમાં કબૂલ કરી લેવું જરૂરી છે. પરિણામે જો એક જણે ઈકાલાના શબ્દો કહ્યા પરંતુ બીજાએ કબૂલ ન કર્યા અથવા બેઠક (મજલિસ) પૂરી થયા પછી કબૂલ કર્યા તો ઈકાલો થયો ગણાશે નહીં. (જેમ કે ખરીદનાર માલને પાછો આપવા વેચનાર પાસે લાવ્યો તેણે ઈન્કાર કર્યો તો ઈકાલો ન થયો). પછી જો ખરીદનારે માલને ત્યાં જ છોડી દીધો અને પાછળથી વેચનારે એ માલનો ઉપયોગ પણ કરી લીધો તો પણ ઈકાલો ન થયો. એટલે કે જો ખરીદનાર કિંમત પાછી માંગતો હોય તો એ કિંમત પાછી આપવાથી ઈન્કાર કરી શકે છે. કેમ કે જયારે સ્પષ્ટ ઈન્કાર કરી ચૂક્યો છે તો ઈકાલો થયો નહીં. એ જ રીતે એક વ્યકિતએ ઈકાલાની દરખાસ્ત કરી, બીજાએ તે સમયે કંઈ ન કહ્યું અને મજલિસ પૂરી થયા બાદ ઈકાલાને કબૂલ કરે છે અથવા પહેલી વખત એવું કોઈ કામ કરે છે જેના પરથી સમજી શકાય કે એને (ઈકાલો) મંઝૂર નથી, એના પછી કબૂલ કરે છે તો એ કબૂલ કરવું સહીહ નથી. *(દર વ રદ)*

**મસ્અલા** : ઈકાલાની શરતો આ પ્રમાણે છે : (૧) બંનેનું રાજી હોવું (૨) એક જ મજલિસ હોવી (૩) જો ફકત વેચાણનો ઈકાલો હોય તો એક જ મજલિસમાં કબ્જાઓની ફેરબદલી હોવી (૪) માલનું હાજર હોવું શર્ત છે, કિંમતનું બાકી હોવું શર્ત નથી (૫) વેચાણ માટેનો માલ એવી ચીજ હોય જેમાં જોવાની છૂટ તથા એબની છૂટને કારણે છૂટની શરત રદ થઈ શકતી હોય (૬) જો માલમાં (વેચેલા) એટલો બધો વધારો થવા પામ્યો કે જેના કારણે સોદો રદ ન થઈ શકે તો ઈકાલો પણ થઈ શકતો નથી. (૭) વેચનારે ખરીદનારને કબ્જો આપતાં પહેલાં કિંમતની ખેરાત ન કરી હોય. *(આલમગીરી, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ઈકાલાના વખતે માલ (વેચેલો) મૌજૂદ હતો પરંતુ પાછા આપતાં પહેલાં હલાક થઈ ગયો તો ઈકાલો બાતિલ થઈ ગયો. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : વેચાણમાં (સોદામાં) જે કિંમત હતી એના પર કે એના જેવી (મિષ્લ) ચીજ પર ઈકાલો થઈ શકે છે. જો ઓછા કે વધારા પર ઈકાલો થયો તો શર્ત બાતિલ છે. ઈકાલો સહીહ નથી અર્થાત એટલો જ દેવો પડશે જેટલી વેચાણ સમયે કિંમત હતી (વેચાણ કિંમત જેટલો માલ). જેમ કે હજાર

રૂપિયામાં એક ચીજ ખરીદી એનો ઈકાલો હજારમાં કર્યો એ સહીહ છે અને જો દોઢ હજારમાં કર્યો તો પણ હજાર દેવા પડશે અને પાંચસોની વાત કરવાનો કોઈ અર્થ નથી અને જો પાંચસોમાં કર્યો અને માલમાં (વેચેલા) કોઈ નુકસાન નથી આવ્યું તો પણ હજાર દેવા પડશે અને માલમાં નુકસાન આવ્યું હોય તો કમી સાથે ઈકાલો થઈ શકે છે.

*(હિદાયા, આલમગીરી)*

**મસ્અલા** : ઈકાલામાં બીજા પ્રકારની કિંમતની વાત કરવામાં આવી જેમ કે વેચાણ રૂપિયામાં થયું છે અને ઈકાલામાં અશરફી યા નોટ પાછી ફેરવવા નક્કી કરવામાં આવ્યું તો ઈકાલો સહીહ છે અને તે જ કિંમત પાછી આપવી પડશે, જેમાં વેચાણ થયું હતું. બીજી કિંમતની વાત કરવી બેકાર છે. *(આલમગીરી)*

**મસ્અલા** : વેચેલા માલમાં નુકસાન આવ્યું હતું એના કારણે કિંમત કરતાં ઓછામાં ઈકાલો કરવામાં આવ્યો પરંતુ તે એબ (ખામી) જતી રહી તો ખરીદનાર વેચનાર પાસેથી તે કમી પાછી લેશે જે કિંમતમાં થઈ છે (ઓછી કરેલી કિંમત પાછી લેશે). *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : તાજો સાબુ વેચવામાં આવ્યો હતો, સૂકાયા પછી તેનો ઈકાલો કરવામાં આવ્યો તો ખરીદનારે ફકત સાબુ જ દેવો પડશે. *(બહર)*

**મસ્અલા** : સોદો કરનારાઓના હક્કમાં સોદો ફોક કરવો ઈકાલો છે અને બીજાના હક્કમાં (માટે) એ નવું વેચાણ છે. પરિણામે જો ઈકાલાને રદ ન ગણી શકતા હોય તો ઈકાલો બાતિલ છે, જેમ કે વેચેલો માલ લોંડી યા જાનવર છે જેના કબ્જા પછી બચ્ચુ પેદા થયું તો એનો ઈકાલો થઈ શકતો નથી.

*(હિદાયા, ફતેહ)*

**મસ્અલા** : વેચેલા માલનો કોઈ ભાગ હલાક થઈ ગયો અને થોડોક બાકી છે એમાં ઈકાલો થઈ શકે છે અને જો વેચાણ ઉધાર હોય (અર્થાત બંને તરફ ઉધાર હોય) અને એક હલાક થઈ ગઈ તો ઈકાલો થઈ શકે છે. બંને જતી રહી તો (ઈકાલો) થઈ શકશે નહીં. *(હિદાયા)*

**મસ્અલા** : વેચનારે જો ખરીદનાર પાસેથી થોડી વધારે કિંમત લીધી અને ખરીદનાર ઈકાલો કરવા ચાહતો હોય તો ઈકાલો કરી દેવો જોઈએ અને જો ખૂબ વધારે પ્રમાણમાં ધોકો દીધો હોય તો ઈકાલાની જરૂરત નથી. ખરીદનાર એકલો જ સોદો (વેચાણ) રદ કરી શકે છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : વેચેલા માલમાં જો વધારાનો ફેરફાર પેદાઈશી ન હોય, જેમ કે કપડામાં રંગ, મકાનમાં નવું બાંધકામ તો ઈકાલો થઈ શકતો નથી. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : ત્રીજા હક્કમાં ઈકાલો નવુ વેચાણ (ગણાશે) છે. પરિણામે મકાનનુ વેચાણ થયું હતું અને શફીએ શુફઆથી (હક્ક આપવાથી) ઈન્કાર કર્યો હતો, પછીથી ઈકાલો કરવામાં આવ્યો તો હવે શફીઅ ફરીથી શુફઆ કરી શકે છે (હક્ક આપી શકે છે) અને તે નવો હક્ક હાસિલ થશે. *(બહર)*

**મસ્અલા** : કોઈ ચીજ ખેરાત કરી, જેને બખ્શિશ કરવામાં આવી તેણે એને વેચી દીધી. પછીથી ઈકાલો થયો હોય તો ખેરાત કરવાવાળો એને પાછી આપી શકતો નથી. *(બહરુર્રાઈક)*

**મસ્અલા** : જે રીતે વેચાણનો ઈકાલો થઈ શકે છે, ખૂદ ઈકાલાનો પણ ઈકાલો થઈ શકે છે. ઈકાલાનો ઈકાલો કરવાથી ઈકાલો જતો રહ્યો અને વેચાણ પાછું ફર્યું. હા ! એડવાન્સ વેચાણમાં જો મુસ્લિમ ફીહ પર કબ્જો નથી થયો (કબ્જો થતા પહેલાં) અને ઈકાલો થઈ ગયો તો એ ઈકાલાનો ઈકાલો થઈ શકતો નથી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

*–(ક્રમશઃ)*

## (૫) રોઝેકે બારે મેં ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

**અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ**

**હપ્તો : ૧૯**

**૧. ક્યા રોઝેકી હાલતમેં ઈન્જેક્શન લગવા સકતે હૈં ?**

અવામમેં યે બાત મશ્હૂર હૈ કે રોઝે કી હાલતમેં ઈન્જેક્શન નહીં લગા સકતે ઔર અગર લગવા દિયા તો રોઝા ટૂટ જાએગા. શરીઅતકે એઅ્તેબાર સે યે બિલ્કુલ ગલત હૈ, ક્યૂં કે ઈન્જેક્શન લગવાનેસે રોઝા નહીં ટૂટતા. જૈસા કે ''મજલિસે શરઈ કે ફેસ્લે'' મેં હૈ :

''ઈન્જેક્શનસે રોઝા ફાસિદ નહીં હોગા ચાહે ગોશ્ત મેં લગાયા જાએ યા રગ મેં લગાયા જાએ. ''જમ્હૂર ફુકહાએ એહલે સુન્નત કા યહી મવકિફ હૈ.''

*(મજલિસે શરઈ કે ફેસ્લે, જિલ્દ :૨, સફહા : ૨૨૩)*

**૨. રોઝેકી હાલત મેં ખૂન નિકલવાના કૈસા હૈ ?**

બહોત સારે લોગોંકા યે ખયાલ હૈ કે રોઝેકી હાલત મેં ખૂન નિકલવાને સે રોઝા ટૂટ જાતા હૈ, જબકે યે ગલત હૈ. રોઝેકી હાલતમેં ખૂન નિકલવાને યા નિકલને સે રોઝે પર કોઈ અષર નહીં પળતા. હાં ! બા'ઝ સૂરતોં મેં ખૂન નિકલવાના જાઈઝ હૈ ઔર બા'ઝ મેં મકરૂહ વ મના, લેકિન ફિર ભી અગર મનાવાલી સૂરત મેં કિસી રોઝેદારને ખૂન નિકલવાયા તો ઉસસે રોઝા નહીં ટૂટેગા. યહાં એક ચીઝ યાદ રખી જાએ કે ખૂન નિકલવાને સે પેહલે અગર કુછ ખાયા પિયા તો ઈસસે રોઝા ટૂટ જાએગા.

કિસ સૂરત મેં ખૂન નિકલવાનેકી ઈજાઝત હૈ ઔર કિસ સૂરત મેં મના, ઈસકી મુકમ્મલ તફસીલ ''મજલિસે શરઈ કે ફેસ્લે''કી મુન્દરજા ઝૈલ ઈબારત મેં મૌજૂદ હૈ, લિહાઝા ઈસે બગોર મુલાહઝા ફર્માએં :

**સવાલ :** ક્યા રોઝેકી હાલત મેં ખૂન ટેસ્ટ કરાના યા બ્લડ બેંક મેં અતિય્યા (તોહફા) દેના યા ઈમરજંસીકી સૂરત મેં કિસીકી જાન બચાનેકે લિયે ખૂન દેના જાઈઝ હૈ યા નહીં ?

**જવાબ :** ઈસ સવાલકે તીન અજઝા હૈં : (૧) રોઝેકી હાલત મેં ખૂન ટેસ્ટ કરના. (૨) બ્લડ બેંક મેં ખૂન કા અતિય્યા દેના. (૩) ઈમરજન્સીકી સૂરત મેં કિસી કી જાન બચાનેકે લિયે ખૂન દેના ઈનકે જવાબાત તર્તીબવાર દર્જે ઝૈલ હૈં :

**(૧)** રોઝેકી હાલતમેં ખૂન ટેસ્ટ કરના જાઈઝ હૈ ઔર ઈસમેં કોઈ કરાહત ભી નહીં હૈ, ક્યૂં કે ટેસ્ટકે લિયે મઅમૂલી ખૂન લિયા જાતા હૈ. જિસ સે ઝોઅ્ફકા કોઈ અંદેશા નહીં હોતા.

**(૨)** રોઝેકી હાલત મેં બ્લડ બેંક મેં ખૂન કા અતિય્યા દેના મકરૂહ વ મમ્નૂઅ હૈ ઈસ લિયે કે અતિય્યા દેનેકી સૂરત મેં ૨૫૦/ સે ૩૦૦/મિલી લીટર તક ખૂન નિકાલ લિયા જાતા હૈ જિસ સે રોઝેદારકો કમઝોરી લાહિક હોનેકા કવી અંદેશા હોતા હૈ.

**(૩)** કિસીકી જાન બચાને કે લિયે બહાલતે રોઝા ખૂન દેના જાઈઝ હૈ ઈસ લિયે કે શરીઅત મેં જિસ તરહ સે અપની ઝરૂરતકા લિહાઝ રખા ગયા હૈ ઈસી તરહ દૂસરે મુસલમાન કી ઝરૂરતકા ભી લિહાઝ હૈ. હાં ! અગર ઉસકે અલાવા કોઈ ગૈર રોઝેદાર ખૂન દેને કે લિયે મિલ જાએ ઔર ઉસકા ખૂન મરીઝ કે લિયે કાફી હો યા રાત મેં ભી ખૂન દેનેકી ગુંજાઈશ હો તો

**અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી** *(સદર મજલિસે ક઼ઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)*

ઈસ સૂરત મેં બહાલતે રોઝા ખૂન દેના મકરૂહ હોગા."

*(મજલિસે શરઈ કે ફૈસ્લે, જિલ્દ : ૨, સફહા : ૨૪૫)*

**૩. રોઝેકી હાલતમેં ખૂન ચળ્હાના કૈસા હૈ ?**

કુછ લોગોં મેં યે ગલત ફેહમી પાઈ જાતી હૈ કે ખૂન ચળ્હાને સે રોઝા ટૂટ જાતા હૈ, હાલાં કે યે લગત હૈ. આમ તોર પર જો ખૂન ચળ્હાનેકા તરીક઼ા હૈ કે ઈન્જેક્શન સે સૂરાખ કરકે વહાંસે બદન કે અંદર ખૂન ચળ્હાયા જાતા હૈ, ઈસ સે રોઝા નહીં ટૂટતા. ઐસા હી "મજલિસે શરઈ કે ફૈસલે" જિલ્દ : ૨, સફહા : ૨૨૩ પર હૈ.

હાં ! બગૈર ઝરૂરતકે ખૂન ચળ્હાના મકરૂહ હૈ.

**૪. ક્યા રમઝાન કા રોઝા સહીહ હોને કે લિયે સેહરી ખાના ઝરૂરી હૈ ?**

અકષર અવામ મેં યે ગલત મસ્અલા મશ્હૂર હૈ કે રોઝા સહીહ હોને કે લિયે સેહરી ખાના ઝરૂરી હૈ, લિહાઝા અગર કોઈ રમઝાન મેં સહેરી કે લિયે નહીં ઉઠ પાયા તો સમજા જાતા હૈ કે અબ વોહ રોઝા નહીં રખ સકતા. હાલાં કે યે શરઅન ગલત હૈ. સેહરી ખાના શરીઅત કે એઅતેબારસે મુસ્તહબો બેહતર હૈ, ઝરૂરી નહીં કે ઉસકે બગૈર રોઝા હી સહીહ ન હો. બલ્કે અગર કોઈ રાત હી મેં રોઝે કી નિય્યત કરકે સોતા હૈ યા સુબહ બેદાર હોને કે બા'દ ઈસ તરહ રોઝે કી નિય્યત કર લેતા હૈ કે મેં સુબ્હ સાદિક઼સે રોઝેદાર હૂં તો ઈન દોનોં સૂરતોં મેં ભી ઉસકા ફર્ઝ રોઝા સહીહ હોગા.

"બહારે શરીઅત"મેં હૈ : "સેહરી ખાના ઔર ઉસમેં તાખીર કરના મુસ્તહબ હૈ, મગર ઈત્ની તાખીર મકરૂહ હૈ કે સુબ્હ હો જાનેકા શક હો જાએ."*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૫, સફહા : ૯૯૮)*

ઉસી "બહારે શરીઅત" મેં એક ઔર જગહ પર હૈ :–

"અદાએ રોઝએ રમઝાન (રમઝાનકા અદા રોઝા) ઔર નઝરે મુઅય્યન દિન કે રોઝેકી મન્નત) ઔર નફલ રોઝોં કે લિયે નિય્યતકા વક્ત ગુરૂબે આફતાબ સે ઝહવે કુબ્રા તક હૈ. (યાની : ઝવાલ સે પેહલે તક), ઈસ વક્ત મેં જબ નિય્યત કર લે, યે રોઝે હો જાએંગે.

દિન મેં નિય્યત કરે તો ઝરૂરી હૈ કે યે નિય્યત કરે કે મેં સુબ્હ સાદિક઼ સે રોઝેદાર હૂં ઔર અગર યે નિય્યત હૈ કે અબસે રોઝેદાર હૂં, સુબ્હ સે નહીં તો રોઝા ન હુવા.

અગરચે ઈન તીન ક઼િસ્મકે રોઝોંકી નિય્યત દિન મેં હો સકતી હૈ, મગર રાતમેં નિય્યત કર લેના મુસ્તહબ હૈ." *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૫, સફહા : ૯૬૭/૯૬૮)*

**૫. અગર કોઈ સેહરી કે વક઼્ત નહીં ઉઠ પાયા ઔર સુબ્હ ૮/૯ બજે આંખ ખુલી તો ક્યા અબ વોહ રોઝા નહીં સકતા હૈ ?**

સેહરી કે વક઼્ત કોઈ નહીં ઉઠ પાયા ઔર સુબ્હ ૮/૯ બજે આંખ ખુલી તો ઐસે શખ્સ કે રોઝા રખનેકે બારે મેં આમ તોર પર યે સમજા જાતા હૈ કે ઐસે શખ્સકો અબ રોઝા રખનેકી ઈજાઝત નહીં. હાલાં કે યે લગત હૈ. સુબ્હ ૮/૯ બજે ભી અગર કોઈ રોઝેકી નિય્યત કરના ચાહતા હૈ તો બગૈર ખાએ પીએ ઈસ તોર પર નિય્યત કર સકતા હૈ કે મૈં સુબ્હ સાદિક઼સે રોઝેદાર હૂં ઔર યે નિય્યતકી ઈજાઝત ઝહવે કુબ્રા જિસે ઝવાલકા વક઼્ત કહા જાતા હૈ ઉસ સે પેહલે તક હૈ. જૈસા કે "બહારે શરીઅત" કે હવાલે સે ઉપર બયાન હો ચુકા.

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તો: ૦૨

"બહારે શરીઅત" (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **"ઈસ્લામી અખ્લાક઼ો આદાબ"** એ "બહારે શરીઅત"નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

## ★ ફિક઼્હના મસાઈલ ★

કેટલીક સ્થિતિમાં ખાવાનું ફર્ઝ છે કે ખાવામાં સવાબ છે, અને ન ખાવામાં અઝાબ. જો ભૂખ એટલી વધારે હોય કે ન ખાવા પર મૃત્યુ પામશે તો એટલું ખાઈ લે જેનાથી જાન બચી જાય ફર્ઝ છે. અને આ પરિસ્થિતિમાં જો ખાધુ નહીં ત્યાં સુધી કે મૃત્યુ પામ્યો તો ગુનેહગાર થશે. એટલું ખાય લેવું કે ઊભા રહીને નમાઝ પઢવાની તાક઼ત આવી જાય અને રોઝો રાખી શકે એટલે કે ન ખાવાથી એટલો કમજોર થઈ જાય કે ઊભો થઈને નમાઝ નહીં પઢી શકે અને રોઝો નહીં શકે તો આટલા માપનું ખાય લેવું જરૂરી છે અને તેમાં પણ સવાબ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા–૧** : ઈઝતેરાબની હાલત એટલે કે જ્યારે જાન નીકળી જવાનો ડર હોય અને હલાલ વસ્તુ ખાવાની નથી મળતી તો હરામ અથવા મુરદાર અથવા બીજી કોઈ વસ્તુ ખાયને પોતાનો જીવ બચાવી લે અને વસ્તુ ખાય લેવાથી તેની પૂછતાછ નહીં કરવામાં આવે, બલ્કે ન ખાવા પર મૃત્યુ પામ્યો તો પૂછતાછ થશે, ભલે પારકી વસ્તુ ખાવામાં તાવાન આપવું પડશે.
*(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા–૨** : તરસથી મૃત્યુ પામવાનો અંદેશો હોય તો કોઈ વસ્તુ પીને પોતાની જાનને બચાવવી ફર્ઝ છે. પાણી નથી અને શરાબ મૌજૂદ છે અને ખબર છે કે તેને પીવાથી જાન બચી જશે તો એટલી પીએ કે જાન નીકળી જવાનો ડર જતો રહે.
*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા–૩** : એક માણસ એટલો કમજોર છે કે તેને જાન જવાનો ખતરો છે અને બીજો માણસ કહે છે કે તું મારો હાથ કાપીને ખાઈ લે તો તે ગોશ્ત ખાવાની ઈજાઝત નથી એટલે કે ઈન્સાનનો ગોશ્ત ખાવો આ હાલતમાં પણ મુબાહ નથી. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા–૪** : બીજાની પાસે ખાવા પીવાની વસ્તુ છે તો કિંમતથી ખરીદીને ખાઈ પી લે. તે કિંમતથી પણ નથી આપતો અને તેની જાન જઈ રહી છે તો તેનાથી જબદસ્તી છીનવી લે, અને તેના માટે પણ આ જ અંદેશો છે તો થોડુ ખાઈ લે અને થોડું તેના માટે છોડી દે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા–૫** : ખાવા પીવા પર દવા અથવા ઈલાજનો કયાસ ન કરવામાં આવે એટલે કે જાન જવાના ખતરાના સમયમાં મુરદાર અને શરાબ

ખાવા–પીવાની છૂટ છે. પરંતુ દવા માટે શરાબ જાઈઝ નથી. કારણ કે મુરદાર ગોશ્ત અને શરાબ હકીકતમાં ભૂખ અને પ્યાસને મીટાવે છે અને દવા માટે શરાબ પીવાથી યકીનની રીતે નથી કહી શકતા કે તે બીમારી દૂર થઈ જ જશે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા–૬** : ભૂખથી ઓછું ખાવું જોઈએ અને જેટલી ભૂખ લાગી હોય તેટલું ખાવું મુબાહ છે. એટલે કે ન સવાબ છે ન ગુનોહ. કારણ કે તેનો પણ કોઈ સાચો હેતુ હોઈ શકે છે કે શક્તિ વધારે થશે, અને ભૂખથી વધારે ખાય લેવું હરામ છે. વધારે ખાવાનો મતલબ એ છે કે એટલું ખાઈ લેવું જેનાથી પેટ ખરાબ થવાનો સંદેહ હોય. દા.ત. ઝાડા થઈ જાય, તબિયત ખરાબ થઈ જાય. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા–૭** : ભૂખથી થોડું વધારે એટલા માટે ખાવું કે આવતી કાલે રોઝો સારી રીતે રાખી શકશે, રોઝામાં કમજોરી પેદા નહીં થાય તો વાંધો નથી જ્યારે કે એટલુ જ વધારે હોય કે જેનાથી પેટ ખરાબ ન થાય. અને ખબર છે કે વધુ ન ખાધું તો કમજોરી પૈદા થશે અને બીજા કામોમાં તકલીફ પડશે. એવી જ રીતે મહેમાનની સાથે ખાય રહ્યો છે અને ખબર છે કે હાથ પાછો ખેંચી લઈશ તો મહેમાન શરમાઈ જશે અને આરામથી નહીં ખાઈ શકે તો આ સમયે થોડું વધારે ખાય લે તો તેની ઈજાઝત છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા–૮** : ધરાઈને ખાવું એટલા માટે કે નફ્લ વધારે પઢી શકશે અને પઢવા પઢાવવામાં કમજોરી પેદા ન થશે, સારી રીતે એ કામને અંજામ આપી શકશે તો મુસ્તહબ (મન્દૂબ) છે. અને ધરાઈને ખાય લીધુ પરંતુ એટલું વધારે નહીં કે પેટ ખરાબ થઈ જાય તો એ મકરૂહ છે. ઈબાદત કરનાર માણસને છૂટ છે કે મુબાહ જેટલું ખાય અથવા મુસ્તહબ જેટલુ. પરંતુ તેણે એવી નિય્યત કરવી જોઈએ કે એના માટે ખાઉં છું કે ઈબાદતમાં તાકાત પેદા થાય કે આવી નિય્યતથી ખાવું પણ એક જાતની ફર્માંબરદારી છે. ખાવાથી તેનો મક્સદ લિજ્જત પામવા તથા મનેચ્છા પૂર્ણ કરવાનો ન હોય કે તે બુરી વસ્તુ છે. કુર્આન મજીદમાં કાફિરો માટેની આ સિફતનું વર્ણન કરવામાં આવ્યું છે કે ખાવાથી તેનો મક્સદ લિજ્જત પામવા તથા મનેચ્છા પૂર્ણ કરવાનો હોય છે. અને હદીષમાં વધારે ખાવુ કાફિરોની ખાસિયત બતાવેલ છે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા–૯** : રિયાઝત અને મુજાહિદામાં એટલું ઓછું ખાવું જેનાથી ફર્ઝ ઈબાદતમાં કમજોરી પૈદા કરે. દા.ત. એટલો કમજોર થઈ જાય કે ઉભો થઈને નમાઝ ન પઢી શકે, આ નાજાઈઝ છે અને આટલા હદ સુધી કમજોરી પૈદા ન થાય તો વાંધો નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા–૧૦** : વધારે ખાઈ લીધું એટલા માટે કે ઉલ્ટી કરી નાખશે અને આ પરિસ્થિતિ તેના માટે ફાયદાકારક હોય તો કોઈ વાંધો નથી. કેમ કે કેટલાક લોકો માટે આ તરીકો ફાયદામંદ હોય છે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા–૧૧** : જાત જાતના મેવા ખાવામાં વાંધો નથી જો કે અફઝલ એ છે કે એવું ન કરે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા–૧૨** : જવાન માણસને અંદેશો છે કે પેટ ભરીને ખાય લે તો શહવત (વાસના) થશે તો ખાવામાં ઓછુ ખાય કે શહવત ન થાય. પરંતુ એટલું ઓછું ન ખાઈ કે ઈબાદતમાં કસૂર પૈદા ન થાય. *(આલમગીરી)*

એવી જ રીતે કેટલાક લોકોને ગોશ્ત ખાવાથી શહવતનો પ્રભાવ થાય છે તે પણ ગોશ્ત ખાવાનું ઓછી કરી દે.

**મસ્અલા–૧૩** : એક જાતનું ખાવાનું હશે તો જરૂરતના મુતાબિક નહીં ખાઈ શકે, તબિયત ગભરાઈ જશે માટે જાત જાતનું ખાવાનું તૈયાર કરાવે છે અને બધામાંથી થોડુ થોડુ કરીને ખાયને જરૂરત પૂરી કરી લેશે, તે મક્સદથી જાત જાતનું ખાવામાં વાંધો નથી.

અથવા એ માટે કે ઘણુ ખાવાનું બનાવડાવે છે કે લોકોની મહેમાનનવાઝી કરવી છે. એ બધું ખાવામાં વપરાઈ જશે તો તેમાં વાંધો નથી અને આ હેતુ ન હોય તો ફુઝૂલખર્ચી છે. *(આલમગીરી)*

**મસ્અલા–૧૪** : ખાવાના આદાબ અને સુન્નતો આ પ્રમાણે છે :

**(૧–૨)** : ખાધા પહેલાં અને પછી હાથ ધોવા

**(૩–૪)** : ખાધા પહેલાં હાથ ધોઈને લૂછે નહીં અને ખાધા પછી હાથ ધોઈને રૂમાલ અથવા ટુવાલથી લૂછી લે કે ખાવાની અસર બાકી ન રહે.

**મસ્અલા–૧૫** : સુન્નત એ છે કે ખાધા પહેલાં અને ખાધા પછી હાથોને કાંડાં સુધી ધોવામાં આવે. કેટલાક તો ફક્ત હાથ અથવા આંગળીઓ ધોઈ લે છે. બલ્કે ચુટકી (આંગળાંની ટોચો) ધોવા પર બસ કરે છે તેનાથી સુન્નત અદા નથી થતી. *(આલમગીરી)*

**મસ્અલા–૧૬** : મુસ્તહબ એ છે કે હાથ ધોવાના સમયે જાતે જ પોતાના હાથેથી પાણી નાખે બીજાથી તેમાં મદદ ન લે એટલે તેનો એ જ હુકમ છે જે હુકમ વુઝૂ માટે છે. *(આલમગીરી)*

**(૫)** : ખાધા પછી સારી રીતે હાથ ધોવા કે ખાવાની અસર બાકી ન રહે.

ભૂસી અથવા લોટ અથવા બેસનથી હાથ ધોવામાં કોઈ વાંધો નથી. આ જમાનામાં સાબુથી હાથ ધોવાનો રિવાજ છે તેમાં પણ વાંધો નથી. ખાવા માટે મોઢું ધોવું સુન્નત નથી કે કોઈએ મોઢું ન ધોયું તો તેને એવું કહેવામાં નહીં આવે કે તેણે સુન્નત છોડી દીધી. હા ! જો (જુનૂબીએ) નાપાકે મોઢું ન ધોયું તો તે મકરૂહ છે અને હૈઝવાળીએ મોઢું ધોયા વગર ખાવું મકરૂહ નથી.

**(૬)** : ખાધા પહેલાં જવાનોને હાથ ધોવાડાવવામાં આવે અને ખાધા પછી ઘરડા લોકોને હાથ ધોવડાવવામાં આવે તેના પછી જવાનોના.

**(૭)** આ જ હુકમ ઉલમા અને મશાઈખોનો છે કે ખાતા પહેલાં તેમના હાથ છેલ્લે ધોવડાવવામાં આવે અને ખાધા પછી તેમના હાથ પહેલાં ધોવડાવે.

**(૮)** : ખાવાનું **"બિસ્મિલ્લાહ"** પઢીને શરૂ કરવામાં આવે.

**(૯)** અને ખાધા પછી **"અલ્હમ્દુલિલ્લાહ"** પઢે. અગર **"બિસ્મિલ્લાહ"** કહેવાનું ભૂલી ગયો તો જ્યારે યાદ આવે તો કહે **"બિસ્મિલ્લાહિ ફી અવ્વલિહિ વઆખિરિહી."**

**(૧૦)** : **"બિસ્મિલ્લાહ"** જોરથી પઢે જેથી કે સાથવાળાને યાદ ન હોય તો એ સાંભળીને તેને યાદ આવી જાય અને **"અલ્હમ્દુલિલ્લાહ"** ધીરે કહે પરંતુ જ્યારે દરેક લોકો જમ્યા પછી ફારિગ થઈ ગયા હોય તો **"અલ્હમ્દુલિલ્લાહ"** પણ જોરથી કહે કે બીજા લોકો તેને સાંભળીને તેનો શુક્ર અદા કરે.

**(૧૧)** : રોટલી ઉપર કોઈપણ વસ્તુ મૂકવામાં ન આવે. કેટલાક લોકો સાલનનો વાડકો અથવા ચટણીની પ્યાલી અથવા નમકદાની મૂકે છે એવું ન કરવું જોઈએ. જો નમક (મીઠુ) કાગળ પર હોય તો તેને રોટલી પર મૂકી શકે છે.

**(૧૨)** હાથ અથવા છરીને રોટલીથી ન લૂછે.

**(૧૩–૧૪)** તકીયો મૂકીને અથવા ઉઘાડા માથે ખાવું અદબના વિરુધ્ધ છે.

**(૧૫)** ડાબા હાથને જમીન પર મૂકી ટેકો લગાડીને ખાવું પણ મકરૂહ છે.

**(૧૬)** રોટલીનો કિનારો તોડીને નાખી દેવો અને વચ્ચેની ખાય લેવી ફુઝૂલખર્ચી છે બલ્કે આખી રોટલી ખાય. હા ! કિનારા કાચા રહી ગયા કે જેને ખાવાથી તકલીફ થશે તો તોડી શકે છે અને એ ખબર છે કે આ તોડેલા ટુકડા બીજા લોકો ખાઈ લેશે, બરબાદ નહીં થાય તો તોડવામાં વાંધો નથી. આ જ હુકમ એનો પણ છે કે રોટલીમાં જે ભાગ ફૂલેલો હોય તેને ખાઈ

લેવો અને બાકીને છોડી દે છે.

**(૧૭)** રોટલી જ્યારે દસ્તરખાન પર આવી ગઈ તો ખાવાનું શરૂ કરી દો અને શાકની રાહ ન જુઓ. એટલા માટે વધારે પડતા દસ્તરખાન પર રોટલી સૌથી છેલ્લે લાવવામાં આવે છે જેથી રોટલી પછી રાહ ન જોવી પડે.

**(૧૮)** જમણા હાથથી ખાવાનું ખાવ.

**(૧૯)** હાથથી લૂકમો છૂટીને દસ્તરખાન પર પડી ગયો તો તેને છોડી દેવો ફુઝુલખર્ચી છે બલ્કે પહેલાં તેને ઉઠાવીને ખાય.

**(૨૦)** રકાબી અથવા પ્યાલીમાં વચ્ચેથી શરૂમાં ન ખાય બલ્કે એક કિનારાથી ખાય.

**(૨૧)** અને જે કિનારો તમારાથી નજીક હોય ત્યાંથી ખાવું.

**(૨૨)** જ્યારે ખાવાનું એક જાતનું હોય તો એક જગ્યાએથી ખાય, દરેક બાજુથી હાથ ન મારે. હા ! જો તબાક઼માં જાત જાતની વસ્તુઓ મૂકેલી હોય તો આજુબાજુની ખાવાની ઈજાઝત છે કે આ એક વસ્તુ નથી.

**(૨૩)** ખાવાના સમયે ડાબો પગ બિછાવી દે અને જમણો ઊભો રાખે અથવા સુરીન (થાપા) પર બેસે અને બંનેવ ઘૂંટણ ઉભા રાખે.

**(૨૪-૨૫-૨૬)** ગરમ ખાવાનું ન ખાય અને ન ફૂંક મારે અને ન ખાવાનું સૂંઘે.

**(૨૭)** ખાવાના સમયે વાતો કરતા જાય, બિલકુલ ચૂપ રહેવું મજૂસીઓ (અગ્નિપૂજકો)નો તરીકો છે. પરંતુ બેહૂદા વાતો ન કરે બલ્કે સારી વાતો કરે.

**(૨૮)** ખાધા પછી આંગળીઓ ચાટી લે, તેમાં એઠુ લાગેલુ ન રહેવા દે.

**(૨૯)** વાસણને આંગળીઓથી લૂછીને ચાટી લે. હદીષમાં છે કે **ખાવાનું ખાધા પછી જે વ્યક્તિ વાસણને ચાટે છે તો તે વાસણ તેના માટે દુઆ કરે છે કે અલ્લાહ તને જહન્નમની આગથી આઝાદ કરે જેવી રીતે તેં મને શૈતાનથી આઝાદ કર્યો.** અને એક રિવાયતમાં છે કે **વાસણ તેના માટે મગફેરતની દુઆ કરે છે.**

**(૩૦-૩૧)** ખાવાની શરૂઆત નમક (મીઠુ)થી કરે અને સમાપ્ત પણ તેનાથી કરે એનાથી સિત્તેર બીમારીઓ દૂર થઈ જાય છે. *(રદ્દુલ મુહતાર, બઝ્ઝાઝિયા)*

**મસ્અલા-૧૭ :** રસ્તા પર અને બજારમાં ખાવુ મકરૂહ છે.

**મસ્અલા-૧૮ :** દસ્તરખાન પર રોટલીનાં ટુકડા ભેગા થયા હોય તો તેને ખાવા હોય તો ખાય લે અથવા મરઘી, ગાય, બકરી વગેરેને ખવડાવી દે અથવા કોઈ હિફાઝતવાળી જગાએ મૂકી દે કે કીડીઓ અથવા પક્ષીઓ ખાઈ લે. રસ્તા પર ન ફેંકે. *(બઝ્ઝાઝિયા)*

**મસ્અલા-૧૯ :** ખાવામાં ખામી ન બતાવવી જોઈએ અને ન એવું કહેવું જોઈએ કે તે ખરાબ છે. હુઝૂરે અક઼દસ ﷺએ કદી ખાવા ખાવામાં ખામી નથી કાઢી, પસંદ આવ્યું તો ખાધુ, નહીં તો ન ખાધુ.

**મસ્અલા-૨૦ :** ખાવાના સમયે કોઈ આવી જાય તો હિંદુસ્તાનમાં રિવાજ છે કે તેને ખાવાનુ પૂછે છે અને કહે છે, આવો ! ખાવા ખાવ. અને ન પૂછે તો ટોણા મારે છે કે એમણે પૂછયું પણ નહીં. આ વાત કે બીજા મુસલમાનને ખાવા માટે બોલાવવું સારી વાત છે પરંતુ બોલાવનારા માટે એવું હોવું જોઈએ કે તે દિખાવા ખાતર ન બોલાવે બલ્કે દિલથી બોલાવે છે.

અને એવો પણ રિવાજ છે કે જ્યારે પૂછવામાં આવે તો કહે છે કે, ''બિસ્મિલ્લાહ'' તો એવું ન કહેવું જોઈએ કે અહીંયાં ''બિસ્મિલ્લાહ' કહેવાનો કોઈ અર્થ નથી. આવા સમયે ''બિસ્મિલ્લાહ'' કહેવાને ઉલમાએ સખ્ત મના ફર્માવ્યું છે કે આવી જગાએ દુઆના શબ્દો

વાપરવામાં આવે છે, દા.ત. અલ્લાહ તઆલા બરકત આપે, વધારે આપે.

**મસ્અલા–૨૧** : પિતાને પુત્રના માલની જરૂરત છે અને જરૂરત એ કારણે છે કે તેની પાસે પૈસા નથી કે તે વસ્તુ ખરીદી શકે તો બેટાની વસ્તુ કોઈ બદલા વગર વાપરવી જાઈઝ છે. અને પૈસા છે પરંતુ વસ્તુ નથી મળતી તો બદલો આપીને લે. આ તે સમયે છે કે બેટો નાલાયક હોય અને જો લાયક છે તો જરૂરત વગર પણ તે વસ્તુ લઈ શકે છે. *(આલમગીરી)*

**મસ્અલા–૨૨** : એક શખ્સ ભૂખથી એટલો કમજોર થઈ ગયો છે કે ઘરની બહાર નીકળી નથી શક્તો કે લોકોથી પોતાની જરૂરિયાતનું વર્ણન કરે, તો જેને તેની આવી હાલતની જાણકારી હોય તો તેના પર ફર્ઝ છે કે તેને ખાવાનું આપે કે તે ઘરની બહાર નીકળવા માટે લાયક થઈ જાય. અને જો એવું ન કર્યું અને તે ભૂખથી મૃત્યુ પામ્યો તો જે લોકોને તેના હાલની ખબર હતી તે દરેક લોકો ગુનેહગાર થયા. અને તે શખ્સ જેને તેની હાલની ખબર હતી તેની પાસે પણ કશું નથી કે તેને ખવડાવે તો તેની પર ફર્ઝ છે કે બીજાને કહે અને લોકોની પાસેથી કાંઈક માગી લાવે. અને એવું ન થયું અને તે મૃત્યુ પામ્યો તો એ તમામ લોકો જેની તેના હાલની ખબર હતી ગુનેહગાર થયા.

અને આ વ્યક્તિ ઘરેથી બહાર જઈ શકે છે, પરંતુ કમાવવાની તાકત ન રાખતો હોય તો જઈને લોકોથી માગે અને જેની પાસે સદકાની કોઈ વસ્તુ હોય તો તેના પર આપવું વાજિબ છે.

અને તે જરૂરતમંદ વ્યક્તિ કમાઈ શકે છે તો કામ કરીને પૈસા પ્રાપ્ત કરે તેના માટે માગવું હલાલ નથી.

જરૂરતવાળો વ્યક્તિ કમાવવાની તાકત નથી ધરાવતો પરંતુ એટલુ કરી શકે છે કે દરવાજા પર જઈને સવાલ કરે તો તેના પર એવું કરવું ફર્ઝ છે કે એવું ન કર્યું અને ભૂખથી મૃત્યુ પામ્યો તો ગુનેહગાર થશે. *(આલમગીરી)*

**મસ્અલા–૨૩** : ખાવામાં પરસેવો ટપકી ગયો અથવા લાળ ટપકી અથવા આંસૂ ટપક્યાં તો ખાણુ હરામ નથી, ખાય શકીએ છીએ.

એ જ રીતે જો પાણીમાં કોઈ પાક વસ્તુ ભળી ગઈ અને તેનાથી તબિયતને નફરત પૈદા થઈ ગઈ તો તે પી શકાય છે.

**મસ્અલા–૨૪** : રોટલીમાં જો છાંણાનો ટુકડો આવી ગયો હોય અને તે કઠણ છે તો એટલો ભાગ ફેંકી દે આખી રોટલીને નાપાક ન કહેવાય. અને તેમાં નરમી આવી ગઈ હોય તો બિલકુલ ન ખાય. *(આલમગીરી)*

**મસ્અલા–૨૫** : ગટર વગેરેમાં કોઈ નાપાક જગામાં રોટલીનો ટુકડો જોયો તો તેના પર જરૂરી નથી કે તેને કાઢીને ધૂએ અને બીજી કોઈ જગાએ મૂકી દે. *(આલમગીરી)*

**મસ્અલા–૨૬** : ઘઉંની સાથે માણસનો દાંત પણ ચક્કીમાં પિસાઈ ગયો તો તે લોટ ન પોતે ખાય શકે છે ન જાનવરને ખવડાવી શકે છે. *(આલમગીરી)*

**મસ્અલા–૨૭** : ગોશ્ત સડી ગયો તો તેનું ખાવું હરામ છે. *(આલમગીરી)*

**મસ્અલા–૨૮** : બાગમાં પહોંચ્યા અને ત્યાં ફળો પડી ગયેલા જોયાં તો જ્યાં સુધી બાગના માલિકની રજા ન મળે તો તે ફળો નથી ખાઈ શક્તો.

અને રજા બે રીતે હોઈ શકે છે : (૧) સરાહતન્ : સ્પષ્ટપણે એટલે માલિકે કહી દીધું હોય કે પડી ગયેલા ફળોને ખાય શકો છો. અથવા (૨) દલાલતન : રજા હોય એટલે કે ત્યાંની એવી આદત છે કે બાગવાળા પડી ગયેલાં ફળોને ખાવાથી લોકોને મના નથી કરતા.

વૃક્ષથી ફળ તોડીને ખાવાની ઈજાઝત નથી. પરંતુ જ્યારે ફળો વધારે હોય અને તોડીને ખાવાથી તેનો માલિક નારાજ નહીં થાય તો તોડીને પણ ખાઈ શકે છે.

પરંતુ કોઈ પણ સંજોગોમાં એ ઈજાઝત નથી કે ત્યાંથી ફળ ઉઠાવી લાવે. (આલમગીરી) આ દરેક સ્થિતિમાં આદતને જોવામાં આવે છે અને આમ આદત ન હોય અથવા ખબર છે કે માલિક નારાજ થઈ જશે તો ખાવુ જાઈઝ નથી.

**મસ્અલા-૨૯** : પાનખર ઋતુમાં વૃક્ષોથી પાંદડાઓ ખરી પડે છે, જો તે પાંદડાંઓ કામના હોય તો ઉઠાવીને લાવવા જાઈઝ નથી અને માલિક માટે બેકાર હોય જેવી રીતે કે આપણા દેશમાં બાગોમાં પાંદડાંઓ ખરી જાય છે અને માલિક તેને કામમાં લાવતો નથી, ભઠ્ઠી ચાલવનારા ઉઠાવી લાવે છે તો આ રીતે પાંદડાંઓને ઉઠાવી લાવવામાં વાંધો નથી. *(આલમગીરી)*

**મસ્અલા-૩૦** : મિત્રને ત્યાં ગયા અને જે બનેલી વસ્તુ હતી તે પોતે લઈને ખાય લીધી અથવા તેના બાગમાં ગયો અને ફળો તોડીને ખાધાં અને તેને ખબર છે કે નારાજ નહીં થાય તો ખાવું જાઈઝ છે.

પરંતુ અહીંયાં એક વિચારવા જેવી વાત છે કે કેટલીક વખત એવું પણ થાય છે કે તે નારાજ નહીં થાય જો કે તે નારાજ થાય છે. *(આલમગીરી)*

**મસ્અલા-૩૧** : રોટલીને છરીથી કાપવી નસરાનીઓ (ઈસાઈઓ)નો તરીકો છે. મુસલમાનોએ તેનાથી બચવું જોઈએ અને જરૂરત હોય તો દા.ત. ડબલ રોટલીને છરીથી કાપીને તેના ટુકડા કરવામાં આવે છે તે વાંધો નથી અથવા દા'વતમાં કેટલીકવાર દરેક શખ્સને અડધો અડધો શીરમાલ આપવામાં આવે છે. આવા સમયે છરીથી ટુકડા કરવામાં વાંધો નથી કે અહીંયાં હેતુ બીજો છે. આ જ રીતે જો આખી જાંગ શેકેલી હોય અને છરીથી કાપીને ખાવામાં આવે તો વાંધો નથી.

**મસ્અલા-૩૨** : મુસલમાનોનો ખાવાનો તરીકો એ છે કે જમીન પર બેસીને ખાવાનું ખાય છે. મેજ, ખુરશી પર ખાવું નસરાનીઓનો તરીકો છે તેનાથી બચવું જોઈએ, બલ્કે મુસલમાનોએ દરેક કામ બુઝુર્ગોના તરીકા પર કરવું જોઈએ, બીજાઓના તરીકો ક્યારેય અપનાવવો ન જોઈએ.

**મસ્અલા-૩૩** : ખમીરી રોટલી (ખમીર ખટાશ કે આથો ચઢાવનાર તત્વ) પકાવવામાં રસોઈયાથી ખમીર લઈ લે છે. પછી તેમના લોટમાંથી તે જ રીતે તે રસોઈયા લઈ લે છે તેમાં વાંધો નથી. *(આલમગીરી)*

**મસ્અલા-૩૪** : ઘણા લોકોએ ચંદો કરીને ખાવાની વસ્તુ તૈયાર કરી અને બધા જ ભેગા મળીને તેને ખાશે. ચંદો દરેકે બરાબર બરાબર આપ્યો છે અને ખાવાનું કોઈ વધારે ખાશે અને કોઈ ઓછું તેમાં વાંધો નથી. એવી જ રીતે મુસાફરોએ પોતાનો તોશો અને ખાવાની વસ્તુ એક સાથે મળીને ખાધી તેમાં પણ વાંધો નથી, જો કોઈ ઓછું ખાય કોઈ વધારે ખાય અથવા કેટલાકની વસ્તુ સારી છે અને કેટલાકની એવી નથી. *(આલમગીરી)*

**મસ્અલા-૩૫** : ખાવાનું ખાય લીધા પછી ખિલાલ કરવામાં દાંતમાંથી જે રેશા વગેરે નીકળે બેહતર એ છે કે તેને ફેંકી દે અને ગળી ગયો તો એમાં વાંધો નથી. અને ખિલાલનું તણખલું અથવા ખિલાલથી જે કંઈ નીકળ્યું તેમને લોકોની સામે ન ફેંકે બલ્કે તેને પોતાની પાસે રાખે જ્યારે તેની સામે થાળી આવે ત્યારે તેમાં નાખી દે. ફૂલ અથવા મેવાના તણખલાથી ખિલાલ ન કરે. *(આલમગીરી)* ખિલાલ માટે લીમડાની સળી ખૂબ જ બેહતર છે કે તેની કડવાશથી મોંની સફાઈ છે અને એ મસોડાં માટે પણ ફાયદાકારક છે. ઝાડુની સળીઓ પણ કામમાં લાવી શકે છે, જ્યારે કે તે કોરી હોય, વપરાયેલી ન હોય. *(ક્રમશઃ)*

# ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ

લેખક : હઝરત મૌલાના મુફતી શફીક અહમદ શરીફી *(દારુલ ઉલૂમ ગરીબ નવાઝ, ઈલાહાબાદ)*

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

## ઈમામે આ'ઝમ અને હદીષોનું એકત્રીકરણ

હઝરત ઈમામે આ'ઝમે વધુ પડતી હદીષો મહાન તાબઈન થકી લીધી છે. તાબઈનમાં પણ તેઓથી હદીષ લીધી જેઓ લાંબા કાળ સુધી સહાબીની સોહબતમાં રહ્યા અને જેઓ તકવો, ઈલ્મ તથા ફઝ્લ, ઝોહ્દો વરઅ્માં આ'લા દરજજે બિરાજમાન હતા.

કૂફા જે હદીષોના દર્સનું મર્કઝ હતું ત્યાંથી જ ઈમામે હદીષના એકત્રીકરણનો પ્રારંભ કર્યો. કૂફામાં કોઈ એવો મુહદ્દિષ ન હતો જેનાથી આપે હદીષ લીધી ન હોય. અબુલ મુહાસિન જેઓ શાફઈ છે, છતાં તેઓ પણ સ્વીકારે છે કે ૯૩ તે મશાઈખો છે જેઓ કૂફાના રહેવાસી હતા અથવા કૂફામાં પધાર્યા જેમનાથી ઈમામે આઝમે હદીષ લીધી. અને આ તો કોઈપણ "તહઝીબુલ અસ્માઅ" તથા "તઝકેરતુલ હફફાઝ" વગેરેનો અભ્યાસ કરીને જાણી શકે છે કે ઈમામ સાહબે કૂફામાં એવા ૨૯ મુહદ્દિષોથી હદીષ મેળવી જેમાંના મોટાભાગના તાબઈ હતા.

કૂફા ઉપરાંત ઈમામ સાહિબે બસરાના તમામ મુહદ્દિષોથી હદીષો મેળવી તે વખતે બસરા પણ ઈલ્મ વ ફઝ્લ, ખાસ કરીને ઈલ્મે હદીષની ખૂબ જ મહત્વની દર્સગાહ હતું. આ શહેર પણ હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ વસાવ્યુ હતું અને આ શહેર ખાસ કરીને હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہના લીધે હદીષનું મર્કઝ બની ગયુ હતું. ઈમામે આ'ઝમે આ બે મર્કઝોએથી હજારોની સંખ્યામાં હદીષો પ્રાપ્ત કરી પણ ઈમામે આ'ઝમ થવા માટે હજી વધુ ઘણી બધી જરૂરત બાકી હતી તે કમી હરમૈન તૈયબેનથી પૂરી કરી. પહેલી સફર ઈમામે હિજરી ૯૬માં કરી અને **જીવન દરમ્યાન ૫૫ હજ કરી** તે અરસામાં અતાઅ ઈબ્ને રૂબાહ મક્કા મોઅઝ્ઝમામાં મુહદ્દિષોના સરતાજ હતા, આપ તાબઈ છે, ૨૦૦ સહાબાએ કિરામની સોહબતનો તેમને શર્ફ હાંસલ છે. ખાસ કરીને હઝરત ઈબ્ને અબ્બાસ, ઈબ્ને ઉમર, ઓસામહ, જાબિર, ઝયદ ઈબ્ને અકરમ, અકીસ ઈબ્ને રાફેઅ, અબૂ દરદા, હઝરત અબૂ હુરૈરહ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી પણ હદીષો સાંભળી છે. લગભગ ૨૦ વરસ સુધી ઈમામ સાહબે અતાઅ્ની સેવામાં હાજર રહીને તેમનાથી ફયૂઝ હાંસલ કર્યો.

મદીના તૈયબહમાં થઈ ગયેલા સૌથી મહાન સાત ફકીહો જેઓ તાબઈ હતા તેઓમાંથી બે બુઝુર્ગ એક સુલયમાન જેમનો નંબર બીજો હતો તેઓ ઉમ્મુલ મુઅમિનીન હઝરત મૈમૂના رضی اللہ عنہاના ગુલામ હતા. બીજા હઝરત સાલિસ જેઓ હઝરત ફારૂકે આ'ઝમના પૌત્ર હઝરત અબ્દુલ્લાહના સાહબઝાદા હતા. ઈમામે ખાસ કરીને તે બંને ઈમામોથી હદીષો લીધી. તેઓના સિવાય બીજા હઝરાતોથી પણ ફયઝ મેળવ્યો. કહેવા પૂરતું તો ઈમામે આ'ઝમનું ઈલ્મની તલબનુ ક્ષેત્ર કૂફાથી બસરા સુધી સિમીત રહ્યું પણ તેની વિશાળતા એટલી છે કે ચાર હજાર શોયુખથી હદીષો લીધી.

## ★ મહાન મુહદ્દિષો ★

ઈમામે આ'ઝમ એક અઝીમ મુહદ્દિષ હતા જેના માટે સૌથી મોટી, સૌથી રોશન, સૌથી મજબૂત દલીલ ''ફિક્હે હન્ફી'' છે.

ફિક્હે હન્ફીના આમ કાયદા તથા આમ મસ્અલાને ઉઠાવીને જુઓ પછી બીજી બાજુ હદીષોની કિતાબો ઉઠાવીને જુઓ, જે જે પ્રકરણો જે મસાઈલમાં સહીહ, ગયર મુઅવ્વલ (જેની તાવીલ પણ ન થઈ શકે તેવી હદીષ) ગયર મન્સૂખ કિતાબુલ્લાહની સાથે ટકરાવા વગરની હદીષો છે તે તમામ ફિક્હે હન્ફીના પ્રમાણે છે. તેના સમર્થન માટે ઈમામ તહાવીની મઆનિઉલ આષાર, અલ્લામહ અયનીની બુખારીની શરહ ઉમ્દુલ કારી, ઈબ્ને હુમામની ફત્હુલ કદીરનો અભ્યાસ કરો અને કાંઈક ઉણપ રહી જાય તો આ'લા હઝરત ઈમામ અહમદ રઝા કુદ્દેસ સિર્રહૂનો સંગ્રહ ફતાવાએ રઝવિય્યહનો અભ્યાસ કરો, મેં જે કંઈ કહ્યું તેના અક્ષરે અક્ષરનું સમર્થન થઈ જશે.

હઝરત શયખ અબ્દુલહક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ શરહે સફરુસ્સઆદત, મતબુઆ પાકિસ્તાન પેજ–૧૯માં લખ્યું છે કે હઝરત ઈમામે આ'ઝમની પાસે ઘણી પેટીઓ હતી જેમાં તે હદીષોના પાનાંઓ હતાં જેને હઝરત ઈમામ અબૂ હનીફાએ સાંભળી હતી. આપે ત્રણસો તાબઈનોથી ઈલ્મ મેળવ્યો. આપના હદીષના શયખો (શોયૂખ)ની સંખ્યા ૪૦૦૦ હતી. અલ્લામા ઝહબી તથા અલ્લામા ઈબ્ને હજરે પણ આટલી સંખ્યા બતાવી છે.

ઈમામ બુખારી તથા મુસ્લિમ વગેરે મુહદ્દિષોના ઉસ્તાદ યહ્યા ઈબ્ને મુઈને ફર્માવ્યું, ઈમામે હદીષ અબૂ હનીફા ફકીહ હતા. તેમનુ જ કથન છે કે ઈમામ અબૂ હનીફામાં બારિક વિશ્લેષણની રૂએ પણ કોઈ અયબ નથી, તેઓ પર બુરાઈનો કદી આક્ષેપ પણ નથી થયો. ઈમામ અબૂ દાઊદે ફર્માવ્યું, ઈમામ અબૂ હનીફા શરીઅતના ઈમામ હતા. ઈમામ યહ્યા ઈબ્ને મુઈનથી કોઈએ પૂછયું કે ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ કેવા છે ? ફર્માવ્યું, ષિકહ્ છે, (ષિકહ્ શબ્દ હદીષની ઈસ્તેલાહ (બોલી)માં છે. એનો અર્થ એ કે જે યાદશક્તિ, દીનદારી દરેક રીતે એવી પાકીઝા હસ્તી જેના ઉપર સંપૂર્ણ ભરોસો કરી શકાય) મેં એ નથી સાંભળ્યું કે કોઈએ તેમને ઝઈફ કહ્યા હોય. અબૂ મુહમ્મદ ઈબ્ને અયાસે કહ્યું, ''અબૂ હનીફા પોતાના સમયના લોકોમાં અફઝલ હતા. ''ખારજહ ઈબ્ને મુસ્અબે કહ્યું, **''એક હજાર ઉલમાથી મળ્યો છું પણ ઈલ્મ તથા બુધ્ધિમાં અબૂ હનીફા જેવો કોઈ નથી જોયો.''**

અમીરુલ મો'મિનીન ફિલ હદીષ ઈમામ બુખારીના ઉસ્તાદના ઉસ્તાદ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારકની સમક્ષ કોઈએ ઈમામે આ'ઝમની બુરાઈ કરી તો આપે ફર્માવ્યું, ઉલમાએ દીનમાં એક એમના જેવો બતાવો ! નહીં તો મારો પીછો છોડી દો ! મને અઝાબમાં ન નાખો ! તેમની મજલિસમાં મોટાઓને નાના જોતો. હું તેમની મજલિસમાં પોતાને જેટલા કમ રુત્બાવાળો જોતો તેટલો કોઈની મજલિસમાં ન અનુભવતો. જો એનો અંદેશો ન હોત કે લોકો એમ કહે કે વધુ પડતુ કરીને કામ લઉ છું તો હું અબૂ હનીફાથી કોઈને આગળ ન વધારત. વધુમાં ફર્માવ્યું, ઈમામે આ'ઝમ વિશે તમે લોકો કેવી રીતે કહી શકો છો કે તેઓ હદીષ જાણતા ન હતા ? ખુદાની કસમ ! અબૂ હનીફા ઈલ્મ હાંસલ કરવામાં ખૂબ જ પાવરધા હતા અને તે જ કહેતા જે હુઝૂર علیہ الصلوٰۃ والسلام થી સાબિત છે. નાસિખ તથા મનસૂખ (રદ કરનાર તથા રદ થયેલી) હદીષોના વિશે ખૂબ જ પરખવાવાળા હતા. વિશ્વાસપાત્ર બીજા પ્રકારની હદીષો શોધી લેતા હતા.

ઈમામ માલિકને ઈમામ શાફઈએ ઘણાયે મુહદ્દિષોનો હાલ પૂછયો, આખરે ઈમામ અબૂ હનીફા

વિશે પૂછયું તો જણાવ્યું, સુબ્હાનલ્લાહ ! તેઓ અજીબ હસ્તીના માલિક હતા, મેં તેમના જેવો જોયો નથી.

*(નુઝહતુલ કારી)*

## ★ ઈમામે આ'ઝમની કિતાબો ★

આપે લખેલ કિતાબોમાંથી કેટલાક નામો આ પ્રમાણે છે : ફિક્હે અકબર, અલ આલિમુલ મુતઅલ્લિમ, કિતાબુસ્સિયર, અલ કિતાબુલ અવસત, અલ ફિક્હતુલ અબસત, કિતાબુર્રદ અલલ કદરિયહ, રિસાલતુલ ઈમામ અબી ઉષ્માનુત્તયમી ફિલઈરજા, કિતાબુર્રાય, કિતાબુલ ઈખ્તિલાફિસ્સહાબા, કિતાબુલ જામેઅ.

**ઈબાદત :** અલ્લામા ઝહ્બીએ ફર્માવ્યું કે રાત્રે ઈબાદતના માટે અને તહજ્જુદની નમાઝ માટે ઉભા થવું આપથી મુતવાતિર સાબિત છે. આપે **૪૦ વરસ સુધી ઈશાના વુઝૂથી ફજરની નમાઝ પઢી**, જે જગાએ વફાત પામ્યા ત્યાં **સિત્તેર હજાર વાર આપે કુર્આન શરીફ ખત્મ** ફર્માવ્યું, અબ્દુલ્લાહ ઈબ્ને મુબારકની સામે કોઈકે આપની ગીબત કરી તો આપે ફર્માવ્યું, **તારા પર અફસોસ ! તું એવી વ્યક્તિની ગીબત કરે છે જેણે ૪૫ વરસ સુધી એક જ વુઝૂથી પાંચેય વખતની નમાઝો પઢી અને એક રકાતમાં કુર્આન ખત્મ કરતા હતા.** અને મને જે કાંઈ ફિકહનો ઈલ્મ મળેલ છે તે બધો જ મેં તેમનાથી મેળવ્યો.

શરીકે કહ્યું કે **હું એક વરસ સુધી આપની સાથે રહ્યો પણ મેં કદી નથી જોયું કે આપ બિસ્તરમાં આડા પડયા હોય !** અને ખારજહથી રિવાયત છે કે **ચાર શખ્સોએ કા'બાની અંદર એક રકાતમાં કુર્આન ખત્મ કર્યું તેઓમાંથી એક ઈમામ અબૂ હનીફા પણ છે.**

**સખાવત :** ઈમામ સાહબ અત્યંત સખી હતા. આપ મોહતાજોની શાદી કરી આપતા અને તેઓને ખર્ચ માટે આપતા. જયારે આપના સાહબઝાદા હમ્માદે સૂરએ ફાતેહા ખત્મ કરી તો ઈમામ સાહબે ઉસ્તાદને ૫૦૦ દિરહમ આપ્યા. એક રિવાયતમાં હજાર દિરહમનું છે. તેમણે કહ્યું કે મેં શું કર્યું છે કે જેના બદલામાં આટલી અઢળક રકમ મોકલી છે ! ઈમામ સાહબે તેમને બોલાવી મંગાવ્યા અને મજબૂરી દર્શાવી અને કહ્યું કે, **મારા પુત્રને આપે જે કાંઈ શીખવાડયું છે તેને તુચ્છ ન જાણશો, ખુદાની કસમ ! મારી પાસે એથી વધુ હોત તો કુર્આન શરીફની અઝમતના કારણે આપને ભેટમાં આપત.**

સુફિયાન ઈબ્ને ઓઅયનિયહ્એ કહ્યું, ઈમામ અબૂ હનીફા ખૂબ જ સદકા કરતા હતા. ઈમામ અબૂ યૂસુફે ફર્માવ્યું, ઈમામ સાહબ જો કોઈને કાંઈ અતા ફર્માવતા અને તે તેના પર તેમનો આભાર માનતો તો આપને દુ:ખ થતું અને ફર્માવતા કે અલ્લાહ તઆલાનો શુક્ર કરો કે તે ખુદાની આપેલી રોજી જે તેણે મારા સુધી પહોંચાડી છે. તેમજ વીસ વરસ મારી અને મારા બાળબચ્ચાંઓની પરવરિશ કરતા રહ્યા. અને જ્યારે હું કહેતો કે મેં આપનાથી વધીને કોઈ સખી નથી જોયો, તો કહેતા, તારો શું હાલ થાય જો હઝરત હમ્માદ (ઉસ્તાદ)ને તું જોઈ લેત.

શફીકે કહ્યું, હું ઈમામ સાહબની સાથે જઈ રહ્યો હતો, રસ્તામાં એક માણસ તેમને જોઈને છુપાઈ ગયો અને રસ્તો બદલી નાખ્યો. આપે તેને બુમ પાડીને બોલાવ્યો તો તે માણસ આપની પાસે આવ્યો. આપે પૂછયું, તેં શા માટે તારો રસ્તો બદલી નાખ્યો ? તેણે કહ્યું, આપનુ મારા પર દસ હજાર દિરહમ કરજ છે, જેને લાંબો સમય પસાર થઈ ગયો અને હું તંગદસ્તીમાં છું, જેથી આપથી શરમાઉ છું ! આપે ફર્માવ્યું, સુબ્હાનલ્લાહ ! તમારી આ હાલત છે ? મેં એ બધુ જ તમને માફ કરી દીધું અને મેં મારી જાતને મારા નફસ પર ગવાહ રાખી, તો તું વધુ પેજ નં. ૧૮... પર

# મખ્દૂમ સિમ્નાની رحمۃ اللہ علیہના કલમ થકી રાફઝીની રદ

સંપાદક : મૌલાના શબ્બીર અહમદ રાજમહલી
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

આજે દરેક ખાસ તથા આમ એ જાણે છે કે રાફઝીઓ (શીઆ લોકો) અહલે બયતે અત્હાર સાથે મહોબ્બતનો જૂઠો દાવો કરીને સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَની શાને પાકમાં, ગુસ્તાખીઓ કરે છે, ત્યાં સુધી કે શયખૈન કરીમૈન (અબૂ બક્ર, ઉમર) رضی اللہ عنہماની શાને અક્દસમાં અનહદ ગુસ્તાખીભર્યા વાક્યો આ રાફઝી (શીઆ) બોલે તથા લખે છે. અને આ મોડર્ન ટેકનોલોજીના દૌરમાં એ રાફઝીઓની ગુસ્તાખીઓ સાબિત કરવા માટે આપણને અધિક મહેનતની જરૂરત નથી, બલ્કે યુટયૂબમાં જઈને આપ હઝરાત પોતે પણ એ રાફઝીઓની સહાબાએ કિરામના બારામાં ગુસ્તાખીઓ સાંભળી શકો છો. સારાંશ કે રાફઝી તે ગુસ્તાખ ફિર્કો છે જે અન્ય સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَને તો છોડો પણ ખુલફાએ રાશિદીનમાંથી સિદીકે અકબર رضی اللہ عنہની સદાકત, ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની અદાલત તથા ઉષ્માનગની رضی اللہ عنہની સખાવતનો મુન્કિર છે.

આટલુ જ બસ નહીં બલ્કે એ ખુલફાએ રાશિદીનની સહાબિયતનો પણ મુન્કિર છે. (મઆઝલ્લાહ !) જ્યારે કે આપણે અહલે સુન્નત વ જમાઅત સર્વ સહાબાએ કિરામ, અહલે બયતે અત્હાર رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَની તાઝીમ તથા અદબ કરનારા, તેમનાં નામ અદબો એહતેરામ સાથે લેનારા, તેમની ઈજ્જત પર પહેરો દેનારા છીએ, અને સર્વ સહાબીઓ તથા અહલે બયતે કિરામને જન્નતી સમજનારા છીએ. જેના પર આપણા અહલે સુન્નતના અકાબિરો (પેશવાઓ)ની કિતાબો સાક્ષી છે. હું લખનાર આ લખાણમાં રાફઝીઓનો રદ અહલે સુન્નત વ જમાઅતની મહાન શખ્સિયતના થકી કરવા જઈ રહ્યો છું જેમની વિલાયતનો ડંકો આજે આખા જગતમાં વાગી રહ્યો છે. જેમની વિલાયત પર કોઈ પણ ઈમાનદારને શક નથી. જેમના મઝાર પુર અન્વારથી ફયઝનો દરિયો વહે છે, એટલે કે શાને ચિશ્તિયત, તારિકે સલ્તનત, સુલ્તાને વિલાયત જેમને દુનિયા ઔલાદે રસૂલ, ગૌષુલ આલમ, મહબૂબે યઝદાની હુઝૂર સૈયદે મખ્દૂમ અશ્રફ જહાંગીર સિમ્નાની ચિશ્તી عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُના નામથી જાણે તથા માને છે.

## ★ સૂફી ત્યાં સુધી મંઝિલ નહીં પામે જ્યાં સુધી... ★

હવે રૂખ કરીએ છીએ હુઝૂર સૈયદ મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہની એ તાલીમાતની તરફ જેના થકી શીઆ રાફઝી ફિર્કાના બાતિલ અકીદાઓનો રદ થાય છે અને અહલે સુન્નત વ જમાઅતના અકીદાઓની હક્કાનિયત જાહેર થાય છે. જેમ કે આપ رحمۃ اللہ علیہએ હઝરત સિદીકે અકબર તથા હઝરત ફારૂકે આ'ઝમ તથા હઝરત ઉષ્માને ગની તથા હઝરત મૌલા અલી رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَના વિશે પોતાના એક પત્ર (મકતૂબ) જે આપ رحمۃ اللہ علیہએ શયખ ઉમરની તરફ લખ્યો અને એ પત્ર આયતે કરીમા اَللّٰهُ نُوْرُ السَّمٰوٰتِ وَالْاَرْضِ (અલ્લાહ નૂર છે આસ્માન તથા જમીનોનું સૂ. નૂર, ૨૪/૩૫)ની તફસીર અને ખુલફાએ રાશિદીનની અમુક ખૂબીઓ પર આધારિત છે, એમાં ફર્માવે છે :

"માનનીય બંધુ, અશરફુલ અસ્હાબ શયખ ઉમર ! દુરવેશ અશ્રફની તરફથી દુઆ કબૂલ કરો. હે ભાઈ ! તાલિબે સાદિકના માટે જ્યાં સુધી એ રાહમાં સખ્તી ન હોય ત્યાં સુધી માર્ગ નથી ખુલતો. અને સાલિકે વાષિક

(તસવ્વુફના માર્ગનો અડગ મુસાફર) જ્યાં સુધી અબૂ બક્ર رضی اللہ عنہની સદાકત ન અપનાવે ત્યાં સુધી તેના માટે નફો (લાભ) જાહેર નથી થતો. *(મકતૂબાતે અશરફી, અઝ : હઝરત ગૌષુલ આલમ હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નની رحمۃ اللہ علیہની કલમે લખાયેલ પત્રો, જમાકરનાર મખ્દૂમુલ આફાક઼ સૈયદ અબ્દુર્રઝ્ઝાક નૂરુલ ઐન رحمۃ اللہ علیہ, અનુવાદ તથા હાશિયો અલ્લામા સૈયદ મુમતાઝ અશરફી, પ્રકાશક : દારુલ ઉલૂમ અશરફિયા રઝવિય્યહ, ઓરંગી ટાઉન કરાચી, પાકિસ્તાન, પેજ–૬૬, ત્રીજો મકતૂબ)*

અન્ય એક જગાએ ફર્માવે છે : "સાલિકે (સૂફીએ એટલે તસવ્વુફની રાહના મુસાફરે) અબૂ બક્ર رضی اللہ عنہની સદાક઼ત, ઉમર رضی اللہ عنہની અદાલત, ઉષ્માન رضی اللہ عنہની હયા અને હૈદર رضی اللہ عنہની સખાવત (એટલે કે સદાક઼ત, અદાલત, હયા તથા સખાવત)થી સજ્જ થવું જરૂરી છે. અને ખુલફાએ રાશિદીનની ચાર ખૂબીઓથી પોતાને શણગારેલ હોવું જરૂરી છે, નહીં તો કોઈ કામે નહીં પહોંચે અને બાદશાહની સામે નેક નસીબાવાળો ન થશે."

*(મકતૂબાતે અશરફી, પેજ–૭૧, મકતૂબ ચોથો)*

**પયગામ** : ઉપરોક્ત બંનેવ પત્રો (મકતૂબ)માં રાફઝી શીઆઓનો કેટલો જબરદસ્ત રદ કર્યો કે સામાન્ય અહલે ઈમાન (મુસલમાનો) તો છોડો બલ્કે ખાસ લોકોની વાત કરતાં હઝરત મખ્દૂમ અશરફ સિમ્નાની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જ્યાં સુધી સદાક઼તે સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ ન અપનાવે સાલિક (તસવ્વુફવાળા) માટે ફાયદો જાહેર નથી થતો. અને વળી બીજી જગાએ તો આપ رحمۃ اللہ علیہએ હઝરત સિદ્દીક઼ે અક઼બર رضی اللہ عنہની સદાક઼ત, હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની અદાલત, હઝરત ઉષ્માનગની رضی اللہ عنہની હયા અને હઝરત મૌલા અલી رضی اللہ عنہની સખાવતનો ઉલ્લેખ કર્યો અને ખાસ લોકોના માટે ફર્માવ્યું, જ્યાં સુધી ખુલફાએ રાશિદીનના ચાર ગુણો વડે તે સજ્જ નહીં થાય ત્યાં સુધી કોઈ કામમાં પહોંચી નથી શકતો. તો **જ્યારે ખાસ લોકો (સૂફીઓ, તસવ્વુફની રાહના મુસાફર) ખુલફાએ રાશિદીનની મહોબ્બત તથા અક઼ીદતના વગર મંઝિલે મક઼્સૂદ સુધી નથી પહોંચી શકતા તો પછી તમારી મારી તો હૈસિયત જ શું છે ?!** મતલબ કે **હઝરત મખ્દૂમ અશરફ સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہની તાલીમાતની રોશનીમાં એ વાત સાબિત થઈ ગઈ કે કોઈ પણ રાફઝી શીઆ મંઝિલે મક઼સૂદ સુધી નથી પહોંચી શકતો, કેમ કે રાફઝી શીઆ ખુલફાએ રાશિદીનના ચારેવ ગુણોને અપનાવવા તો દૂરની વાત રાફઝી શીઆ તો ખુલફાએ રાશિદીનમાંથી ત્રણ રાશિદીન ખલીફાની ખિલાફત તથા સહાબિયતનો પણ મુન્કિર છે.** (મઆઝલ્લાહ !)

આના કારણે સર્વ અહલે સુન્નત વ જમાઅત, ખાસ કરીને જેમને મખ્દૂમ સિમ્નાની رحمۃ اللہ علیہની ગુલામીની નિસ્બતનો શરફ હાંસલ છે તેમના માટે જરૂરી છે કે રાફઝીઓ સાથે કોઈ અક઼ીદત તથા મહોબ્બતનો સંબંધ ન રાખે, કેમ કે રાફઝી શીઆ મંઝિલે મક઼સૂદ સુધી પહોંચી જ નથી શકતા તો કોઈને પહોંચાડવાની શું વાત !

## ★ શયખેન (અબૂબક્ર, ઉમર)ની અફઝલિયતનો અક઼ીદો ★

ઉપરોક્ત લખાણમાં અમે વર્ણવ્યું કે સાલિકે વાષિક઼ને (તસવ્વુફના માર્ગે મજબૂતીથી ચાલનાર) મંઝિલે મકસૂદ સુધી પહોંચવા માટે ખુલફાએ રાશિદીનની ચાર ખૂબીઓને હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہએ લાઝિમ (અનિવાર્ય) ઠરાવી, હવે જુઓ કે હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہએ અહલે સુન્નત વ જમાઅતના અક઼ીદાઓ ગણાવતાં શું આદેશ આપ્યો ? ફર્માવે છે :

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી નક઼લ થયેલ છે કે **અહલે સુન્નત વ જમાઅત દસ અક઼ીદાને માનનારા છે : (૧)** બંનેવ પીરો (શયખો) અટલે **હઝરત અબૂબક્ર** رضی اللہ عنہ **તથા હઝરત ઉમર** رضی اللہ عنہ**ની અફઝલિયતને માનનારા છે. (૨)** બંનેવ

જમાઈઓ એહલે હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ તથા હઝરત અલી رضی اللہ عنہની બુઝુર્ગીને માનનારા છે. (૩) બંનેવ કિબ્લાઓ એટલે બયતુલ મુકદસ તથા કા'બા શરીફને ઈજ્જતને પાત્ર સમજે છે. (૪) મોજા પર મસહ કરવાને જાઈઝ માને છે. (૫) જન્નત તથા દોઝખના હકીકી હોવાને માનનારા છે. (૬) ઈમામ સાલેહ હોય કે બદ હોય બંને પાછળ નમાઝ પઢી લે છે. (૭) નેકી તથા બદીની તકદીર અલ્લાહની તરફથી જાણે છે (૮) બંદો ફર્માબરદાર હોય કે ખતાકાર બંનેના જનાઝામાં શરીક થાય છે. (૯) નમાઝ તથા ઝકાતની અદાયગીને ફર્ઝ સમજે છે. (૧૦) જાલિમ હોય કે આદિલ બંનેવ અમીરોનું આજ્ઞાપાલન કરે છે. *(લતાઈફે અશ્રફિયા, ૨/૨૨૨, લતીફા નં. ૩૩)*

**પયગામ** : આ મલ્ફૂઝમાં તો "રાફઝી શીઆ" તથા "તફઝીલી શીઆ" બંનેવની ભરપુર રદ મૌજૂદ છે. કેમ કે "રાફઝી" તો ખુલફાએ રાશિદીનમાંથી ત્રણની ખિલાફત તથા સહાબિયતના જ માનનારા નથી ! અને "તફઝીલી" શીઆ સહાબિયતને સ્વીકારે છે પણ અફઝલિયતને માનનારા નથી. તો મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہએ માન્યતા દર્શાવી કે **જે અહલે સુન્નત વ જમાઅત છે તે કેવળ શયખૈન કરીમૈન (અબૂ બક,ઉમર)ની ખિલાફત તથા સહાબિયત જ નહીં બલ્કે તેમની અફઝલિયતને પણ માનનાર છે.** અને **હઝરત ઉષ્માન ગની** رضی اللہ عنہ **તથા હઝરત મૌલા અલી** رضی اللہ عنہ**ને પણ કમતર નથી સમજતા બલ્કે તેમની બુઝુર્ગીને પણ માનનારા છે.**

## ★ રાફઝી ગુસ્તાખ ફિર્કો છે ★

હવે હઝરત મખ્દૂમ અશ્રફ જહાંગીર સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہના ઈર્શાદાતે આલિયા (ઉચ્ચ આદેશો)માંથી રાફઝીઓના રદ પર આધારિત એક સંપૂર્ણ લખાણ નકલ કરીએ છીએ જેનાથી માલૂમ થશે કે હઝરત મખ્દૂમ સિમ્નાની رحمۃ اللہ علیہએ ટૂંકાણમાં પણ કેટલા પ્રમાણમાં સમૃધ્ધ અંદાઝમાં રાફઝીઓની સંપૂર્ણ ઓળખ રજૂ કરી છે, જેનાથી અંદાઝો થશે કે રાફઝી કેટલો બદતરીન તથા ગુસ્તાખ ફિર્કો છે ! જેમ કે હઝરત મખ્દૂમ અશ્રફ જહાંગીર સિમ્નાની رحمۃ اللہ علیہ રસૂલે પાક صلی اللہ علیہ وسلمની હદીષ : **અર્થ** : મારી ઉમ્મત ૭૩ ફિર્કાઓમાં વહેચાય જશે, તેમાંથી એક જ જન્નતી છે, બાકી ૭૨ જહન્નમી છે. પૂછવામાં આવ્યું, યા રસૂલલ્લાહ ! એ એક કોણ ? ફર્માવ્યું : અલ જમાઅત. *(ઈબ્ને માજહ, કિતાબુલ ફિતન, હદીષ–૩૯૯૨)* ની રોશનીમાં લખાણ લખતાં ફર્માવે છે : "તે બોત્તેર ફિર્કાઓ જેઓ બાતિલ છે, અસલમાં છ છે. વિગત આ પ્રમાણે છે :

(૧) રાફઝી (૨) ખારજી (૩) કદરિયા (૪) જબરિય્યહ (૫) જહમિયહ અને (૬) મુરજીય્યા. તેમનામાં દરેકના બાર ફિર્કા છે, આ રીતે છને બાર વડે ગુણીએ તો બોત્તેર થાય છે. જેવું કે વર્ણવવામાં આવશે. ઈન્શા અલ્લાહ !

પછી આગળ હઝરત મખ્દૂમ અશ્રફ સિમ્નાની رحمۃ اللہ علیہએ રાફઝીઓના બારેવ ફિર્કાઓની તફસીલ કાંઈક આ પ્રમાણે દર્શાવી :

**પ્રથમ અલ્વિય્યહ : જે હઝરત અલી** رضی اللہ عنہ**ને નબી માને છે. બીજો અબ્દિયહ : જે હઝરત અલી** رضی اللہ عنہ**ને નબુવ્વતના ભાગીદાર** કહે છે. **ત્રીજો શીઆ : જે હઝરત અલી** رضی اللہ عنہ**ને બીજા સહાબી** رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ **કરતાં વધારે ન ચાહે તેને કાફિર** કહે છે. **ચોથો ઈસ્હાકિયા** : જેઓ દુનિયાને કોઈ જમાનામાં નબીથી ખાલી નથી માનતા. (એટલે કે તેમની નજીક નબુવ્વત ખત્મ નથી થઈ) **પાંચમો ઝયદિયહ** : જે હઝરત અલી رضی اللہ عنہની ઔલાદ સિવાય કોઈને ઈમામ નથી માનતા. **છઠ્ઠો અબ્બાસિયા** : જે હઝરત અબ્બાસ رضی اللہ عنہ અને હઝરત અબ્દુલ મુત્તલિબના સિવાય કોઈને હુકૂમત કરવાને લાયક નથી માનતા.

**સાતમો ઈમામિયહ** : જે જમીનને ઈમામ

ગયબદાંથી ખાલી નથી જાણતા. તેમની નજીક ઈમામ ફાજિરની પાછળ નમાઝ પઢવી જાઈઝ નથી. તેમનો અક઼ીદો છે કે ખલીફા બનૂ હાશિમ સિવાય કોઈ નથી થઈ શકતો. **આઠમો નાદિમિયહ** : તેઓ કહે છે કે જે શખ્સ પોતે પોતાને બીજા કરતાં ફાઝિલ ખયાલ કરે તે કાફિર છે.

**નવમો તનાસુખિયહ** : જે રૂહોને એક શરીરમાંથી બીજા શરીરમાં તબદીલ થવાને સ્વીકારે છે. **દસમો બાઅનિય્યહ** : જે **હઝરત મુઆવિયહ** رضی اللہ عنہ, **હઝરત તલ્હા** رضی اللہ عنہ, **હઝરત ઝુબૈર** رضی اللہ عنہ **અને હઝરત આઈશા** رضی اللہ عنہا **પર લઅ્નત** જાઈઝ ઠરાવે છે. **અગ્યારમો રાજિઅહ** : જેઓ કહે છે કે **ક઼યામત રચાતા પહેલાં હઝરત અલી** رضی اللہ عنہ **દુનિયામાં આવશે.** તેમનો એ અક઼ીદો પણ છે કે વીજળીની કડક એ ઘોડાની ઝીનનો તંગ અને હઝરત અલી رضی اللہ عنہના ઝંડોનો ચાબુક છે. **બારમો મુતરબસિયહ** : એ મુસલમાન બાદશાહોની વિરૂધ્ધ બગાવતને જાઈઝ ઠરાવે છે.''

પછી આગળ હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہ જણાવે છે : ''પરંતું એ **બારેવ ફિર્ક઼ા જે વાતમાં એકમત છે તે** એ છે કે નમાઝ બાજમાઅત અદા કરતા, મોજા પર મસહ નથી કરતા, **શયખૈન કરીમૈન (અબૂબક્ર, ઉમર** رضی اللہ عنہما**) પર લઅનત કરે છે અને અન્ય સહાબીઓ** رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ**થી બેઝાર છે, પણ હઝરત અલી** رضی اللہ عنہ **તથા રસૂલુલ્લાહ** ﷺ**ના બારામાં કહે છે કે એ એકલા રિસાલતનું કામ અંજામ આપી શકતા ન હતા.** હઝરત તલ્હા તથા ઝુબૈર رضی اللہ عنہને બુરા સમજે છે અને તેમને મુજતહિદ પણ નથી માનતા. રહમતથી નિરાશ છે. તરાવીહ નથી પઢતા. તલાક઼ના માટે વિવિધ શબ્દો બોલે છે અને નમાઝમાં જમણા હાથને ડાબા હાથ પર નથી રાખતા.''

*(લતાઈફે અશરફી, ૨/૨૨૦, ૨૨૧, લતીફા નં. ૩૩)*

**પયગામ** : લતાઈફે અશ્રફિયામાં નોંધવામાં આવેલ હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہના આદેશો જે વર્ણન પામ્યા એને વાંચતાં જ રાફઝીઓના સંબંધે ઘણી બધી વાતોની જાણકારી દિમાગમાં આપોઆપ આવી જશે, જેમ કે હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہ ઉપરોક્ત તાલીમાતની રોશનીમાં જે અમુક વાતો સમજવામાં આવી તે આ પ્રમાણે છે :

રાફઝી તે ફિર્ક઼ો છે જે ખત્મે નબુવ્વતનો મુન્કિર છે. રાફઝી તે ફિર્ક઼ો છે **જે રસૂલુલ્લાહ** ﷺ**ની નબુવ્વતને હઝરત અલી** رضی اللہ عنہ**ના વિના સંપૂર્ણ નથી માનતો.** રાફઝી તે ફિર્ક઼ો છે **જે અફઝલિયતે શૈખૈન (અબૂ બક્ર, ઉમરને હઝરત અલી કરતાં અફઝલ) માનનારાઓને કાફિર કહે છે.** રાફઝી તે ફિર્ક઼ો છે જે દરેક દૌરમાં કોઈ ન કોઈને નબી માને છે. રાફઝી તે ફિર્ક઼ો છે જે હઝરત અલી رضی اللہ عنہની ઔલાદ સિવાય કોઈને ઈમામ માનવા તૈયાર નથી. રાફઝી તે ફિર્ક઼ો છે જે રૂહોનું એક શરીરથી બીજા શરીરમાં ટ્રાન્સફર (મુન્તક઼િલ) થવાનો અક઼ીદો ધરાવે છે. **રાફઝી તે ફિર્ક઼ો છે જે સહાબીએ રસૂલ હઝરત અમીર મુઆવિયહ** رضی اللہ عنہ **તથા હઝરત તલ્હા** رضی اللہ عنہ, **હઝરત ઝુબૈર** رضی اللہ عنہ **અને રસૂલુલ્લાહ** ﷺ**નાં બીવી સાહેબા અને હઝરત સિદીક઼ે અકબર** رضی اللہ عنہ**નાં દીકરી, ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીક઼ા** رضی اللہ عنہا **પર લઅ્નત મલામતને જાઈઝ સમજે છે.**

હવે જરા બતાવો ! શું આવા બદતરીન ગુસ્તાખ ફિર્ક઼ાના માનનારાઓ સાથે અક઼ીદત તથા મહોબ્બત (કે એકતા) દુરુસ્ત થઈ શકે છે ?! શું આવા બદતરીન ગુસ્તાખ લોકોથી મહોબ્બત દોસ્તી રાખવી આપણી ઈમાની ગૈરત કબૂલ કરી શકે છે ?! શું આવા બદતરીન ગુસ્તાખ ફિર્ક઼ાના મુબલ્લિગો તથા અનુયાયીઓને મુસલમાન સમજવા દુરુસ્ત થઈ શકે છે ? જો નહીં ! અને બિલ્કુલ નહીં, તો પછી આપણે જોઈએ કે આપણે મુસલમાનોને બતાવીએ કે આ શીઆ રાફઝી બાતિલ તથા ગુસ્તાખ ફિર્ક઼ો છે તેનાથી દૂર રહો તથા નફરત કરતા રહો. *(ક્રમશઃ)*

# અલ્લાહ પાક માટે જૂઠ બોલવુ અશક્ય

## કિતાબ તથા હદીષની રોશનીમાં

**લેખક : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**
*(સદર શોઅબએ ઈફતા જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

ખુદાએ સુબ્બૂહ તથા કુદ્દુસ જૂઠ તથા દરેક પ્રકારની કમી તથા અયબથી પાક તથા પવિત્ર છે, કેમ કે અલ્લાહ ﷻની કમાલોવાળી જાતમાં કમી તથા અયબ અશક્ય છે. આ મુસ્લિમ ઉમ્મતનો ઈજમાઈ અક઼ીદો છે.

એનાથી વિરૂધ્ધ વહાબી ગૈર મુક઼લ્લિદો એ અક઼ીદો ધરાવે છે કે અલ્લાહ જૂઠુ બોલી શકે છે. તેઓ કહે છે કે બંદો જૂઠ પર ક઼ાદિર (શક્તિમાન) છે, જો અલ્લાહ તેના પર ક઼ાદિર ન હોય તો બંદાની કુદરત ખુદાએ ક઼દીરની કુદરતથી વધી જશે ! જેમ કે ઈમામુત્તાઈફા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી પોતાની પુસ્તિકા "યક રોઝી"માં લખે છે :

**ફારસીનો અનુવાદ** : હું કહું છું કે, "ખુદા માટે જૂઠ અશક્ય હોવા"થી (અલ્લામા ફઝલે હક્ક઼ ખૈરાબાદી رحمۃ اللہ علیہની) મુરાદ જો "મુહાલ બિઝ્ઝાત"હોય જે કુદરતે ઈલાહી હેઠળ સામેલ નથી, તો અમે નથી માનતા કે આ "મુહાલ બિઝ્ઝાત છે" કેમ કે કોઈ જૂઠી વાત બનાવીને ફરિશ્તાઓને બતાવવી અને નબીઓને ઈલ્ક઼ા કરવી (દિલમાં નાખવી) ખુદાની કુદરતથી બહાર નથી, નહીં તો લાઝિમ થશે કે માણસની કુદરત ખુદાની કુદરતથી અધિક થઈ જશે, કેમ કે અધિકતર લોકો જૂઠી વાત બનાવીને પોતાને સાંભળ નારાઓને સંભળાવવા માટે ક઼ાદિર છે. *(રિસાલા યકરોઝી ફારસી, પેજ–૧૭, ફારસી કુતુબખાના, મુલ્તાન)*

### ★ અલ્લાહના જૂઠ બોલી શકવા પર વહાબિયાની દલીલ ★

આ લખાણમાં ખુદાના જૂઠુ બોલી શકવા બાબતે જે દલીલ આપવામાં આવી છે તેનો ખુલાસો એ છે કે : "જો અલ્લાહનું જૂઠ બોલવું અશક્ય હોય તો અલ્લાહ તઆલા જૂઠુ બોલવા પર ક઼ાદિર ન થશે, જ્યારે કે મોટાભાગના માણસો એના માટે ક઼ાદિર શક્તિમાન છે. જેથી માણસની કુદરત અલ્લાહની કુદરત કરતાં વધી જશે, અને એ અશક્ય છે જેથી વાજિબ છે કે તેનું જૂઠુ બોલવું શક્ય હોય."

**ટીપ્પણી** : આ વહાબી હઝરાતની ખૂબ જ મજબૂત દલીલ છે, અને હક઼ીક઼તમાં આ સખત ધોકો તથા ફરેબ છે. આપણે ઈમામુલ વહાબિયાની આ માન્યતા પર ત્રણ હૈષિયતોથી ચર્ચા કરીશું. (૧) અક઼લી હૈષિયતથી (૨) કિતાબ તથા સુન્નતની રોશનીમાં (૩) મુસલમાનોના ઈજમાઅની દષ્ટિએ. અક઼લી હૈષિયતથી એટલા માટે કે અયબો તથા ખામીઓથી અલ્લાહ તઆલાનું પાક હોવું અને એને પાક સમજવું કેવળ શરીઅતમાં (હુકમ) આવવા પર મૌકૂફ નથી. અને "શરઈ દષ્ટિ બિંદુથી" જુઓ તો આ મસ્અલો ઝરૂરિયાતે દીનથી છે, વળી એના પર "મુસલમાનોનો ઈજમાઅ" પણ થયેલો છે.

### ★ અહલે સુન્નતની દલીલો ★

**અલ્લાહનું પાક હોવું બૌધ્ધિક દષ્ટિએ** : વહાબીઓના ઈમામે "અલ્લાહ જૂઠુ બોલી શકે"ના બારામાં જે દલીલ આપી છે કે "અલ્લાહ તઆલા જૂઠ પર ક઼ાદિર ન હોય તો માણસની કુદરત અલ્લાહની કુદરતથી વધી જશે" આ તદ્દન ધ્યાન કરવાને પાત્ર નથી.

**પ્રથમ સાબિતી** : માણસનું કોઈ કાર્ય જૂઠ સહિત અલ્લાહની કુદરતથી બહાર નથી. અલ્લાહ તઆલા બંદાનો પણ ખાલિક઼ (સર્જનહાર) છે અને તેના કાર્યોનો પણ. જેમ કે રબ તઆલાનો ઈર્શાદ છે : وَاللّٰهُ خَلَقَكُمْ وَمَا تَعْمَلُوْنَ "અલ્લાહે તમને પણ પેદા કર્યા અને તમારાં કામોને પણ."*(સૂ. સાફ્ફાત, ૩૭/૯૬)*

"બંદો જૂઠુ બોલી શકે છે" એનો મતલબ એ છે કે બંદો જૂઠુ બોલવાની કોશિશ કરે છે અને અલ્લાહ એ કોશિશના પરિણામે જૂઠને પેદા કરી આપે છે. બંદો પોતાના જૂઠ તથા સત્યનો ખાલિક઼ નથી, ખાલિક઼ તો અલ્લાહ જ છે.

હવે વિચાર કરો કે અલ્લાહ તઆલા બંદાના માટે જૂઠને ખલ્ક઼ ફર્માવે (સર્જન કરે) જે બંદો કદી નથી કરી શકતો, કે "ખલ્ક઼" (પેદા કરવું) તો ખુદાની શાન છે, અને બંદો એનાથી લાચાર છે. તો પછી બંદાની કુદરત ખુદાની કુદરતથી વધુ કેવી રીતે થઈ જશે ?! બંદો પોતાના જૂઠ તથા અમલોના સર્જનમાં પહેલાં પણ અલ્લાહનો મોહતાજ હતો અને આજે પણ અલ્લાહનો મોહતાજ છે.

**બીજી અક઼લી સાબિતી** : ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે : અહીં બે ચીજો છે, **એક** : કિઝ્બે ઈન્સાની (માણસનું જૂઠ) તે માણસની કુદરત (શક્તિ હેઠળ) મજાઝન છે અને રબની કુદરત હેઠળ હક઼ીક઼તમાં છે (કે હક઼ીક઼તમાં અને ઝાતી રીતે તેની જ છે)

**બીજી** : કિઝ્બે રબ્બાની (રબનું જૂઠ), એના પર ન માણસને કુદરત છે ન રબની કુદરતમાં છે.

તો પછી માણસની કુદરત કઈ વાતમાં મૌલા તઆલાની કુદરતથી વધી ગઈ ?!" ................ જે ચીજ રબની કુદરતમાં હતી તે રબની કુદરતથી ક્યારે બહાર થઈ ?! *(હાશિયા ફતાવા રઝવિય્યહ, ૬/૩૩૩, કિતાબુસ્સિયર/અર્રિસાલા : સુબ્હાનુસ્સુબ્બૂહ, સુન્ની દારુ ઈશાઅત, મુબારકપુર)*

તે રબ્બાની કુદરત હેઠળ પહેલાં પણ હક઼ીક઼તમાં હતી અને હાલ પણ હક઼ીક઼તમાં છે. તો જે દલીલના આધાર પર "ઈમ્કાન" (શક્યતા)ની ઈમારત ખડી કરવામાં આવી હતી તે પાયો જ ન રહ્યો જેથી "અલ્લાહ માટે જૂઠ બોલવુ "મુહાલ બિઝ્ઝાત" હોવામાં કોઈ શંકા નથી.

બીજા શબ્દોમાં આ રીતે સમજો કે : અલ્લાહ તઆલા બંદાથી જૂઠ સાદિર કરાવવા (બોલાવવા) પર ક઼ાદિર છે અને બંદો અલ્લાહ તઆલાથી જૂઠ સાદિર કરાવવા માટે ક઼ાદિર નથી. તો કુદરત કોની વધારે થઈ ?! અલ્લાહ તઆલાની ! અને આયતે કરીમા : اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَیْءٍ قَدِیْرٌ "બેશક ! અલ્લાહ દરેક ચીજ પર ક઼ાદિર છે." *(સૂ. બકરહ, ૨/૨૦)* કિઝ્બે બારીની શક્યતા (રબ તઆલાના જૂઠ બોલી શકવા) પર દલીલ કરવું એટલા માટે યોગ્ય નથી કે આ આયત બિલ ઈત્તેફાક઼ (એકમતીએ) પોતાના ઉમૂમ (સામાન્યપણા) પર નથી, કેમ કે ખુદ રબ તઆલા "ચીજ" છે પણ તે પોતાની ફના (નષ્ટ થવા) પર કુદરતવાળો નથી. એ જ પ્રમાણે સૂવા તથા ઊંઘવા પર પણ ક઼ાદિર નથી. એ જ પ્રમાણે અને મુહાલાત (અશક્ય ચીજો) પણ તેની કુદરત હેઠળ નથી. જેથી كُلِّ شَیْءٍ એટલે "દરેક ચીજ"થી મુરાદ તે ચીજ છે જે હાદિષ (પછી પેદા થયેલી અને ફાની હોય) તથા મુમ્કિન (શક્ય) હોય. અને જે વાજિબ અથવા મુહાલ (અશક્ય) હોય તે આ આયતે કરીમાના ઉમૂમમાં સામેલ નથી. અને જૂઠ અયબ હોવાના કારણે અશક્ય છે. જેથી આ આયતે કરીમાથી દલીલ પુરવાર નથી થઈ શકતી.

અલ્લાહ તબારક વ તઆલા સર્વ કમાલવાળી સિફ્તો (ખૂબીઓ) સત્ય સહિત હમેશાંથી હમેશાં માટે

(અઝલન અબદન) ખૂબીઓ ધરાવનાર છે. કદી એ સિફતો (ખૂબીઓ) તેનાથી અલગ નથી થઈ શકતી, એટલા માટે જૂઠ તથા દરેક પ્રકારની અયબો તેનાથી મુહાલ બિઝ્ઝાત (ઝાતી તૌર પર અશક્ય) છે.

હે મુસલમાન ! હકીકી કમાલ એ છે કે તે કમાલવાળાની નફ્સે ઝાત મુક્તઝીએ જુમ્લા કમાલત (ખુદની જાત સર્વ કમાલોનો તકાઝો કરનારી) અને મુનાફીયે તલવ્વુષાત (અયબોને નકારનારી) હોય અને કતઅન (યકીનન !) જે એવો હશે તેના પર દરેક અયબ તથા ખામી "મુહાલે ઝાતી" (ઝાતી તૌર પર અશક્ય) હશે, કે અલ્લાહની જાતથી તેની જાતનો તકાઝો દૂર થવો અથવા અલ્લાહની જાત હોય અને જાતથી વિરૂધ્ધ ચીજોનું ભેગુ થવું બંનેવ ઉઘાડી રીતે અશક્ય છે. અને બેશક ! આપણે અહલે સુન્નત આપણા રબને એવો જ માનીએ છીએ અને બેશક ! તે સાચો કમાલવાળો એવો જ છે.

*(ફતાવા રઝવિય્યહ, ૬/૨૩૯)*

ઉલમાએ અહલે સુન્નતે એના બારામાં સ્પષ્ટ ખુલાસાઓ કરેલા છે, એમાંથી અમે અમુક નકલ કરીએ છીએ :

## ★ ખુદા માટે જૂઠ અશક્ય હોવા બાબતે ઉલમાએ એહલે સુન્નતના ખુલાસા ★

★ **"મુસલ્લમુષ્ષબૂત"** અને તેની શરહે જલીલ "ફવાતિહુર્રહમૂત" (૧/૪૩)માં છે :

અરબીનો અનુવાદ : **મોઅતઝલાએ એહલે સુન્નતને સંબોધીને કહ્યું કે** જો અકલી હુકમ ન હોય તો કિઝ્બે બારી મુહાલે અકલી એટલે ખુદાનુ જૂઠ બોલવું બૌધ્ધિક રીતે અશક્ય ન રહે, જ્યારે કે એને આપણે સૌ મુહાલે અકલી માનીયે છીએ.

તો **અહલે સુન્નતે તેમને એ જવાબ આપ્યો કે** ખુદાનું જૂઠ બોલવું એટલા માટે મુહાલે અકલી (બૌધ્ધિક રીતે) અશક્ય છે કે એ ખામી તથા અયબ છે, જેથી વાજિબ છે કે અલ્લાહ તઆલાને તેનાથી અલિપ્ત તથા પાક માને. અને એના બારામાં અમારા તથા તમારા વચ્ચે કોઈ ઝઘડો (વિવાદ) નથી કેમ કે એકમતીએ બૌધ્ધિક રીતે (અકલન્) અલ્લાહ તઆલા માટે મુહાલે અકલી છે.

એનું કારણ એ છે કે જૂઠ અયબ છે જે ખુદાએ બરહક્કના ખુદા હોવાથી વિરૂધ્ધ અને તેના માટે અશક્ય છે.

એ જ કારણે ફિલોસોફરો (હુકમા) જેઓ કોઈ નબી પર ઈમાન નથી ધરાવતા અને કોઈ શરીઅતને માનનારા નથી, તેઓ પણ જૂઠને અયબ તથા ખુદા તઆલા માટે અશક્ય (મુહાલ) જાણે છે.

★ **"શર્હે અકાઈદ"માં છે :- (અરબીનો અનુવાદ)** : જૂઠ અયબ છે અને અયબ અલ્લાહ તઆલા માટે મુહાલ છે (અશક્ય) છે, જેથી અલ્લાહનુ જૂઠ બોલવું શક્ય ચીજો (મુમ્કિનાત)માંથી નથી, ન અલ્લાહ તઆલાની કુદરતમાં સામેલ છે, જેવી રીતે અયબના અન્ય સબબો સામેલ નથી. દા.ત. કે જાહિલ (અજ્ઞાન) હોવું, લાચાર હોવું, શક્ય ચીજોમાંથી નથી, ન તો રબની કુદરતમાં સામેલ છે.

*(શર્હે અકાઈદ, ૨/૧૯૫-૧૯૭)*

આ ઘણા જ સ્પષ્ટ શબ્દોમાં ખુલાસો છે કે અલ્લાહ તઆલા માટે જૂઠ, જેહાલત, લાચારી અશક્ય બાબતોમાંથી છે, કેમ કે એ સૌ અયબો છે, અયબ તથા ખામી રબ તઆલાની કુદરત હેઠળ નથી, જેથી અલ્લાહ તઆલાથી જૂઠ મુહાલ બિઝ્ઝાત (તેની જાતથી જૂઠ બોલવું અશક્ય) છે.

★ **શર્હે મકાસિદના 'મુબહષે કલામ"માં છે :- (અરબીનો અનુવાદ)** : જૂઠ એ ઉમ્મતના ઈજમાઅથી મુહાલ (અશક્ય) છે, એટલા માટે કે જૂઠ

બુધ્ધિશાળીઓ નજીક એકમતીએ અયબ તથા ખામી છે, અને અયબ અલ્લાહ તઆલા માટે અશક્ય છે કેમ કે એ લાચારી અથવા અજ્ઞાનતા અથવા બેકારની નિશાની છે. *(શર્હુલ મકાસિદ, ૪/૧૫૮)*

**★ મવાકિફની ''બેહષે કલામ''માં છે :-**

(અરબીનો અનુવાદ : અહલે સુન્નત તથા મોઅતઝલા સૌની એકમતી છે કે અલ્લાહ તઆલાથી જૂઠ અશક્ય છે. મોઅતઝલા તો એટલા માટે મુહાલ (અશક્ય) કહે છે કે જૂઠ ખરાબી (બુરુ) છે અને અલ્લાહ સુબ્હાનહૂ કોઈ બુરુ કામ નથી કરતો. અને આપણા અહલે સુન્નતની નજીક અલ્લાહ ﷻથી જૂઠ એટલા માટે અશક્ય છે કે જૂઠ અયબ છે અને અયબ અલ્લાહ તઆલા માટે ઈજમાઅ સાથે અશક્ય છે. *(શર્હુલમવાફિક અલ જુઝ ષામિન, મિનલ મુજલ્લદિર્રાબિઅ, પેજ-૧૧૪)*

આ લખાણોમાં મુહાલ (અશક્ય)થી મુરાદ મુહાલ બિઝ્ઝાત છે કે ખામી તથા અયબ અલ્લાહ તઆલા માટે અશક્ય ચીજોમાંથી છે અને એ તેની કુદરત હેઠળ નથી આવતાં.

આ પરથી જાણવા મળ્યું કે **આ ફિત્નાઓથી ભરપુર દૌરમાં ''ખુદા જૂઠ બોલી શકે''નો ફિત્નો ખાસ વહાબીઓએ કાઢયો છે, અને જે દલીલના આધારે કાઢયો તે કેવળ ધોકો તથા પ્રપંચ જ છે જેવું કે વર્ણવવામાં આવ્યું.**

## ★ દામાને બાગે ''સુબ્હાનુસ્સુબ્બૂહ''ના અમુક જરૂરી લખાણો ★

અમે આ સ્થાને મુજદ્દિદે ઈસ્લામ મૌલાના અહમદ રઝાખાં قدس سرہ ની એક કિતાબ ''દામાને બાગે સુબ્હાનુસ્સુબ્બૂહ''નાં અમુક જરૂરી લખાણો રજૂ કરીએ છીએ જેનાથી ''રિસાલા યક રોઝી''ની દલીલ અને તેના લેખકની માન્યતાની ખરાબી સારી રીતે પ્રદર્શિત થઈને સામે આવી જશે, ઈન્શા અલ્લાહુ તઆલા ! આપ લખે છે :

''મેં મારી પુસ્તિકા ''સુબ્હાનુસ્સુબ્બૂહ અન અયબિ કિઝ્બિ મકબૂહ''માં ત્રીસ આયતો (નસો) તથા ત્રીસ કતઈ (યકીન) દલીલો થકી સાબિત કર્યું છે કે અલ્લાહ તઆલાનું જૂઠ બોલવું અશક્ય છે. અને એ કે તેના મુહાલ બિઝ્ઝાત (તેની ઝાતથી જૂઠ અશક્ય) હોવા બાબતે **ઉમ્મતના સર્વ ઈમામોનો ઈજમાઅ** છે. મુસલમાન જેના દિલમાં તેના રબની અઝમત અને તેના કલામનું સમર્થન હોય, જો કાંઈ પણ સમજ ધરાવે છે તો તેના માટે આ જ બે અક્ષરો પૂરતા છે :–

**પ્રથમ :** એ કે કિઝ્બ (જૂઠ) એવી ગંદી, નાપાક અયબ છે જેનાથી થોડી જાહેરી ઈજ્જતવાળો પણ બચવા ચાહે છે અને પોતાની તરફ તેની નિસ્બતથી શરમ અનુભવે છે. જો તે અલ્લાહ ﷻના માટે શક્ય બન્યું તો તે અયબી, ખામીયુક્ત, નાપાક, ગંદી, ધૃણાજનક નાપાકીથી ખરડાયેલ થઈ શકે છે. શું કોઈ મુસલમાન પોતાના રબ પર આવુ ગુમાન કરી શકે છે ?! મુસલમાન તો મુસલમાન કે તેના માટે તેના રબની અમાન. પણ મામૂલી સમજવાળો યહૂદી તથા નસરાની પણ આવી વાત પોતાના રબના માટે પસંદ કરશે નહીં. પાકી છે તેને જેના ઈજ્જત તથા જલાલના પર્દાની આસપાસ કોઈ અયબ તથા ખરાબીનું ફરકવું કતઅન મુહાલ બિઝ્ઝાત છે, જેની અઝમત તથા કુદુસિયતને દરેક અયબ તથા ખરાબીથી બિઝ્ઝાત વિરૂધ્ધ છે.

અહલે સુન્નતનો મઝહબ એ છે કે સર્વ જહાન હાદિષ તથા નવુ સર્જન પામેલ છે, અને તેને બનાવનારો કદીમ (હમેશાંથી છે) અને કદીમી સિફતો (હમેશાંની ખૂબીઓ)વાળો છે. ન તેનું જેહલ (અજ્ઞાનતાવાળો હોવું) શક્ય છે ન જૂઠા હોવું શક્ય છે,

ને એનામાં કોઈ પ્રકારના અયબ તથા ખરાબીઓની શક્યતા છે.

**બીજુ** : એ કે જ્યારે તેનુ કિઝ્બ (જૂઠા) હોવું શક્ય થાય તો તેનું સિદ્ક (સાચા હોવું) જરૂરી ન રહ્યું. જ્યારે તેનું સાચા હોવું જરૂરી ન રહ્યું તો તેની કઈ વાત પર સંતોષ થઈ શકશે ?! દરેક વાતમાં અંદેશો રહેશે કે કદાચ જૂઠી કહી આપી હોય ! જ્યારે તે જૂઠી બોલી શકે છે તો એ યકીનનો કયો ઝરીયો છે કે તેણે કદી બોલ્યું ન હોય. શું એને કોઈનો ડર છે ? અથવા તેના પર કોઈ હાકિમ કે અફસર છે જે તેને દબાવશે અને જે વાત તે કરી શકે છે તે ન કરવા દેશે ?!

હા ! ઝરીયો કેવળ એ જ થઈ શકતો હતો કે ખુદ તેનો વાયદો હોય કે : "હમેશાં સાચુ બોલીશ ! અથવા તેણે ફર્માવી આપ્યું છે કે મારી સર્વ વાતો સાચી છે."

પણ જ્યારે તેનુ જૂઠા હોવું શક્ય બન્યું તો મુદ્દલે જ આ વાયદા તથા ફર્માનના જ સાચા હોવા પર શું સંતોષ રહ્યો ? બની શકે છે કે પ્રથમ જૂઠ એ જ બોલ્યો હોય !

સારાંશ કે મઆઝલ્લાહ ! તેનું જૂઠ બોલવું શક્ય માનીને દીન તથા શરીઅત અને ઈસ્લામ તથા મિલ્લત કોઈનું અસલમાં ઠેકાણુ નથી રહેતુ ! બદલો તથા સજા, જન્નત તથા જહન્નમ, હિસાબ તથા કિતાબ, હશ્ર તથા નશ્ર કોઈના પર ઈમાનનો કોઈ ઝરીયો નથી રહેતો. تعلی اللہ عما یقول الظّلمون علوًا کبیرًا "અલ્લાહ તઆલા જાલિમોની બકવાસથી ઘણો જ બુલંદ છે." *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૬, પેજ–૨૭૫)*

**ત્રીજુ** : આ કાઈલે (કહેનારે) પોતાના રિસાલા યક રોઝીમાં જ્યાં આ નાપાક દલીલ લખી છે ત્યાં એ જાહેર કર્યું કે ખુદાનુ જૂઠ બોલવું શક્ય બિઝ્ઝાત હોવા પર પણ "મુમ્તનઅ બિલગૈર" (કોઈ અન્ય કારણે અશક્ય) જરૂર છે, પણ દલીલ એ રજૂ કરી જેણે મુમ્તનઅ બિલગૈરને પણ સાફ ઉડાડી આપ્યું.

જાહેર છે કે માણસનું જૂઠ બોલવું ન મુમ્તનઅ બિઝ્ઝાત ન મુમ્તનઅ બિલગૈર છે, બલ્કે દરરોજ દિવસ રાત હજારો વાર બને છે, તો જૂઠા પર તેની કુદરત આઝાદ થઈ જેના પર કોઈ રોક નથી અને બરાબર કામ આપી રહી છે પણ ખુદાની કુદરત બંધાયેલી તથા સીમિત છે કે રજૂ કરવાની મજાલ નથી, અને શંકા નથી કે આઝાદ કુદરત સીમિત કુદરત પર અગ્રતા ધરાવે છે. તો આ રીતે શું ઈન્સાની કુદરત તેની કુદરત કરતાં ઉચ્ચતાવાળી ન રહી ?! કોઈ ઉપાય વિના તમારા માટે જરૂરી છે કે ઈમ્તિના બિલ ગૈર પણ ન માનો કે ઈન્સાની કુદરતથી શરમાવું તો ન પડે.

**ચોથું** : આખી વાત એ છે કે એ શખ્સે માણસના કામોને ખુદાની કુદરતથી અલગ સમજ્યાં છે કે માણસ પોતાનાં કામ પોતાની કુદરત વડે કરે છે. આ રાફઝીઓ મોઅતઝલીઓ ફિલોસોફરોનો મઝહબ છે. અહલે સુન્નતની નજીક ઈન્સાની હયવાની સર્વ જહાનોનાં કામો, વાણીઓ, અમલો, હાલતો સૌ અલ્લાહ ﷻની જ કુદરતથી અસ્તિત્વ પામે છે. અન્યોની કુદરત એક જાહેરી કુદરત છે જેને તાષીર તથા ઈજાદ (અસ્તિત્વમાં લાવવા)માં કોઈ દખલ નથી. સર્વ કાઈનાત તથા મુમ્કિનાત (સૃષ્ટિ તથા શક્યતાઓ) પર અસરકારક કુદરત ખાસ અલ્લાહ ﷻના માટે છે. તો જૂઠ હોય કે સત્ય, કુફ્ર હોય કે ઈમાન, સુંદરતા હોય કે કુરૂપતા, ફર્માબરદારી હોય કે ગુનાહ, માણસથી જે કાંઈ પણ થશે તે અલ્લાહની કુદરત હેઠળનું અને અલ્લાહની મખ્લૂક઼ હશે. તેની જ કુદરત અને તેના જ અસ્તિત્વમાં લાવવાથી પેદા થશે. પછી કેવી રીતે શક્ય છે કે માણસ કોઈ કામ અલ્લાહની કુદરતથી અલગ રીતે કરી શકે ?!

મકાસિદમાં છે : (અરબીનો અનુવાદ) બંદાનું દરેક કામ અલ્લાહ તઆલાની કુદરતથી જ અસ્તિત્વમાં

આવે છે, બંદાની કેવળ કોશિશ છે. અને મોઅતઝલા તથા ફિલોસોફરો કહે છે કે બંદાનુ કામ ખુદ પોતાની જ કુદરતથી થાય છે. મોઅતઝલાની નજીક શક્યતાની રીતે કે બંદાની કુદરતથી કામનું અસ્તિત્વ પામવું શક્ય છે વાજિબ નથી, અને ફિલોસોફરો નજીક વાજિબના તૌર પર કામનું અસ્તિત્વ પામવું છે કે કામ કરવું અને કુદરતમાં જુદાઈ શક્ય નથી.

**પાંચમુ** : એને પૂછો માણસને કોના જૂઠ પર કુદરત છે ? પોતાના જૂઠ પર કે ખુદાના ? જાહેર છે કે માણસ શક્તિમાન છે તો કેવળ માણસના જૂઠ પર, ન કે મઆઝલ્લાહ ! રબના જૂઠ પર. અને વિના શંકાએ માનવનું જૂઠ બોલવું જરૂર રબની કુદરત હેઠળ છે. વળી જો ખુદાનુ જૂઠ બોલવું રબની કુદરત હેઠળ ન હોય તો ઈન્સાની કુદરત કેવી રીતે વધી ગઈ ? તે (ઈન્સાની કુદરત) ખુદાના જૂઠ બોલવા પર ક્યારે હતી ? અને જેના પર હતી એટલે માનવીના જૂઠ બોલવા પર, તો એને જરૂર રબની કુદરતે ઘેરેલ છે.

**છઠ્ઠુ** : અમે પૂછીએ છીએ કે ઈન્સાની કુદરત વધી જવાથી શું મુરાદ છે ? એ કે માનવીના મક્દૂરો (અખત્યારો) બંદો જે વાત પર ક઼ાદિર (શક્તિમાન) છે ગણત્રીમાં ખુદાના મક્દૂરોથી વધી જશે ?! આ તો ઉઘાડી રીતે બાતિલ છે કે જૂઠ તથા સર્વ અયબો સરકારે ઈઝ્ઝત (રબ)ના માટે સરકારે ઈઝ્ઝતની કુદરતમાં ન હોવા છતાં પણ તેના અસીમ મક્દૂરો છે, અને માણસ કેટલીયે નાપાકીઓ પર ક઼ાદિર હોય, છેવટે તેના મક્દૂરો સીમિત જ રહેશે. અને અસીમને સીમિત સાથે કોઈ નિસ્બત જ નથી હોય શકતી.

હા ! એવું કહો કે એક ચીજ પણ એવી કાઢવી જે માણસની કુદરત હેઠળ હોય અને રહમાનની કુદરત હેઠળ ન હોય એ અશક્ય છે. (અને બેશક ! એવું જ છે) એને "ઝિયાદતે કુદરત (કુદરતમાં વધી જવા)થી તાબીર કરેલ છે. તો હવે અમે પૂછીએ છીએ :

એ ખાસ જૂઠ કે જે ઈન્સાનથી અસ્તિત્વ પામ્યું એ ખુદાની કુદરતથી થયું કે ખુદાની કુદરતથી અલગ ?

પ્રથમ તક઼દીર પ્રમાણે એ કઈ ચીજ નીકળી જે માણસની કુદરત હેઠળ હતી અને રહમાનની કુદરત હેઠળ ન હતી, કેમ કે એ જે માણસની કુદરતથી થયું તે ખુદ માનો છો કે રહમાનની કુદરતથી થયું, પછી (માણસની કુદરતનું) વધી જવું ક્યાં રહ્યું ?!

બીજી તક઼દીર મુજબ રહમાન જો કે મઆઝલ્લાહ ! પોતાના કરોડો જૂઠો પર ક઼ાદિર હોય તે જૂઠ, તે જૂઠના પ્રમાણે નહીં હોય જે માણસથી અસ્તિત્વ પામ્યું, બલ્કે જૂઠ હોવામાં તેના મિષ્લ (જેમ) હશે, અને મિષ્લ પર કુદરત ચીજ પર કુદરત નથી, તે ખાસ માનવનુ જૂઠ જે ઈન્સાની કુદરતથી અસ્તિત્વ પામ્યું. તેને સ્પષ્ટપણે ખુદાની કુદરતથી અલગ કહી રહ્યા છો તો ખુદાનુ જૂઠ શક્ય બલ્કે હવે અસ્તિત્વ પામેલ માનીને પણ તે કામ ન બન્યું કે એક જે ઈન્સાની કુદરત હેઠળ હતી તે રહમાની કુદરત હેઠળ ન થઈ. તેનો પ્રકાર ખુદાની મક્દૂર થઈ ન કે ખુદ તે ચીજ. તો તેં ખુદા તથા ઈન્સાનને જૂઠના બારામાં બે સરખા લાચાર માન્યા, કે જૂઠી વસ્તુઓમાંથી જેના પર માણસ ક઼ાદિર છે તેના પર ખુદા ક઼ાદિર નથી, અને જે ચીજ પર ખુદા ક઼ાદિર છે તેના પર માણસ ક઼ાદિર નથી.

એના પર આ મસ્અલામાં اِنَّ اللّٰہَ عَلٰی کُلِّ شَیۡءٍ قَدِیۡرٌ (બેશક ! અલ્લાહ તઆલા દરેક ચીજ પર ક઼ાદિર છે. સૂ. બક઼રહ, ૨/૨૦) પઢો છો અને અલ્લાહનું જૂઠ બોલવું અશક્ય જાણનારા મુસલમાનો પર લાચાર માનવાનો આક્ષેપ મૂકો છો, જ્યારે કે તમે પોતે જ તે છો કે ખુદાને બંદાના મક્દૂરો

(બંદો જેના પર કાદિર છે તેના) પર કાદિર નથી માનતા, ત્યારે જ તો પોતાની વાત ગોઠવવા માટે બંદાના મક્દૂરાત (અખત્યારો) જેવા મક્દૂરાત અલ્લાહ તઆલાની કરીમ જાતમાં ઘડવા ઈચ્છો છો.

એનું દષ્ટાંત આ પ્રમાણે સમજો કે ઝયદ તથા અમ્ર (કાલ્પનિક નામો) બંનેવ પોત પોતાની પત્નીને તલાક આપવા પર કાદિર છે, પણ એકબીજાની પત્નીને તલાક નથી આપી શકતા. તો દરેક બીજાના મક્દૂર પર કાદિર નથી, બલ્કે તેની નઝીર (પોતાની પત્ની) પર કાદિર છે.

પરંતુ હક્ક ﷻ બંને પર કાદિર છે કે એમનામાં જે પોતાની પત્નીને તલાક આપશે તે તલાક અલ્લાહની જ કુદરતથી અસ્તિત્વ પામશે તથા મૌજૂદ તથા મખ્લૂક થશે. તો અલ્લાહ તઆલા ઝયદ તથા અમ્ર દરેકના અયને ફેઅલ (તે જ કામ) પર કાદિર છે અને મિષ્લે ફેઅલ (તેના જેવુ કામ) પર પણ કાદિર છે કે એકનું કાર્ય બીજાનું મિષ્લ હતું. પણ ઈમામુલ વહાબિયાએ તેને ખુદાની કુદરત ન જાણી, બલ્કે કુદરતના માટે એ લાઝિમ જાણ્યું કે જેવી રીતે તેઓ પોત પોતાની પત્નીને તલાક આપી શકે છે તેમ ખુદા ખુદ પણ પોતાની જોરૂ★ને તલાક આપી શકે. ولا حول ولا قوۃ إلا باللہ العلیّ العظیم

**સાતમુ** : આ વિવાદ બેશક ! હક્ક હતો કે જેના પર માણસ કાદિર છે એના પર અને એના ઉપરાંત અસીમ ચીજો પર મૌલા ﷻ કાદિર છે. તે (માણસ) જાહેરી અતાઈ કુદરત થકી કાદિર છે અને હક્ક (તઆલા) હકીકી ઝાતી કુદરતથી કાદિર છે. પણ આ હક્કને એ કેવી રીતે તદ્દન બાતિલ તરફ લઈ ગયો. માણસનું કોઈ કામને કરવું કસબ (કોશિશ) કહેવાય છે, માણસની જાહેરી કુદરત કેવળ આટલા પ્રમાણમાં છે. હકીકી કુદરત ખલ્ક તથા ઈજાદ (પેદા કરવું કે સર્જન)માં તેનો હિસ્સો નથી, તે ખાસ મૌલા ﷻની કુદરત છે. તો આ કલમાએ હક્કનો હેતુ એ હતો કે માણસ જે ચીજની કોશિશ માટે શક્તિમાન છે, અલ્લાહ તેને પેદા કરવા તથા સર્જન માટે કાદિર છે, કે તે કોશિશ ન હશે બલ્કે એ ખુદાની કુદરત છે. એ શખ્સે એવું ઘડી કાઢયું કે માણસ જે ચીજના કસબ (કોશિશ) પર કાદિર છે, રહમાન પણ ખુદ પોતાના માટે તેના કસબ પર કાદિર છે. سُبۡحٰنَ اللّٰہِ رَبِّ الۡعَرۡشِ عَمَّا یَصِفُوۡنَ ''તો પાકી છે અલ્લાહ અર્શના માલિકને એ વાતોથી જે આ બનાવે છે.'' *(સૂ. અંબિયા, ૨૧/૨૨, ફતાવા રઝવિય્યહ, ૬/૨૭૭ થી ૨૭૯)*

એવું હોવુ જોઈતુ હતું કે આ ''અહલે હદીષ'' સહીહ બુખારી તથા સહીહ મુસ્લિમથી અલ્લાહના જૂઠ બોલવાની શક્યતાની સાબિતીમાં કમસે કમ બે ચાર નબવી હદીષો એવી રજૂ કરતા જે તાવીલની સંભાવનાથી મેહફૂઝ અને મોહકમ હોત. અમુક અન્ય હદીષો સિહાહ સિત્તા વગેરેથી પણ સનદરૂપે રજૂ કરી શકતા હતા કે અમારા અહલે સુન્નત પર વિરોધ માટે આ પણ પૂરતી છે, પણ એવું ન કરી શક્યા !

હવે અમે નીચે કુર્આન હકીમની અમુક આયતો તથા નબવી હદીષો રજૂ કરીએ છીએ જેનાથી ધોળા દિવસની જેમ સાબિત થશે કે અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા સૌથી અધિક સાચો છે અને તેની વાતની આસપાસ જૂઠ કે જૂઠનો પડછાયો ફરકી નથી શકતો. *(ક્રમશઃ)*

*–અહાદીષે સહીહૈનસે ગૈર મુકલ્લિદીનકા ઈન્હેરાફ)*

★ *જો કહેવામાં આવે કે અલ્લાહ તઆલા ''જોરૂ''થી પાક છે તો અમે કહીશું કે તે ''કિઝ્બ'' (જૂઠ)થી પાક છે, જેથી જેવી રીતે તેની તરફથી તલાકની કલ્પના ન થઈ શકવાને કારણે બંદાની કુદરત વધારે નથી થતી, એ જ રીતે તેનાથી જૂઠની કલ્પના ન હોવાને કારણે બંદાની કુદરત તેની કુદરતથી વધારે ન થશે.*

# "ઈદે ગ઼દીર" હક઼ીક઼તની રોશનીમાં

-કાર્યાલય

મોહતરમ વાંચકો ! ૧૮ ઝીલ હજ્જને શીઆ લોકો "ઈદે ગ઼દીર" મનાવે છે, અને કહે છે કે એ દિવસે હજ્જતુલ વિદાઅની વાપસી પર "ગ઼દીરે ખુમ" સ્થળે નબી કરીમ ﷺએ હઝરત અલી رضی اللہ عنہનો હાથ પકડીને ફર્માવ્યું, "હું જેનો મૌલા, અલી તેનો મૌલા." નબી કરીમ ﷺના આ ફર્માનથી શીઆઓ સાબિત કરવાની કોશિશ કરે છે કે નબી કરીમ ﷺએ હઝરત અલી رضی اللہ عنہને આ ફર્માન થકી પોતાના ખલીફા બિલા ફસ્લ (કોઈની વચ્ચે આડ વિના) બનાવ્યા.

૧૮ ઝીલ હજ્જ જો કે ત્રીજા ખલીફા, રસૂલુલ્લાહ ﷺના ડબલ જમાઈ હઝરત સૈયેદોના ઉષ્માન ગની رضی اللہ عنہની શહાદતનો દિવસ છે. બરાબર તે જ દિવસે રાફઝી શીઆ અને તેમના નક઼શે ક઼દમ પર ચાલનારા સુન્નીના પોશાકમાં છુપાયેલા અડધા રાફઝી જશ્ને ગદીર મનાવીને શું સાબિત કરવા ચાહે છે ?!

અજબની વાત છે કે હજ્જતુલ વિદાઅ જે તે વખતે મુસલમાનોનો સૌથી મોટો ઈજતેમા હતો તેમાં નબી કરીમ ﷺએ કોઈને ખલીફા ન બનાવ્યા અને પરત થતાં થોડી સંખ્યાની સામે "ગદીરે ખુમ" સ્થળે ખલીફાનું એલાન કરી આપ્યું ?! જો ખિલાફતનું એલાન નબી કરીમ ﷺએ કરવું જ હોત તો તેનો સહીહ તથા બેહતરીન મોકો હજ્જતુલ વિદાઅ હતો. ગદીરે ખુમ સ્થળે તો નબી કરીમ ﷺએ એક વિવાદનો હલ કર્યો અને ફર્માવ્યું કે, "અલીથી નારાઝગી ન રાખો, તેમનાથી મહોબ્બત કરો. જેને હું મેહબૂબ છું તે અલીથી મહોબ્બત રાખે."

અસલમાં એવું થયું હતું કે માલે ગનીમત હઝરત અલી رضی اللہ عنہએ વહેંચ્યો હતો. વહેંચણી બાબતે અમુક સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને નારાઝગી થઈ. તો તેમણે "ગદીરે ખુમ" સ્થળે નબી કરીમ ﷺને હઝરત અલી رضی اللہ عنہની શિકાયત કરી. નબી કરીમ ﷺએ પૂછ્યું, હે બુરૈદા શું તમે અલીથી (આ વહેંચણીના કારણે) નારાઝગી અનુભવો છો ? હઝરત બુરૈદા رضی اللہ عنہએ ફર્માવ્યું, જી હા ! નબી કરીમ ﷺએ ફર્માવ્યું, અલીથી નારાઝગી ન રાખો. જેટલો હિસ્સો અલીએ લીધો છે, હક્ક઼ તો એનાથી અધિક હિસ્સાનો બને છે." બુરૈદા رضی اللہ عنہ ફર્માવે છે, **ત્યાર બાદ મારી નારાઝગી ખત્મ થઈ ગઈ.** આ વહેંચણી વગેરેના કારણે અન્ય સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરેને પણ નારાઝગી થઈ હોય તો તેમની પણ નારાઝગી ખત્મ કરવા માટે નબી કરીમ ﷺએ એલાન કર્યું, "જેનો હું મૌલા છું તેનો અલી મૌલા છે."

હઝરત શઅબા رضی اللہ عنہ સલમા બિન કહીલથી રિવાયત કરે છે કે મેં અબૂ તુફૈલથી સાંભળ્યું કે અબૂ સરીયા અથવા ઝૈદ બિન અરકમ رضی اللہ عنہماથી મરવી છે. (શઅબાને રાવીના વિશે શક છે) કે હુઝૂર નબી અકરમ ﷺએ ફર્માવ્યું, "જેનો હું મૌલા છું તેના અલી મૌલા છે." આ હદીષને ઈમામ તિર્મિઝીએ રિવાયત કરી છે અને કહ્યું કે આ હદીષ હસન સહીહ છે. શઅબાએ આ હદીષને મૈમૂન અબૂ અબ્દુલ્લાહથી, તેમણે ઝૈદ ઈબ્ને અરકમથી, તેમણે હુઝૂર નબી કરીમ ﷺથી રિવાયત કરી છે. *(તિર્મિઝી, તિબ્રાની તેમજ અનેક કિતાબોમાં આ હદીષ આવેલી છે)*

**શીઆની કિતાબથી : (૧)** બુરૈદા અસ્લમીએ રસૂલે કરીમ ﷺથી હઝરત અલીની માલે ગનીમતની વહેંચણીની શિકાયત કરી તો રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું, "હું જેનો મૌલા તથા મહબૂબ છું અલી પણ તેના મૌલા તથા મહબૂબ છે. જેથી નારાઝગી ન રાખો, ખત્મ કરો.

*(શીઆ કિતાબ બહારુલ અન્વર, ૧૯૦/૩૭)*

**(૨)** બુરૈદા અસ્લમી કહે છે, અમને માલે ગનીમત મળ્યો, રસૂલે કરીમ ﷺની તરફ પત્ર

લખ્યો કે વહેંચણી માટે કોઈને મોકલે. રસૂલે કરીમ ﷺએ અલી رضی اللہ عنہને મોકલ્યા. હઝરત અલીએ વહેંચણી કરી અને પોતાનો હિસ્સો પણ કાઢયો. અબૂ બુરૈદા વહેંચણીની શિકાયત લઈને (ગદીરે ખુમ સ્થળે) રસૂલે કરીમ ﷺની પાસે પહોંચ્યા અને શિકાયત તથા નારાઝગી પ્રદર્શિત કરી. રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું," અલીએ જેટલું લીધું એનાથી વધીને હિસ્સો છે. જો અલીથી નારાઝગી છે તો ખત્મ કરો. જો મહોબ્બત છે તો વધારે મહોબ્બત કરો. *(શીઆ કિતાબ, કશ્ફુલગમ્મા લારબીલી, ૧/૨૯૩)*

**સારાંશ** : આ હતી અસલ પરિસ્થિતિ કે વિવાદ પર નારાઝગી તથા ઝઘડો ખત્મ કરાવવામાં આવ્યો, બાકી **ન તો કોઈ બયઅત લેવામાં આવી અને ન બયઅત તથા ખિલાફતનું એલાન કરવામાં આવ્યું.** આ હતી અસલ પરિસ્થિતિ જેને જૂઠા પ્રપંચી શીઆઓએ ક્યાંથી ક્યાં પહોંચાડી આપ્યું.

"ઈદે ગદીર" કેમ કે શીઆ લોકો ગલત માન્યતા "ખલીફા બિલા ફસ્લ"ના વિવાદમાં મનાવે છે એટલા માટે **એ કોઈ ઈદ નથી, તેની કોઈ અસ્લ (દલીલ) નથી, બલ્કે એ જુર્મ તથા ગુનોહ છે,** કેમ કે સૈયદના અલી رضی اللہ عنہ બિલા ફસ્લ ખલીફા નથી બલ્કે ચોથા ખલીફા છે. હઝરત સૈયદના મૌલા અલી (ખુદ ફર્માવે છે : "મને ખબર મળી છે કે લોકો અબૂ બક્ર તથા ઉમર પર મને ફઝીલત આપે છે. મને અબૂ બક્ર તથા ઉમર પર કોઈ ફઝીલત ન આપે, નહીં તો તેને એ સજા આપીશ જે તોહમત (આક્ષેપ)વાળાઓની સજા હોય છે, એટલે ૮૦ કોરડા મારીશ. *(ફઝાઈલુસ્સહાબા, રિવાયત નં. ૩૮૭)*

ગદીરના દિવસ વિશે ઘણુ બધુ શીઆ કિતાબોમાં છે તેમાંનું મોટાભાગનુ જૂઠુ છે, શીઆઓએ પોતાના તરફથી લખ્યુ છે અને નામ અહલે બયત رضوان اللہ تعالیٰ علیہم اجمعین અથવા નબી કરીમ ﷺનું રાખી દીધું છું. ઈમામ જઅફર સાદિક્ رضی اللہ عنہએ ફર્માવ્યું : "લોકો જેઓ (જાહેરી રીતે) અમારા અહલે બયતના ચાહક કહેવાય છે તેમણે પોતાના તરફથી વાતો, હદીષો ઘડી લીધી છે અને અમારા અહલે બયતની તરફ સંબંધિત કરી આપી છે કે જે જૂઠી છે. તો અમારા અહલે બયતની તરફથી નિસ્બત કરીને જે કાંઈ કહેવામાં આવે તો તેને જુઓ કે જો તે કુર્આન અને આપણા નબી હઝરત મુહમ્મદ ﷺની સુન્નત (હદીષ)ની વિરૂધ્ધ હોય તો તેને કદાપિ કબૂલ ન કરો. *(શીઆ કિતાબ રિજાલ કશી, પેજ–૧૩૫, ૧૯૫)*

એ જે કહે છે કે ઈસ્લામના નામ પર બનનારા ફિર્કાઓમાં સૌથી અધિક જૂઠા શીઆ છે તેઓ બિલ્કુલ સાચુ કહે છે, જેનું સમર્થન ઈમામ જઅફર સાદિક્ رضی اللہ عنہ ના કથનથી પણ થાય છે. ઈમામ જઅફર સાદિક્ رضی اللہ عنہના કૌલથી સ્પષ્ટ થાય છે કે અહલે બયત, ખાસ કરીને હઝરત અલી, બીબી ફાતિમા, ઈમામ જઅફર સાદિક્, હસન, હુસૈન رضوان اللہ تعالیٰ علیہم اجمعینની **વાતો જો કુર્આન તથા સુન્નતથી વિરોધાભાસી હોય તો સમજી લો કે એ તેમનો કૌલ (કથન) જ નથી,** બલ્કે કોઈએ પોતાના તરફથી જૂઠુ બોલીને તેમની તરફ સંબંધિત કરી આપેલ છે. જેથી કોઈ પણ આલિમ, મુફતી, સૂફી, પીર, ફકીર અને ફિર્કાની કોઈ પણ વાત કુર્આન તથા સુન્નત (હદીષ)ની વિરૂધ્ધ હોય તો કદાપિ વિશ્વાસપાત્ર નથી.

ઈમામ જઅફર સાદિક્ رضی اللہ عنہની વાતથી સાબિત થયું કે ફિક્હે જઅફરિયા, ફિક્હે શીઆ, અકાઈદે શીઆ, મઝહબે શીઆ જૂઠ તથા મક્કારીનું પોટલુ છે. કેમ કે શીઆઓની કિતાબો કુર્આન તથા સુન્નતથી વિરૂધ્ધ ભરેલી પડી છે. હા ! શીઆઓની તે વાતો જે કુર્આન તથા હદીષની વિરૂધ્ધ ન હોય તે સ્વીકાર્ય તથા દલીલ બની શકે છે.

*(વધુ માટે વાંચો : માહનામા આ'લા હઝરત, બરેલી શરીફ, ઓગષ્ટ–૨૦૨૨)*

## દયાદરામાં સુન્ની ઈજતેમામાં શાને ઝયનુલ આબિદીન رحمۃ اللہ علیہ પર બયાન

**દયાદરા** : ખાતે તા. ૨૧–૮–૨૦૨૨ રવિવાર અસર બાદ હફતાવારી સુન્ની ઈજતેમામાં હઝરત ઈમામ ઝયનુલ આબિદીન رحمۃ اللہ علیہની યાદમાં ઈમાન અફરોઝ બયાન હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ કર્યું હતું. જેમાં આપની ખૂબીઓ, આપના કમાલાતો, આપની ઈબાદતો, આપનો તકવો, ખૌફે ખુદા વિશે બયાન કરીને જણાવ્યું કે ખરેખર આપણે તેમનાથી મહોબ્બત કરનારા છીએ તો આપણે તેમનો તરીકો અપનાવી જિંદગીને શરીઅતના આદેશોથી શણગારી જીવવું જોઈએ, નહીં તો ઝબાની ફોગટ દાવાથી તેમનો કોઈ ફયઝ મળી શકતો નથી.

## ★ મૌતુલ આલિમ મૌતુલ આલમ ★

**★ લેસ્ટર (યુ.કે)** : તા. ૫–૯–૨૦૨૨, ૮–સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૪૪૪, સોમવારના રોજ એક દુઃખદ સમાચાર વહેતા થયા કે સુન્ની જગતની મશહૂર હસ્તી ***હઝરત અલ્લામા ડો. શાહિદ રઝા નઈમી*** رحمۃ اللہ علیہ આ ફાની જગતને અલવિદા કહીને આખેરતની સફરે ચાલી નીકળ્યા. આપનો જન્મ ઈ.સ. ૧૯૫૦માં ઈન્ડિયામાં થયો હતો. આપે ૧૯૬૯માં યુનિ. ઓફ આગ્રામાંથી બાયોલોજી અને કેમેસ્ત્રીમાં ડિગ્રી હાંસલ કરી હતી. અને દીની શોખને કારણે આપે દર્સે નિઝામી સુધી પઢાઈ કરી જામિઆ નઈમિયા મુરાબાદાબાદમાં આલિમ ફાઝિલ થયા. અને ૧૯૭૬થી ત્યાં જ પઢાવવાનું શરૂ કરેલું. પછી યૂરોપનો સફર કરીને લેસ્ટર યુ.કે. સેન્ટ્રલ મસ્જિદ ઈસ્લામિક સેન્ટરમાં મુખ્ય ખતીબો ઈમામ તરીકે સેવા આપતા હતા. આપ *વર્લ્ડ ઈસ્લામિક મિશન (યુ.કે.)*ના પ્રેસિડન્ટ તરીકે રહ્યા. હઝરત અલ્લામા શાહ અહમદ નૂરાની رحمۃ اللہ علیہ સાથે રહીને પણ ઈન્ટર નેશનલ લેવલ પર અહલે સુન્નતની ખૂબ ખિદમતો કરી છે. આપની દીની મિલ્લી ખિદમતોનો ચિતાર લાંબો છે. આપને સરકારે કલાં હઝરત સૈયદ મુખ્તાર અશરફ અશરફી જીલાની رحمۃ اللہ علیہથી ખિલાફત હાંસલ હતી. આપ એક અચ્છા મુકર્રિર હતા. આપના ખિતાબો અહલે સુન્નત અવામના ઈમાન તથા અમલ માટે ખૂબ જ માર્ગદર્શક રહ્યા છે. હઝરત એકવાર દયાદરા પણ તશરીફ લાવેલા ત્યારે નાચીઝથી ટૂંકી મુલાકાત થયેલી જેમાં આપે ખૂબ દુઆઓ પણ આપી હતી. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં આપની મગફેરત ફર્માવે, દરજાતની બુલંદી કરે અને જન્નતમાં આ'લાથી આ'લા મકામ અતા કરે. (આમીન) *તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક*

**★ વલણ** : ખાતે (રફીકભાઈ ક્લાર્ક : હેરા ઈંગ્લિશ સ્કૂલ–આમોદ)ના વાલિદ મર્હૂમ મૂસા અલ્લી રઘુ અંગ્રેજી તા. ૨૮–૮–૨૦૨૨, મુા. ચાંદ, ૨૮–મુહર્રમુલ હરામ હિ.સ. ૧૪૪૪, શનિવારના રોજ ૮૭ વરસની ઉંમરે ઈન્તેકાલ કરી ગયા. **★ કુરચણ** : ખાતે હાફિઝ અબ્દુલ મજીદ (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)ના મોટાભાઈ મૂસા અલી મક્કનનો ૬૫ વરસની વયે બુધવાર તા. ૭–૯–૨૦૨૨ના રોજ ઈન્તેકાલ થયો. **★ દયાદરા** : ખાતે અબ્દુલ મજીદ કીડીવાલાનો તા. ૧૫–૯–૨૦૨૨ના રોજ ઈન્તેકાલ થયો છે. **★ ગોંડલ** : ખાતે અબ્દુલ રઝ્ઝાકભાઈ કરીમભાઈ નાગાણીના પત્ની સાહેબા ઝીનતબેનનો ૬૫ વરસની વયે તા. ૨૩–૭–૨૦૨૨ના રોજ ઈન્તેકાલ થયો. *★ રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ દો સાલા મુબલ્લિગા કોર્સકા આગાઝ ! ★

**તરસાલી** : (આદર્શ નગર–વડોદરા) મદ્રસએ ગુલશને મદીના ખાતે સુન્ની દા'વતે ઈસ્લામી–વડોદરા થકી હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)ની સરપરસ્તીમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના શોએબ રઝા ક઼ાદરી (મોતીપુરાવાળા)ની નિગરાનીમાં તા. ૧૭–૮–૨૦૨૨, બુધવારે અસર બાદ બહેનોની દીની તાલીમો તર્બિયત માટે ''બે વરસના મુબલ્લિગા કોર્સ''ની શરૂઆત મક઼ામી બહેનો માટે કરવામાં આવી છે. જેનો નિસાબ વગેરે તૈયાર કરી દેવામાં આવેલ છે. આલિમા બહેનો થકી પઢાઈ કરાવવામાં આવશે. ઈન્શાઅલ્લાહ ! અલ્લાહ કરીમ તેના હબીબે પાક ﷺના સદક઼ામાં બુઝુર્ગોના વસીલાથી આ કામમાં ખૂબ પ્રગતિ થાય તથા ખૂબ કામયાબી મળે અને સ્ત્રીઓમાં દીની ઈસ્લામી માહોલ સલામત રહે તેવી દુઆ સાથે સંચાલકોને મુબારકબાદ ! *–તંત્રી બરકાતે ખ્વાજા માસિક*

## ★ પારખેતમાં ઈસ્લાહે મુઆશરા કોન્ફ્રન્સ નિમિત્તે સુન્ની ઈજતેમા ★

**પારખેત** : (તા. જિ. ભરૂચ) ખાતે ૧૨–સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૪૪૪, અંગ્રેજી તા. ૯–૯–૨૦૨૨ જુમ્આના રોજ ''સુન્ની યંગ સર્કલ–પારખેત'' થકી ઈશા બાદ ખતીબે ઝીશાન, આલે રસૂલ ઔલાદે ગૌષે આ'ઝમ હઝરત મૌલાના સૈયદ અમીન અલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ પારખેત મસ્જિદ બહાર શાનદાર ઈજતેમામાં અક઼ીદા તથા અમલોની ઈસ્લાહ પર ઈમાન અફરોઝ અસરકારક બયાન કર્યું હતું. મોટી સંખ્યામાં શમ્એ રિસાલતના પરવાનાઓ પારખેત ઉમટી પડયા હતા. સુન્નિયત પર કાયમ રહીને બદઅક઼ીદાઓથી દૂરી અપનાવીને રબની ઈબાદત નમાઝને પાબંદીથી પકડી રાખવા તાક઼ીદ કરી હતી તેમજ સર્વ ઈસ્લામી ક઼ાનૂનો પર ચાલી ઈશ્ક઼ે નબીથી દિલોને સજાવીને સર્વ સહાબા તથા અહલે બયતથી મહોબ્બત સાથે જિંદગીઓને નૂરાની બનાવવા તથા આખેરતમાં નજાત મળે એ રીતે તમામ મો'મિન મર્દ ઔરતોએ જીવન જીવવું જોઈએ. હઝરત હાફિઝો ક઼ારી મકસૂદ અશરફી કાવીવાળા (પેશ ઈમામ દયાદરા જામા મસ્જિદ)એ તિલાવતે કુર્આન પાક બાદ નઅતો મન્ક઼બતના ગુલદસ્તા પેશ કર્યા હતા. ઈજતેમા મૌલાના આરિફ રઝવી (પેશ ઈમામ : જુમ્આ મસ્જિદ પારખેત)ની સદારતમાં યોજાયો, જેમાં નિઝામત મૌલાના શાકિર સાહબ (પેશ ઈમામ : સુન્ની મસ્જિદ–પરીએજ)એ નિભાવી હતી. હઝરત સૈયદ છોટે સાહબ (પારખેત)ની ક઼યાદતમાં મૌલાના અલ્તાફ મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ), મુફતી સાબિર નજમી મિસ્બાહી તથા હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી (દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ) હાફિઝ સરફરાઝ–માંગરોલ, મૌલાના સરફરાઝ સાહબ (પગુથણ), પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક) વગેરેએ હાજરી આપી હતી. મક઼ામી ઉલમા, હુફ્ફાઝ, અઈમ્મા ઉપરાંત ભરૂચ જિલ્લાના અનેક ઉલમા, સાદાત તથા મુબલ્લિગોએ હાજરી આપી હતી. વરસાદી વાતાવરણમાં બયાન શરૂ થયા બાદ લગભગ પચાસ પંચાવન મિનિટ પછી વરસાદ શરૂ થયેલો તેમાં પણ બયાન જારી રહેલું, છેવટે વરસાદમાં જ સલાતો સલામ દુઆ બાદ ઈજતેમા પૂર્ણ થયો હતો.


**મફત કિતાબ મંગાવો**

ગુજરાતીમાં **'બઝમે મીલાદ'** કિતાબ (નઅત તથા મન્ક઼બતોનો સંગ્રહ)

સંપાદક : પીર સૈયદ દાદામિયાં બાપુ–રૂપાલ

રૂા. ૧૦/–ની ટપાલ ટીકીટ મોકલી નીચેના સરનામે પોતાનું પૂરેપૂરુ સરનામુ પીન કોડ નંબર સાથે મોકલવું...

**સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી**

મુ. રૂપાલ, તા. બાવલા, જિ. અમદાવાદ, પિન : ૩૮૨૨૨૦